અમદાવાદ સીટી,સુરેન્દ્રનગર

પાનાં : ૩૦ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૨૨ નવેમ્બર ૨૦૨૬ રવિવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

રસપૂર્તિ

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૧૩ વર્ષ : ૯૪, અંક : ૩૧૫ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

વડાપ્રધાન મોદીને જેના પર ભારોભાર ભરોસો છે તે ચીન અંગે યુએસ કોંગ્રેસમાં મૂકાયેલા રિપોર્ટથી સનસનાટી

ભારતની પ્રગતિ રોકવા જિનપિંગ પાક.ને છાવરે છે

વોશિંગ્ટન,તા.૨૧

યુએસ કોંગ્રેસના રિપોર્ટમાં જણાવાયું છે કે ચીન ભારતની વૃદ્ધિને રોકવા પાક.ને સમર્થન આપી રહ્યુ છે, સરહદ પર દબાણ સર્જી રહ્યુ છે અને મહત્વના ઔદ્યોગિક પુરવઠા પર પ્રતિબંધ મૂકી રહ્યું છે. ચીન વિવાદાસ્પદ સરહદ પર તેની લશ્કરી હાજરીનો દૂરુપયોગ કરતાં ભારત પર દબાણ સર્જી પાક.ને મદદ કરી રહ્યુ છે. ઓપરેશન સિંદૂર દરમિયાન પણ ચીને સીધા યુદ્ધમાં ભાગ ન લઈને પણ પાક.ને સેટેલાઈટની મદદથી ભારતીય લશ્કરી દળોની હિલચાલની માહિતી પૂરી પાડી મદદ કરી હતી.

ઓપરેશન સિંદૂર દરમિયાન ચીને પાક.ને સેટેલાઈટથી ભારતના લક્ષ્યાંકો અંગે માહિતી આપીને મદદ કરી હતી

આના પગલે યુએસ કોંગ્રેસે વોશિંગ્ટન અને નવી દિલ્હી વચ્ચે ઈન્ટેલિજન્સ, મેરીટાઈમ અને મેન્યુફેક્ચરિંગ સહયોગની દિશામાં આગળ વધવું જોઈએ તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. યુએસ-ચાઈના ઈકોનોમિક એન્ડ સિક્યોરિટી રિવ્યુ કમિશનના ૨૦૨૬નો વાર્ષિક અહેવાલ કોંગ્રેસે ૧૮મી નવેમ્બરના રોજ જારી કર્યો હતો. તેમા જણાવાયું હતું કે ભારતની વધતી જતી આર્થિક અને લશ્કરી તાકાતને ચીન તેના માટે જોખમ તરીકે જુએ છે. તેના લીધે ચીન ભારતને ભાવિ પડકાર તરીકે જુએ છે.

આના પ્રત્યાઘાત રૂપે ચીન ભારતને દબાવવા માટે પ્રયત્ન કરે છે, એમ કમિશને જણાવ્યું હતું. તેથી જ ચીન ભારત તેના પર બને તેટલું આર્થિક રીતે અવલંબિત રહે તેના માટે પ્રયત્નશીલ છે. અહેવાલમાં ૨૦૨૫મા ઓપરેશન સિંદૂર દરમિયાન ચીને પાકિસ્તાનને કરેલી મદદ અંગે જણાવાયું હતું. ચીને અહીં તે સુનિશ્ચિત કરવા પ્રયત્ન કર્યો હતો કે યુદ્ધમાં પ્રવેશ્યા વગર દુશ્મનના દુશ્મનને કઈ રીતે મજબૂત કરી શકાય.

આ સંદર્ભમાં તેણે મે ૨૦૨૬માં ચાઈનીઝ સરકારી પ્રસારણકાર ઝાંગહેંગના ઈન્ટરવ્યુને ટાંક્યો હતો. એવિયેશન ઈન્ડસ્ટ્રી કોર્પોરેશન ઓફ ચાઈનાના આ એન્જિનિયરે જણાવ્યું હતું કે ભારત સાથેના

(અનુસંધાન ૧૩મે પાને)

ચીને હજી સુધી ગોપ્રો કેમેરાની માહિતી ભારતને આપી નથી

વોશિંગ્ટન,તા.૨૧

ગયા વર્ષે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં આતંકીઓએ ઘટનાસ્થળની રેકી કરી, વિવિધ પ્રવૃત્તિઓ પર નજર રાખવા અને ત્યાંના સંભવિત રેકોર્ડિંગ માટે જે ગોપ્રો કેમેરાનો ઉપયોગ કર્યો હતો તેના અંગે નેશનલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સી (એનઆઈએ)એ પુરાવા માંગ્યા હતા. હવે આ માંગને વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં પણ હી સુધી પુરુવા આપવામા આવ્યા નથી.

આ બતાવે છે કે ચીન આ મામલે કેટલું ગંભીર છે.

ગયા વર્ષે પહલગામ નરસંહારમાં જવાબદાહ આતંકીઓ પાસેથી અમેરિકામાં બનેલો એક ગોપ્રો કેમેરા જપ્ત થયો હતો. એનઆઈએના ડીજી અગ્રવાલે જણાવ્યું હતું કે અમને હજી સુધી કોઈ જવાબ મળ્યો નથી.

બ્રિટનમાં એઆઈ વિરૂદ્ધ મોરચો



એઆઈને કારણે ક્રિએટિવીટી ખતમ થઈ રહી છે. આ વાક્ય ઘણી વખત સાંભળવા મળ્યું. હવે, ઘણા ક્ષેત્રોમાં તે જોવા પણ મળી રહ્યું છે. ઘણી કંપનીઓએ એઆઈને કારણે પૂરજોશમાં કરેલી છટણીમાં યુટર્ન લેવાનો વારો આવી ગયો છે. જાણીતી ગ્લોબલ એજન્સીના સર્વે અનુસાર, ૩૨ ટકા કંપનીઓમાં એચઆર મેનેજર્સે એ તમામ રોલ-હોદ્દા ફરી એકવાર સ્થાપિત કર્યા જેને એઆઈને કારણે ખતમ કરવામાં આવ્યા હતા. લગભગ ૧૯ ટકા જેટલા છટણી કરાયેલા કર્મચારીઓને પાછા બોલાવવાનો વારો આવ્યો છે. જ્યારે, એઆઈનો ઉપયોગ વધારવા કહેનારી ફેસબુકની પેરેન્ટ કંપની મેટાને ભારે ખર્ચ ઉઠાવવો પડ્યો હતો. એક સમયે એઆઈનો ઉપયોગ ટાળતા મેટાના કર્મચારીઓએ એઆઈ ટોક્નસનો કચ્ચરઘાણ કાઢ્યો હતો. રિપોર્ટ મુજબ, તેમણે એક જ મહિનામાં ૭૩.૩ ટ્રિલિયન એઆઈ ટોક્નસ યુઝ કર્યા હતા. તેમના ટોકન યુઝ પ્રમાણે કંપનીનો ખર્ચ કાઢવામાં આવે તો વર્ષનો ૨.૬૫ બિલિયન ડોલર થાય. જે તેમણે છટણી કરેલા કર્મચારીઓના અનેક વર્ષના પગાર જેટલો થાય. એઆઈનો ઉપયોગ ખર્ચ બચાવવા માટે શરૂ કરવામાં આવ્યો. અને તેના કારણે જ અનેકગણો ખર્ચ એક પ્રકારની શરૂઆત છે. એવું નથી કે, એઆઈનો ઉપયોગ ન કરવો. તેના વિશે જાણવું, સમજવું. અને તેનો ઉપયોગ સભાનતાથી કરવો. તાજેતરમાં એક કિસ્સો સામે આવ્યો જેમાં, એક વ્યક્તિએ પત્ની પાસે ડિવોર્સ માંગ્યા કારણ કે, એઆઈએ કીધું. જો માણસ સાબુ - સામાન્ય બુદ્ધિ વાપરવાની જગ્યાએ એઆઈ વાપરવા લાગશે તો માનવજાતનું પતન થશે. બસ, આ વાતને લઈને લંડનમાં વિરોધ પ્રદર્શન યોજાયા. મોટી સંખ્યામાં લોકોએ એકત્ર થઈને કહ્યું કે, એઆઈનો ઉપયોગ માણસની ક્રિએટિવીટી તો ઠીક માણસાઈને ખતમ કરી નાખશે.

ભારતને ડેડ ઈકોનોમી કહેનારા ટ્રમ્પનો મિડ ટર્મ ચૂંટણીમાં પરાજય બાદ સૂર બદલાયો

ભારતના ૭ ટકાના વૃદ્ધિદરમાંથી ફેડ રિઝર્વ કંઈક શીખે : ટ્રમ્પની સલાહ

વોશિંગ્ટન, તા.૨૧

અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણીમાં પરાજય અને ચીનના શેનઝેનમાં જિનપિંગ અને પુતિન સાથેની ત્રિપક્ષીય બેઠક બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સૂર બદલાયા છે. ગયા વર્ષે ભારતને 'ડેડ અર્થતંત્ર' કહેનારા ટ્રમ્પનું હવે ભારત તરફનું આક્રમક વલણ ગાયબ થઈ રહ્યું છે. ભારતના અર્થતંત્રની પ્રશંસા કરતા ટ્રમ્પે અમેરિકન ફેડરલ રિઝર્વની આકરી ઝાટકણી કાઢી હતી. ટ્રમ્પે ફેડરલ રિઝર્વને સલાહ આપી કે ભારતના સાત ટકાના વૃદ્ધિદરમાંથી કંઈક શિખે અને વ્યાજદર નીચા રાખે. ભારતીય રિઝર્વ બેન્કે વ્યાજદર નીચા રાખવાના કારણે દેશનો વૃદ્ધિદર ઊંચો છે. ફેડરલ રિઝર્વ પણ વ્યાજદર નીચા રાખે તો અમેરિકાનો વૃદ્ધિદર ૧૫થી ૨૦ ટકા હોત.

રાજકીય સંસ્થાની જેમ કામ કરતી ફેડરલ રિઝર્વ વ્યાજદર ઊંચા રાખી અમેરિકાનો આર્થિક વિકાસ અવરોધે છે : ટ્રમ્પનો આક્ષેપ

અમેરિકન ફેડરલ રિઝર્વ આગામી મહિને તેની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી વ્યાપક સંભાવનાઓના પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે સોના-ચાંદી અને વૈશ્વિક શેરબજારોમાં કડાકો બોલાયાના બીજા જ દિવસે પ્રમુખ ટ્રમ્પે અમેરિકન સેન્ટ્રલ બેન્ક ફેડરલ રિઝર્વ પર દેશના અર્થતંત્રના વિકાસમાં અવરોધો ઊભા કરવાનો આક્ષેપ કર્યો હતો. ટ્રમ્પે કહ્યું કે, મજબૂત આર્થિક આંકડા છતાં વ્યાજદર ઊંચા રાખવા યોગ્ય નથી. ફેડરલ રિઝર્વ એક રાજકીય સંસ્થાની જેમ કામ કરે છે તેથી વ્યાજદર ઘણા ઊંચા છે.

ભારતની જેમ અમેરિકામાં વ્યાજદર નીચા હોય તો આર્થિક વિકાસદર ૨૦ ટકા જેટલો ઊંચો રહે : ટ્રમ્પ

વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પે કહ્યું કે, ભારતમાં વ્યાજદર ઓછા છે અને અર્થતંત્ર સાત ટકાના દરે વિકાસ કરી રહ્યું છે. અમેરિકામાં પણ વ્યાજદર ઓછા હોય તો આર્થિક વૃદ્ધિની ગતિ ઘણી વધુ હોઈ શકે છે. આપણો જીડીપી ૧૪ ટકા, ૧૫ ટકા અને કદાચ ૨૦ ટકા પણ હોઈ

(અનુસંધાન ૧૩મે પાને)

અલ નીનોની અસરથી ખેતી અને જનજીવન પર ગંભીર અસર

મહારાષ્ટ્રમાં ૧૯૭૨નાં દુષ્કાળ કરતાં પણ ૨૦૨૬નું સંકટ વધુ ભીષણ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.૨૧

મહારાષ્ટ્રમાં આ વર્ષે અલ નીનોની અસરને કારણે સર્જાયેલું દુષ્કાળનું સંકટ ૧૯૭૨ના ભીષણ દુષ્કાળ કરતાં પણ વધુ ગંભીર બન્યું હોવાના સંકેતો મળી રહ્યા છે. રાજ્યમાં વરસાદની ભારે અછતને કારણે રવી પાકોના વાવેતરમાં ઐતિહાસિક ઘટાડો નોંધાયો છે. કૃષિ વિભાગના આંકડા અનુસાર, અત્યાર સુધીમાં રાજ્યમાં માત્ર ૭૮.૭૪ લાખ હેક્ટર વિસ્તારમાં રવી પાકોનું વાવેતર થયું છે, જે છેલ્લા ૫૪ વર્ષમાં સૌથી નીચું સ્તર છે. તેની સરખામણીમાં ૧૯૭૨-૭૩માં ૪૭.૨૯ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું હતું. આ સ્થિતિએ ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. સામાન્ય રીતે મહારાષ્ટ્રમાં રવી

(અનુસંધાન ૧૩મે પાને)

યુવાનોમાં સરકાર પ્રત્યે ભારે રોષ : સૌરવ દાસ

હિસાબ કિતાબનો દિવસ નજીક છે કેન્દ્ર સરકારને સીજેપીની ચેતવણી

નવી દિલ્હી, તા. ૨૧

કોકરોચ જનતા પાર્ટીના સહ-સંયોજક સૌરવ દાસે શનિવારે મોદી સરકાર પર તપાસ એજન્સીઓના દુરુપયોગનો આરોપ લગાવ્યો હતો. સાથે જ ચેતવણી આપતા કહ્યું હતું કે હિસાબ-કિતાબ કરવાનો દિવસ બહુ જ ઝડપથી નજીક આવી રહ્યો છે.

વિપક્ષ શાસિત રાજ્યોમાં ચૂંટણી પહેલા એજન્સીઓના દરોડાની સ્ક્રિપ્ટ જૂની થઈ ગઈ : સીજેપી નેતા

સોશિયલ મીડિયા એક્સ પર સૌરવ દાસે એક પોસ્ટ કરી હતી જેમાં કહ્યું હતું કે વડાપ્રધાન મોદી અને તેમની સરકાર નિષ્પક્ષ અને ભેદભાવ વગરની ચૂંટણીઓ રોકવા માટે તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. દરેક ચૂંટણી પહેલા વિપક્ષ શાસિત રાજ્યમાં આ જ સ્ક્રિપ્ટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સરકારે સમજવું જોઈએ કે યુવા પેઢી સત્તાના દુરુપયોગને નફરત કરે છે. અને આ સ્ક્રિપ્ટ હવે કામ નહીં કરે. સરકારનો હિસાબ કિતાબનો દિવસ બહુ જ ઝડપથી આવી રહ્યો છે. સીજેપી નેતાએ વધુમાં

(અનુસંધાન ૧૩મે પાને)

દિલ્હીની વાત


રાહુલ ગાંધીએ સેમ પિત્રોડાને ચંગેઝ ખાનની વાતો સંભળાવી

નવીદિલ્હી, તા. ૨૧

ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સેમ પિત્રોડાએ થોડા દિવસો પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા હતા. આ કારણે ઓવરસીઝ કોંગ્રેસમાં એમનો વિરોધ પણ થયો હતો, પરંતુ રાહુલ ગાંધીના અમેરિકા પ્રવાસ દરમિયાન પિત્રોડાએ એમના તમામ કાર્યક્રમો મેનેજ કર્યા હતા અને રાહુલ ગાંધીના ખુબ વખાણ પણ કર્યા હતા. પિત્રોડાએ રાહુલ ગાંધીના પ્રવાસ દરમિયાન એમની કેટલીક અણકહી વાતો કહી હતી. એમના કહેવા પ્રમાણે

(અનુસંધાન ૧૩મે પાને)

બેધડક -મંજુલ



હા, મુખ્યમંત્રીએ તેનું ઉદ્ઘાટન કરેલું, ૧૮ મહિના સુધી પુલ અડીખમ રહ્યો એટલે હવે વડાપ્રધાને પણ રિબિન કાપવાનું નક્કી કર્યું છે !

ટેલર સ્વિફ્ટને ઈન્ટરનેશનલ આર્ટિસ્ટ ઓફ ધી યરનો ખિતાબ

દાદાસાહેબ ફાળકે આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્સમાં વૈશ્વિક પ્રતિભાઓનું પણ સન્માન

નવી દિલ્હી, તા.૨૧

દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (ડીપીઆઈએફએફ)એ ૨૦૨૬ના વિજેતાઓની જાહેરાત કરી છે. આ વખતે ભારતીય ફિલ્મો, સંગીત, ટેલીવીઝન અને ઓટીટી ક્ષેત્રની સાથે આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓને પણ સન્માનિત કરવામાં આવી છે. અમેરિકન પોપ સિંગર ટેલર સ્વિફ્ટને ઈન્ટરનેશનલ આર્ટિસ્ટ ઓફ ધી યર એવોર્ડ આપવામાં આવ્યો છે. સંગીત, ગીતલેખન અને લાઈવ મનોરંજન ક્ષેત્રે તેના વૈશ્વિક યોગદાનની વિશેષ નોંધ લેવામાં આવી છે.

ધુરંધર,સૈયારા અને કાંતારાએ અનેક એવોર્ડ્સ જીત્યા, કોમેડિયન સમય રૈના અને આર્યન ખાન પણ સન્માનિત

ભારતીય સિનેમા કેટગરીમાં ફિલ્મ 'ધુરંધર'એ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું છે. તેને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો છે, જ્યારે રણવીર સિંહને બેસ્ટ એક્ટર અને આદિત્ય ધરને બેસ્ટ ડાયરેક્ટર તરીકે સન્માનિત કરાયા છે. 'સૈયારા' માટે અનીત પડ્ડાને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો છે. 'કાંતારા ચેપ્ટર ૧'ને ક્રિટિક્સ બેસ્ટ ફિલ્મ અને ઋષભ શેટ્ટીને શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો છે.



સંગીત અને મનોરંજન ક્ષેત્રે કરણ ઔજલાને આર્ટિસ્ટ ઓફ ધી યર, જ્યારે સૈયારાના ટાઈટલ ટ્રેકને સોંગ ઓફ ધી યરનો એવોર્ડ મળ્યો છે. શાશ્વત સચદેવ શ્રેષ્ઠ સંગીતકાર અને ફહીમ અબ્દુલ્લા શ્રેષ્ઠ પ્લેબેક સિંગર બન્યા છે. ઓટીટી ક્ષેત્રે ધી બેડ્સ ઓફ બોલીવડ શ્રેષ્ઠ વેબ સીરીઝ જાહેર કરાઈ અને આર્યન ખાનને શ્રેષ્ઠ વેબ સીરીઝ ડાયરેક્ટર તેમજ સમય રૈનાને કોમેડિયન ઓફ ધી યરનો ખિતાબ મળ્યો છે.

આંતરરાષ્ટ્રીય કેટગરીમાં માઈકલ બી. જોર્ડન, જેસી બકલી અને પોલ થોમસ એન્ડરસનને પણ સન્માન મળ્યું છે. 'અવતાર:ફાયર એન્ડ એશ' શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફિલ્મ બની છે. વિશેષ યોગદાન બદલ કમાલ હસન, ઈલિયા રાજા અને જેમ્સ કેમેરોનને સન્માનિત કરાયા છે. ટેલર સ્વિફ્ટના નામની જાહેરાત પછી ભારતીય ચાહકોમાં આશ્ચર્ય અને ચર્ચા જોવા મળી હતી. કેટલાક લોકોએ એવોર્ડની જાહેરાતની અધિકૃતતા બાબતે શંકા વ્યક્ત કરી હતી.



ગુજરાતમાં ભરાતા અનેક લોકમેળાઓમાં એક મહત્વનો મેળો વૌઠાનો મેળો છે. સપ્તસંગમ સ્થળે સાબરમતી અને વાત્રક નદીઓ ઉપરાંત હાથમતી, ખારી, મેશ્વો, માઝમ અને શેઢી નદીઓ મળીને પહોંચતી હોવાથી સંગમ સ્થાને સ્નાનનું વિશેષ ધાર્મિક મહત્વ છે. કારતક સુદ અગીયારસથી કારતક સુદ પુનમ (દેવ દિવાળી) સુધી ચાલતા વૌઠાના મેળામાં લોકો ખરીદી કરી શકે તે માટે અનેક નાની-મોટી હાટડી તેમજ આનંદ અને મનોરંજન માટે મદારી, જાદુગર, નટ, ભવૈયા તેમજ સર્કસ, ચકડોળ વગેરે મનોરંજનના સાધનો હોય છે. સંગમ સ્થળે નદી કિનારે અસંખ્ય તંબુ બાંધી ગામવાસીઓ પરિવાર અને જરૂરી ઘરવખરી સાથે અહિં પાંચ દિવસ રોકાણ કરી ધન્યતા અનુભવતા હોય છે. (તસવીર- સુરેશ મિસ્ત્રી)

ધારાસભ્યએ સંકલન બેઠકમાં અધિકારીઓનું ધ્યાન દોર્યું

અમદાવાદમાં જોડાણ કર્યા વગર જ અઢી કિમી સ્ટોર્મવોટર લાઈન નાંખી દેવાઈ

અમદાવાદ, શનિવાર

અમદાવાદમાં મ્યુનિ. દ્વારા કામમાં કેટલી હદે બેદરકારી દાખવવામાં આવે છે, તેની આજે ધારાસભ્ય, સાસંદ અને મ્યુનિ. કમિશનરની સંકલન બેઠકમાં પોલ ખુલી હતી. પશ્ચિમના વિવિધ વિસ્તારોમાં રૂ.૧૪૦ કરોડના ખર્ચે પાંચ કિમીની સ્ટોર્મવોટર લાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું છે. જેમાં અઢી કિમી લાઈન તો જોડાણ કર્યા વગર જ નાંખી દેવાઈ હોવાનું સામે આવતા એલિસ બ્રિજના ધારાસભ્યએ અધિકારીઓને ટકોર કરવી પડી હતી.

ઈડબ્લ્યુએસ આવાસની ફાળવણીમાં ગોલમાલ, અશાંત ધારાના નિયમનું પાલન થતું નથી : જમાલપુરના ધારાસભ્યનો આક્ષેપ

અમદાવાદ મ્યુનિ. કમિશનર, સાંસદ અને ધારાસભ્યોની આજે સંકલન બેઠક મળી હતી. જેમાં સ્ટોર્મવોટર લાઈનનો મુદ્દો ચર્ચામાં રહ્યા હતો. પશ્ચિમમાં વરસાદી પાણીના નિકાલ માટે માણેકબાગ ક્રોસરોડથી અંજલી ક્રોસરોડ અને ત્યાંથી વાસણા બેરેજ સુધી કુલ પાંચ કિલોમીટરમાં રૂ. ૧૪૦ કરોડના ખર્ચે ૧૮૦૦ એમએમ ડાયમીટરની લાઈન નંખાઈ રહી છે. જેમાં વાસણા, પાલડી સહિતના વિસ્તારોમાં અઢી કિમી લાઈન જોડાણ કર્યા વગર જ નાંખી દેવાઈ છે! આ મામલે ખુદ એલિસ બ્રિજના ધારાસભ્ય અમિત શાહે મ્યુનિ.નું ધ્યાન દોર્યું હતું. આગામી દિવસોમાં જોડાણ માટે ફરી અલગથી પૈસા ખર્ચવા કરતા એક સાથે જોડાણ કરવા તેમને સૂચના આપી હતી. તેમજ હઠીસિંગ દેરાસર ધાર્મિક સ્થળ હોવા છતાં તેની ખોટી રીતે મ્યુઝિયમ તરીકે આકારણી કરી વેરો વસૂલવા મુદ્દે સવાલ ઉઠાવ્યો હતો. ઉપરાંત પીરાણામાં કચરાના ઢગલાં પરથી લાશ મળી આવતા આ અંગે તપાસ કરી પગલાં લેવા સૂચના આપી હતી. બીજી બાજુ જમાલપુરના ધારાસભ્ય દ્વારા ઈડબ્લ્યુએસ આવાસની ફાળવણીમાં અશાંત ધારાનું પાલન ન કરાતું હોવાનો આક્ષેપ કરાયો હતો. ઈડબ્લ્યુએસ -૭૬માં ૨૧૬૦ આવાસોમાંથી ફક્ત ૧૦ લઘુમતીને અપાયા હોવાના આક્ષેપ સાથે લઘુમતી વિસ્તારમાં પણ તેમને કેમ આવાસ ફાળવાતા નથી? ઓનલાઈન ડ્રોમાં શું ચેડાં કરાય છે? તેની સ્પષ્ટતા માંગી હતી.

ધારાસભ્યએ મેયરને બેઠકમાં હાજર રાખવા માંગ કરી છતાં ગેરહાજર!

વીસેક દિવસ પહેલાં એલિસ બ્રિજના ધારાસભ્ય દ્વારા પત્ર લખી મ્યુનિ. કમિશનર સાથે મેયર પણ આગામી સંકલન બેઠકમાં હાજર રહે તેવી રજૂઆત કરાઈ હતી. તેમ છતાં આજે મળેલી બેઠકમાં મેયર ગેરહાજર રહ્યા હતા.

જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યોની માગ

સરકારી જમીનો પરથી દબાણો હટાવવા ડ્રોન સર્વેલન્સની વ્યવસ્થા ઊભી કરો

અમદાવાદ,શનિવાર

કલેક્ટરના તાબા હેઠળની સરકારી જમીનો પર થયેલા દબાણો જલ્દી દૂર કરવામાં આવે. ખાસ કરીને મકરબા રોઝાની બાજુમાં આવેલી સરકારી જગ્યા પરનાં દબાણો દૂર કરવાની તત્કાળ જરુરિયાત છે જેથી સરકારી જમીનો દબાણમુક્ત થઈ શકે.અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મળેલી જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્ય અમિત ઠાકરે આ રજૂઆત કરી હતી.

હાઈવે ટચ જમીનો કંપનીઓને વેચાતા પાછળની તરફની જમીનોના રસ્તા બંધ થવાનો મુદ્દો ચર્ચાયો

પ્રોપર્ટી કાર્ડ મેળવવાની પ્રક્રિયામાં નાગરિકોને પડતી મુશ્કેલીઓ અંગે ધારાસભ્ય અમિત શાહે જણાવ્યું કે, પ્રોપર્ટી કાર્ડની પ્રક્રિયામાં ત્રીજા દસ્તાવેજ માટે અલગથી મંજૂરી લેવી પડતી હોવાથી નાગરિકોને હેરાનગતિ થાય છે. આ પ્રક્રિયા સરળ બનાવવા મિલકતના સૌથી છેલ્લા દસ્તાવેજની નકલને જ માન્ય રાખવામાં આવે તેવી તેમણે માગ કરી હતી. આ સાથે સરકારી જમીનો પરનાં દબાણો ઓળખવા અને દૂર કરવા ડ્રોન સર્વેલન્સની વ્યવસ્થા ઉભી કરવાની પણ તેમણે માગ કરી હતી.

આ બેઠકમાં ધોળકાના ધારાસભ્ય કિરીટસિંહ ડાભીએ હાઈવે આસપાસ કંપનીઓ દ્વારા ખરીદવામાં આવતી જમીનના કારણે પાછળની જમીન ધરાવતા ખેડુતોને પડતી મુશ્કેલીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, હાઈવે ટચ જમીનો કંપનીઓને વેચાણ થયા બાદ પાછળની તરફની જમીન ધરાવતા ખેડુતોને પોતાના ખેતક સુધી પહોંચવા માટે રસ્તા મળતા નથી. કંપનીઓ જમીન ખરીદ્યા બાદ પાછળની તરફ જમીન ધરાવતા ખેડુતો માટે રસ્તાનું પ્રાવધાન રાખતી ન હોવાથી અનેક ખેડુતોને અવર જવરમાં મુશ્કેલી પડે છે.

હિમિલી પેક અને છૂટકમાં ફ્રોઝન ડેઝર્ટનું વધુ વેચાણ

અમદાવાદમાં આઈસક્રીમના ૪૦થી વધુ સેમ્પલ લેવાયા, સપ્તાહમાં રિપોર્ટ

અમદાવાદ, શનિવાર

ગુજરાતમાં આઈસક્રીમના નામે ફ્રોઝન ડેઝર્ટનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. લોકોને આ બાબતે જાગૃત કરવા માટે સરકાર દ્વારા ઓપરેશન હેલ્થ શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા શહેરના વિવિધ સ્ટોર પરથી આઈસક્રીમના ૪૦થી વધુ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેનો રિપોર્ટ એકાદ સપ્તાહમાં આવી જશે.

શહેરમાં ફક્ત આઈસક્રીમનું જ વેચાણ કરતા હોય તેવા નાના-મોટા ૫૦૦થી વધુ સ્ટોર, લારીઓની ભરમાર

અમદાવાદ શહેરમાં આઈસક્રીમના વેચાણ અંગે મ્યુનિ.ના ફૂડ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ફક્ત આઈસક્રીમનું જ વેચાણ કરતા હોય તેવા નામી-અનામી કંપનીઓના ૪૫૦થી ૫૦૦ જેટલા નાના-મોટા સ્ટોર છે. આ સિવાય અનેક લારીઓ પરથી અને કરિયાણાની દુકાનોમાં પણ આઈસક્રીમનું વેચાણ થાય છે. તેની સંખ્યા ચાર-પાંચ હજાર સુધીની હોઈ શકે છે. ખાસ કરીને ફેમિલી પેક અને છૂટકમાં ફ્રોઝન ડેઝર્ટના વેચાણનું પ્રમાણ વધારે હોય છે. કેટલીક કંપનીઓ સ્પષ્ટતા કરીને ફ્રોઝન ડેઝર્ટ વેચે છે. અમદાવાદમાં અમુક મોટી કંપનીઓ દ્વારા પોતાના આઉટલેટમાં સ્પષ્ટતા કરતા બોર્ડ-બેનર લગાવી દીધા છે. શહેરમાં આઈસક્રીમના નામે જ વેચાણ કરાતું હોય તેવા સ્થળોએથી હાલ નમૂના લેવાયા છે. રિપોર્ટમાં આઈસક્રીમની જગ્યાએ ફ્રોઝન ડેઝર્ટ હોવાનું સામે આવશે તો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ પગલાં લેવામાં આવશે.

ફ્રોઝન ડેઝર્ટનું વેચાણ કાયદેસર છે, પણ લોકોને જાણ હોવી જોઈએ

મ્યુનિ.ના ફૂડ સેફ્ટી વિભાગના વડા ડો. તેજસ શાહ જણાવે છે કે, ફ્રોઝન ડેઝર્ટનું વેચાણ ગેરકાયદેસર નથી. પરંતુ તે અંગે લોકોને જાણ હોવી જોઈએ. વિક્રેતાએ પોતે તેઓ આઈસક્રીમ વેચે છે કે ફ્રોઝન ડેઝર્ટ? તેની જાણ લોકોને કરવાની હોય છે. આઈસક્રીમના નામે ફ્રોઝન ડેઝર્ટનું વેચાણ થાય, એ બાબત નિયમ ભંગ છે.

કોન્ટ્રાક્ટરોના લાભાર્થે તંત્ર પોતાનું દેવું વધારશે

AMTSની માલિકીની એક પણ ઈ-બસ નથી, છતાં ૩૦ કરોડમાં છ ચાર્જિંગ સ્ટેશન બનાવશે

અમદાવાદ, શનિવાર

અમદાવાદની જીવાદોરી સમાન એએમટીએસ બસના ખાડે ગયેલા વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. એએમટીએસ તંત્ર પર પાંચ હજાર કરોડનું દેવું હોવા છતાં તેને ઘટાડવાને બદલે દેવું કેમ વધે તેવા આયોજનો કરાઈ રહ્યા છે. પોતાની બસ ખરીદવા માટે પૈસા નથી એટલે ખાનગી ઓપરેટરને તોતિંગ રકમ ચૂકવી બસનું સંચાલન સોંપ્યું છે. ત્યારે પૈસા ચૂકવ્યા બાદ હવે મ્યુનિ. પોતના ખર્ચે ચાર્જિંગ સ્ટેશન તૈયાર કરી ખાનગી ઓપરેટરોની બસ સસ્તા દરે ચાર્જ પણ કરી આપશે!

બજાર ભાવ રૂ.૧૮થી ૨૨ પ્રતિ યુનિટ, પણ મ્યુનિ. તંત્ર ખાનગી ઓપેટરોને ફક્ત ૮ રૂપિયાના ભાવે બસ ચાર્જ કરી આપશે

એએમટીએસ તંત્ર દ્વારા લાલ દરવાજા, પાલડી, વાસણા, વાડજ, સારંગપુર, આશ્રમ રોડ સહિત છ સ્થળે રૂ. ૩૦ કરોડના ખર્ચે ચાર્જિંગ સ્ટેશન બનાવવાનું આયોજન કરાયું છે. જેમાં સૌથી પહેલાં લાલ દરવાજા ખાતે ચાર્જિંગ સ્ટેશન બનાવવા પ્રાચી એન્ડ કંપનીને રૂ. ૪.૮૭ કરોડના ખર્ચે કામગીરી સોંપાશે. નોંધનીય બાબત એ છે કે, એએમટીએસ તંત્ર પાસે પોતાની માલિકીની એક પણ ઈલેક્ટ્રિક બસ નથી. હાલ કાર્યરત ૧૦૦ જેટલી ઈ-બસ અને ભવિષ્યમાં આવનાર ૩૦૦ બસ ખાનગી ઓપરેટર દ્વારા જ સંચાલન કરાશે. તેના માટે મ્યુનિ. કિલોમીટર દીઠ ઓપરેટરને રૂ. ૯૧થી ૯૪ જેટલો તગડો ભાવ ચૂકવે છે. આટલું ઓછું હતું, ત્યાં મ્યુનિ. પોતાના ખર્ચે ખાનગી ઓપરેટરોની બસ માટે ચાર્જિંગ સ્ટેશન પણ બનાવી આપશે. અધૂરામાં પૂરું, તેમને ફક્ત રૂ. ૮ પ્રતિ યુનિટના ભાવે બસ ચાર્જ કરી આપશે.

આજે ૧૮૨ બેઠકો પર સ્નેહમિલનના નામે ડખા ડામવા પ્રયાસ

ગુજરાતમાં ૧૬૨ ધારાસભ્યો સાથે બહુમતી છતાં ભાજપ બેબાકળું બન્યું

અમદાવાદ,શુક્રવાર

૧૬૨ ધારાસભ્યોની સંપૂર્ણ બહુમતી હોવા છતાં પણ ગુજરાતની વર્તમાન સામાજિક અને રાજકીય સમીકરણોને જોતાં ભાજપ જાણે બેબાકળું બન્યુ છે. વિધાનસભાની ચૂંટણીને જોતાં અત્યારથી જ ડેમેજ કંટ્રોલ અને સંગઠન મજબૂત કરવાની કવાયત તેજ કરી દીધી છે. આવતીકાલે ૨૨ નવેમ્બરના રોજ એક જ દિવસે રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર 'દિવાળી સ્નેહમિલન' કાર્યક્રમોનું આયોજન કરીને ભાજપ શક્તિ પ્રદર્શન કરશે. સાથે સાથે જૂના જોગીઓને ફરી સક્રિય કરશે. એટલુ જ નહીં, સ્નેહમિલનના જોરે આંતરિક જૂથવાદ ડામવાનો પણ પ્રયાસ કરાયો છે.

પેજપ્રમુખ-નેતાઓને હાજર રહેવા આદેશ, સંગઠન નબળું પડતાં VHPનો સહારો, મોદીની મુલાકાત બાદ ભાજપ દોડતું થયું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાટનગર મુલાકાત બાદ ભાજપ પ્રદેશ સંગઠનમાં હલચલ વધી છે. સ્નેહમિલનના બહાને વધીથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂના અને નિષ્ક્રિય નેતાઓને માનપાન આપી ફરી મેદાનમાં ઉતારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પ્રદેશ કાર્યાલય 'કમલમ' તરફથી તમામ ધારાસભ્યો, હોદેદારો અને છેક 'પેજ સમિતિ'ના પ્રમુખો સુધીના કાર્યકરોને ફરજિયાત હાજર રહેવા સૂચના અપાઈ છે. આ કાર્યક્રમ દ્વારા પક્ષ એક તરફ શક્તિપ્રદર્શન કરશે, તો બીજી તરફ સ્થાનિક સ્તરે ચાલતી આંતરિક ખેંચતાણ ભૂલીને એક થવાનો સંદેશ આપશે.

ગુજરાતમાં વિપક્ષ તરીકે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી તો પોતાના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે તેમ છતાંય હોવા ભાજપ હાઈકમાન્ડ રાજ્યની સ્થિતિ પર સીધી નજર રાખી રહ્યું છે. તેનું કારણ એછેકે, વિપક્ષ કરતાં ભાજપને પોતાના પક્ષમાં ખદબદતાં આંતરિક જૂથવાદથી વધુ ડર લાગી રહ્યો છે.

આ ઉપરાંત એક તરફ પાણીની અછત અને પાક નુકસાનીના મુદ્દે ખેડૂતોમાં નારાજગી છે, તો બીજી તરફ આંગણવાડી બહેનોથી લઈને વિવિધ સરકારી કર્મચારીઓના આંદોલનોએ સરકારની ચિંતા વધારી છે. મોંઘવારી, બેરોજગારી અને કાયદો-વ્યવસ્થાના પ્રશ્નો વચ્ચે આદિવાસી વિસ્તારોમાં સરકાર સામે ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો છે. આ બધુ જ સરકાર માટે પડકાર બન્યુ છે. આ જોતાં ખુદ મુખ્યમંત્રી અને મંત્રીઓ આદિવાસી ગામડાઓ ખુંદવા મજબૂર બન્યાં છે.

આગામી ચૂંટણીઓમાં યુવા મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવવાના હોવાથી, યુવા મતદારો પક્ષથી વિમુખ ન થાય તે માટે ભાજપ યુવા મોરચાના પ્રમુખો અને કાર્યકરોને સૂચના અપાઈ છે. ભગિની સંસ્થા વિશ્વ હિન્દુ પરિષદ પણ ૨૨ નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી સમગ્ર ગુજરાતમાં 'હિતચિંતક અભિયાન' શરૂ કરી રહી છે. રાજકીય વિશ્લેષકોના મતે, જ્યાં ભાજપ સંગઠન નબળું પડ્યું છે ત્યાં હિન્દુત્વનો જુવાળ ફરી જગાવવા વીએચપી મેદાને ઉતરશે.

ટૂંકમાં, ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને હજુ વાર હોવા છતાં, ભાજપ અને સંઘ પરિવારની આ સક્રિયતા દર્શાવે છે કે સત્તાધારી પક્ષ કોઈપણ પ્રકારનું જોખમ લેવાના મૂડમાં નથી.

સત્તાના શિખરે છતાં સરકાર-પક્ષને એન્ટી ઈન્કમબન્સીનો ડર આંતરિક ડખા વધતાં ખુદ હાઈકમાન્ડે ગુજરાત પર નજર રાખી

ચૂંટણી આયોગની જાહેરાતથી રાજકારણ ગરમાયું

ગામડામાં ચૂંટણીનો મહાસંગ્રામ હવે 'સરપંચ'ની ખુરશીનો જંગ

અમદાવાદ,શનિવાર

ગુજરાતમાં આગામી દિવસોમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓને હલચલ તેજ બની છે. રાજ્ય ચૂંટણી આયોગે દ્વારા રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય, વિભાજન, મધ્યસત્ર અને પેટા ચૂંટણીઓ યોજવાની પૂર્વતૈયારીના ભાગરૂપે મતદાર યાદી જાહેર કરવા નક્કી કર્યું છે. આગામી ૨૭ નવેમ્બરના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરાશે. ચૂંટણી આયોગની જાહેરાતને પગલે ગ્રામ્ય રાજકારણ ગરમાયુ છે.

૨૭મી નવેમ્બરે આખરી મતદાર યાદી જાહેર થશે ગામડાઓ પર રાજકીય પ્રભુત્વ જમાવવા તૈયારીઓ

રાજ્ય ચૂંટણી આયોગના મતે, ગ્રામ પંચાયતોની આ મતદારયાદી તૈયાર કરવા માટે ગુજરાત વિધાનસભાની મતદારયાદીને પાયા તરીકે લેવામાં આવી છે. જેમાં ૧ જાન્યુઆરી ૨૦૨૬, ૦૧ એપ્રિલ ૨૦૨૬, ૧ જુલાઈ ૨૦૨૬ અને ૧ ઓક્ટોબર ૨૦૨૬ની લાયકાતની તારીખની સ્થિતિએ પ્રસિદ્ધ થયેલી તેમજ વિધાનસભાની સતત સુધારણા પ્રક્રિયા દરમિયાન અપડેટ થયેલી મતદારયાદીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્ય ચૂંટણી આયોગે મતદારયાદીની પ્રક્રિયા પૂર્ણ કરવા સમયમર્યાદા નક્કી કરી છે. ૧૭મી નવેમ્બરે વોર્ડવાર મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરી દેવામાં આવી છે. મતદારયાદીમાં નામ દાખલ કરવા, કમી કરવા કે વિગતોમાં સુધારા અંગે દાવા કે વાંધા અરજીઓ રજૂ કરવા માટે ૨૩ નવેમ્બર છેલ્લી તારીખ છે. ૨૫ નવેમ્બર સુધી દાવા-વાંધા અરજીઓની ચકાસણી કરી આખરી નિર્ણય લેવામાં આવશે. જ્યારે ૨૭મી નવેમ્બરે તમામ સુધારા-વધારા બાદ વોર્ડવાર આખરી મતદારયાદી જાહેર કરવામાં આવશે. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં એક-એક મત હાર-જીત નક્કી કરતો હોય છે, ત્યારે હાલમાં ચાલી રહેલો દાવા-વાંધાનો તબક્કો અત્યંત મહત્વનો બની રહે છે. પ્રાથમિક યાદી પ્રસિદ્ધ થઈ ચૂકી હોવાથી, જે નાગરિકોના નામ બાકી રહી ગયા હોય કે વોર્ડ ફેરબદલ થયો હોય તેમની પાસે ૨૩ નવેમ્બર સુધીમાં અરજી કરવાની અંતિમ તક છે. ૨૭ નવેમ્બરે આખરી મતદારયાદી પ્રસિદ્ધ થવાની સાથે જ ગામડાઓમાં સરપંચ અને સભ્યપદ બનવા અત્યારથી જ દાવેદારોએ રાજકીય વાઘા સજાવી લીધા છે. આગામી ટૂંક જ સમયમાંથી ફરી એકવાર ગુજરાતમાં પંચાયતની ચૂંટણીનો માહોલ બરાબરનો જામશે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, "આશીષ બિલ્ડર્સ" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના ભાગીદારો, (૧) શ્રી રાજેશ બાલકિસન પોદ્દાર, તથા (૨) શ્રી વિમલ ટોરમલ પોદ્દાર, ઠેકાણુ-૧૧, પાર્વતીનગર, ટી પોદ્દાર હાઉસ, કોઠારી ઓટોમોબાઈલ્સની બાજુમાં, ધનંજય ટાવરની સામે, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫ નાએ જીલ્લા અમદાવાદના તાલુકા વેજલપુરના ગામ મોજે મકરબાના (૧) સર્વે નંબર- ૫૭ ની ૯૦૦૪ ચોરસમીટર, તથા (૨) સર્વે નંબર-૬૧/૧ ની ૧૯૨૨ ચોરસમીટર, મળી ખાતા નંબર-૧૨૯૮ ધરાવતી કુલ ૧૦૯૨૬ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન, જેને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૮૪/એ (મકરબા) માં ફાઈનલ પ્લોટ નંબર-૫૮ ની કુલ ૬૫૫૬ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે કુલ ૬૫૫૬ ચોરસમીટર જમીનમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા પાસ થયેલા પ્લાન મુજબ "પામ મેડોઝ" નામની હાઈરાઈઝ સ્કીમમાં બ્લોક-"એ", "બી" તથા "ઈ" ના કુલ ૮૪ (ચોર્યાસી) ફ્લેટસ/યુનિટસ તથા ૨૫ (પચ્ચીસ) શોપ્સનુ બાંધકામ કરવામાં આવેલુ છે તથા તેમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા બીલ્ડીંગ યુઝ (બી.યુ.) પરમીશન આપવામાં આવેલી છે, તે બ્લોક-"એ", "બી" તથા "ઈ" ના બિલ્ડીંગની બાંધકામવાળી મિલકત તથા તેની વરાડે પડતી જમીન સિવાયની રહેણાંકના હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન સદરહુ ભાગીદારી પેઢીની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીનના ઉપરોકત ભાગીદારી પેઢીના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા સદરહુ ભાગીદારી પેઢી દ્વારા સદરહુ જમીનનુ ડેવલપમેન્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૧-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

જાહેર નોટિસ

મોજ- વાંસજડા (ઢે)

ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકાના મોજે - વાંસજડા (ઢે) ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં. ૨૧૬/૦૦૨ (જુના બ્લોક નં. ૧૨૦) ની જમીનને સીટી સર્વે વોર્ડ : વાંસજડા (ઢે) (બિનખેતી)માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. NA216/002 ની ચો.મી.૫૯૪૫ ની બિનખેતીની જમીન (૧) ઠાકોર માસંગજી મથુરજીના કાયદેસરના સીધીલીટીના વારસદારો :- (એ) ઠાકોર પ્રહલાદજી માસંગજી, (બી) ઠાકોર ભીખીબેન માસંગજી, (સી) ઠાકોર વિષ્ણુજી માસંગજી, (ડી) ઠાકોર જશીબેન માસંગજી તથા (ઈ) ઠાકોર હંસાબેન માસંગજી, (૨) જીબીબેન મોહનજી ઠાકોર, (૩) વિક્રમજી મોહનજી ઠાકોર, (૪) રામાજી મોહનજી ઠાકોર, (૫) મનુજી મોહનજી ઠાકોર, (૬) લક્ષ્મી ગાભાજી ઠાકોર, (૭) અમરતબેન તે ગાભાજીના દીકરી તે દાજીજી ઠાકોરના પત્ની, (૮) રામસંગજી ગાભાજી ઠાકોર, (૯) કરશનભાઈ ગાભાજી ઠાકોર તથા (૧૦) જયંતિજી ગાભાજી ઠાકોરની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૨-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

મોજે-મકરબા

ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૪ (પાલડી) વેજલપુર તાલુકાના મોજે - મકરબા ગામની સીમનાં (એ) સર્વે નં.૬૫૨/૧ ની ચો.મી. ૫૬૬૬ પૈકી ચો.મી. ૨૮૩૩, (બી) સર્વે નં. ૬૫૨/૪ ની ચો.મી.૩૬૪૨ પૈકી ચો.મી. ૧૮૨૧ તથા (સી) સર્વે નં.૬૭૭/૯ ની ચો.મી.૧૮૨૧ પૈકી ચો.મી.૯૧૦.૫૦ ની જમીન (૧) બાબુભાઈ નાગરજી, (૨) જયંતીભાઈ નાગરજી તથા (૩) પશીબેન ઉર્ફે શારદાબેન તે નાગરજી મગનજીની દિકરી અને રમેશજી ભીખાજીની અ.સૌ.ઓરતની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેમજ તમામ જમીન પૈકી પશીબેન ઉર્ફે શારદાબેન તે નાગરજી મગનજીની દિકરી અને રમેશજી ભીખાજીની અ.સૌ.ઓરતના હિસ્સાની જમીન અંગે તા.૦૭-૦૮-૨૦૧૩ ના રોજ અ.નં.૫૮૨૩ થી રજી.કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ ના ધારણ કર્તા મુકેશ ગીરીશભાઈ પટેલએ પોતાની તરફેણમાં થયેલ દસ્તાવેજ રદ કરી આપવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૨-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ


આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) સંતોષકુમારી તે શ્યામસુંદર કપુરની વિધવા પત્ની (૨) સંજયભાઈ શ્યામસુંદર કપુર (૩) નિલમબેન તે મનોહરલાલ કપુરની વિધવા પત્ની (૪) માધવભાઈ રવિન્દ્રકુમાર કપુર તથા (૫) અમૃતાબેન રવિન્દ્રકુમાર કપુર, સર્વે રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩(મેમનગર)ના તાલુકા સાબરમતીના ગ

આત્મનિર્ભર ભારતની દિશામાં વધુ એક ઐતિહાસિક કદમ

પોખરણ ટેસ્ટ રેન્જ ખાતે અદાણી ડિફેન્સ દ્વારા ચાર એન્ટી-ટેન્ક મિસાઈલ 'બગીરા AT1'નું સફળ પરીક્ષણ







સ્વદેશી બનાવટની ચાલન-માઉન્ટેડ ગાઈડેડ મિસાઈલ સિસ્ટમનું ભારતીય સેના અને સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ સમક્ષ સફળ નિદર્શન

માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં ડિઝાઈન અને વિકસિત કરાયેલી આ મિસાઈલ ૮ કિમી સુધી દુશ્મનની ટેન્કનો ખાતમો બોલાવવા સક્ષમ



જ્વેલર્સ અને ગ્રાહકોને સાવધ રહેવા અપીલ કરી

સોનાના દાગીનામાં રેનિયમ અને ઈરેડિયમ ભેળવીને જ્વેલર્સ દ્વારા છેતરપિંડી કરાય છે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શનિવાર

સોનાની શુદ્ધતા વધારવા વિના જ માત્ર સોનાના દાગીનાનું વજન વધારવા માટે રેનિયમ અને ઈરિડિયમ તરીકે ઓળખાતી લોહ-લોખંડ આધારિત મિશ્રધાતુનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આમ સોનાના દાગીના ખરીદનારાઓને ધાતુની ગુણવત્તાની બાબતમાં છેતરવામાં આવી રહ્યા છે. ભારતના જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગની સર્વોચ્ચ સંસ્થા ઓલ-ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ દ્વારા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સને સોનાના દાગીનામાં થતી સંભવિત ભેળસેળ અંગે સતર્ક કરવામાં આવ્યા છે. સોનાનું વજન વધારવા લોખંડની ધાતુઓનો ઉપયોગ થતો હોવાના અહેવાલો બાદ ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વલરી ડોમેસ્ટિક કાઉન્સિલે ચેતવણી જારી કરી છે.

સોનાના દાગીનામાં ભેળસેળની આશંકાથી જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડને સાવધ રહેવા સૂચના આપી

ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વલરી ડોમેસ્ટિક કાઉન્સિલે જણાવ્યું છે કે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ આ મામલાને અત્યંત ગંભીરતાથી લઈ રહ્યું છે અને ચાંપતી નજર રાખી રહ્યું છે. આ સાથે જ તેમણે કહ્યું હતું કે આ છૂટાછવાયા જ્વેલર્સ સામે હજી પખવાડિયા પહેલા જ પગલાં લીધા છે. તેમની ચેતવણી અને નોટિસો પણ આપી છે. ભારત સહિત ગુજરાતમાં આ સમસ્યા વધુને વધુ ગંભીર પરિસ્થિતિ નિર્માણ કરી રહી છે. પરિણામે સોનું કે સોનાના દાગીના ખરીદનારાઓએ તેમના જાણીતા અને વિશ્વસનીય જ્વેલર્સ પાસેથી જ દાગીના ખરીદવાનો જણાવ્યું છે. બીજું, દાગીના ખરીદતા પહેલા બીઆઈએસ કેર એપના માધ્યમથી તેના હોલમાર્કના ઓળખ નંબર અને હોલમાર્કિંગની વિગતોની ખરાઈ કરી લેવાની સૂચના આપી છે. તેમ જ પૈસા બચાવવાની લાયમાં સોનાના દાગીનાની ગુણવત્તા સાથે સમાધાન ન થાય તે માટે જીએસટીનું પાકું બિલ લેવા જણાવ્યું છે. આ બિલમાં સોનાની શુદ્ધતા અને વજનનો સ્પષ્ટ ઉલ્લેખ હોય જ છે. તેથી કોઈ છેતરપિંડી બહાર આવે તો જે તે સોની સામે કન્ઝ્યુમર કોર્ટમાં કેસ પણ કરીને ન્યાય મેળવવાનો માર્ગ ખૂલ્લો જ રહે છે. ભારતભરમાં છ લાખથી વધુ વેપારીઓ ઉપરાંત ગ્રાહકોને અપીલ કરી છે કે જો કોઈ શંકાસ્પદ ભેળસેળ કે છેતરપિંડી ધ્યાનમાં આવે તો તાત્કાલિક કાઉન્સિલ અથવા સીધો બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડનો સંપર્ક કરવો જોઈએ.

હોલમાર્ક નંબર એપમાં નાખી દાગીનાની અસલીયતની ખરાઈ કરો

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સની સત્તાવાર એપ ગૂગલ સ્ટોરમાં જઈને બીઆઈએસ કેર એપ શોધી કાઢો. ત્યારબાદ સોનાના દાગીના પર લાગેલો હોલમાર્ક અને છ અક્ષરનો આલ્ફાન્યુમેરિક-હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર એપમાં નાખો. તેની સાથે જ આખા દાગીનાની આખી કુંડળી મળી જશે.

આ એપની મદદથી દાગીના અસલી છે કે નહીં તેની ઘરે બેઠા ખાતરી કરી શકો છો. તેમ જ દાગીનામાં કઈ કઈ ધાતુઓ કેટલા પ્રમાણમાં છે તે પણ દર્શાવેલું હોય છે. દાગીનાના પૈસા ચૂકવતા પહેલા જ મેગ્નિફાઈંગ ગ્લાસની મદદથી દાગીના પરનો હોલમાર્ક નંબર જોઈને એપમાં તપાસી લો. જો હોલમાર્ક નંબર નાખવા પર કોઈ વિગત ન ખુલે, અથવા દાગીનાનો પ્રકાર કે શુદ્ધતા અલગ દેખાય, તો તે દાગીનો ખરીદવાનું ટાળી દો. જો નકલી હોલમાર્ક કે ભેળસેળની શંકા હોય, તો તમે બીઆઈએસ કેર એપમાં જ માં આપેલા 'ફરિયાદ' વિકલ્પ દ્વારા સીધી ફરિયાદ નોંધાવી શકો છો.

કિસ્સાઓથી ભારતીય જ્વેલરી ઉદ્યોગ પરનો ગ્રાહકોનો વિશ્વાસ ડગવો ન જોઈએ. જ્વેલર્સ, ઉત્પાદકો, હોલસેલર્સ અને સપ્લાયર્સ પાસેથી ખરીદવામાં આવતા સોનાની ગુણવત્તાની કડક નજર રાખવા જણાવવામાં આવ્યું છે.

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાર્ડર્ડ હોલમાર્કમાં ગરબડ કરતાં સોનીઓ અને સાવધ થઈ જવાની જરૂર છે. અસામાન્ય રીતે ઓછા મેકિંગ ચાર્જમાં ઘટાડો કરી આપવાની ઓફરની લાલચમાં ન આવવા ગ્રાહકોને ચેતવણી આપી છે.

સોનું ખરીદતી વખતે શું ધ્યાન રાખવું?

ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વલરી ડોમેસ્ટિક કાઉન્સિલે ગ્રાહકોને હંમેશા

ગુજરાતમાં ૭.૭૫ લાખ કિશોરીનું એચપીવી વેક્સિનેશન, દેશમાં સૌથી વધુ

અમદાવાદ, શનિવાર

ગર્ભાશયના મુખના કેન્સરથી રક્ષણ આપવા માટે ગુજરાતમાંથી અત્યારસુધી ૭.૭૫ લાખ કિશોરીઓને એચપીવી વેક્સિન આપવામાં આવી છે. જે સમગ્ર દેશમાં સૌથી વધારે છે. ગત ૭ સપ્ટેમ્બરે ગુજરાત માટે ૨.૭૨ લાખ એચપીવી રસીના ડોઝ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવાયા હતા.

વાત વાતમાં

કર્મચારીઓનાં નવાં ભથ્થાં !

કેન્દ્ર સરકારના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું તો વધી ગયું પણ રાજ્ય સરકારના કર્મચારીઓનું શું ?

અમારું માનો તો એમના નવાં નવાં ભથ્થાને મંજૂરી આપી દેવા જેવી છે ! દાખલા તરીકે...

* * *

કામ ભથ્થું :

જી હા ! પગાર તો એમને ઓફિસમાં હાજર રહેવાનો મળે છે ! પણ કામ કરવાની ક્યાં કોઈ ગેરંટી છે ? એટલે એમને 'કામ કરવા' માટેનું એક 'પ્રોત્સાહન' ભથ્થું મંજુર કરો,



સાહેબ !

* * *

ચા-નાસ્તા-માવા ભથ્થું :

ચાલો, કામ કરવા માટે તો ભથ્થું મળશે, પણ કામ કરવાનો 'મૂડ' પણ હોવો જોઈએ કે નહીં ? આ આખી પ્રપોઝલને 'મોટિવેશન ઈન્સેન્ટીવ' સમજીને બિચારા કર્મચારીઓને ચા-નાસ્તા તથા માવા માટે ભથ્થું મંજુર કરો, સાહેબ !

* * *

સ્વેટર-ગુંથણ ભથ્થું :

માત્ર શિયાળાની વાત નથી. અમુક મહિલા કર્મચારીઓ બારે માસ ઓફીસમાં બેઠાં બેઠાં સ્વેટર-મફલર ગુંથ્યા કરતાં હોય છે. અમુકને ટેબલ ક્લોથ વગેરે માટે ભરતકામ પણ કરવાનું હોય છે. આમ તો આ 'ગૃહઉદ્યોગ' કેટેગરી થઈ, પરંતુ આપણે 'ઓફિસ-ઉદ્યોગ'ની નવી કેટેગરીમાં આ નવું ભથ્થું મંજુર કરોને, સાહેબ ! ('મેક ઈન ઈન્ડીયા, મેક ઈન ઓફીસ')

* * *

'ઉપર'નું ભથ્થું :

સૌ જાણે છે કે બિચારા કર્મચારીઓને ઘણું બધું 'ઉપર' મોકલવાનું હોય છે ! એના માટે એમને 'ટાર્ગેટ' પણ આપવામાં આવે છે. પરંતુ જે બિચારા કર્મચારીઓ આ ટાર્ગેટ પૂરો ના કરી શકતા હોય એમને 'સહાયતા'ના ધોરણે આ ભથ્થું મંજુર કરી દો, સાહેબ !

* * *

નો-મલાઈ ભથ્થું :

જે પોસ્ટો પર મલાઈ જ નથી ત્યાં બદલી થાય તો બિચારો કર્મચારી શું કરે ? એમની સરકારી નોકરીમાં 'આસ્થા' ટકી રહે એ માટે પણ આ ભથ્થું મંજુર કરો, સાહેબ !

* * *

માખી ભથ્થું :

અમુક કર્મચારીઓને બિચારાઓને માખી મારવા સિવાય બીજું કંઈ કામ જ નથી હોતું ! તો...

- મન્નુ શેખચલ્લી

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

નિર્ણયથી વિદ્યાર્થીઓના નાણા અને સમય બચી જશે

અમેરિકા જતા વિદ્યાર્થીઓને મોટી રાહત, 'ડ્યુરેશન ઓફ સ્ટેટસ'નો નિયમ રદ

અમદાવાદ, શનિવાર

અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ માટે જતા હજારો ગુજરાતી અને ભારતીય વિદ્યાર્થીઓ માટે એક અત્યંત રાહતના સમાચાર સામે આવ્યા છે. અમેરિકાની એક ફેડરલ કોર્ટે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) દ્વારા લાવવામાં આવેલા વિવાદાસ્પદ 'ડ્યુરેશન ઓફ સ્ટેટસ' (Duration of Status) સમાપ્ત કરવાના નિયમને સત્તાવાર રીતે રદબાતલ ઠેરવ્યો છે. કોર્ટના આ ઐતિહાસિક ચુકાદાથી F-૧ અને J-૧ વિઝા પર અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓ પર લટકતી વિઝા એક્સટેન્શનની તલવાર હટી ગઈ છે.

આ નિયમ લાગુ થયો હોત તો માસ્ટર્સના વિદ્યાર્થીને દર વખતે વિઝા એક્સટેન્શન માટે અરજી કરવી પડત

શું હતો આ વિવાદાસ્પદ નિયમ અને તેની શું અસર થવાની હતી?

અત્યાર સુધીના નિયમ મુજબ, વિદેશી વિદ્યાર્થીઓ જ્યાં સુધી તેમનો અભ્યાસક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી (Duration of Status) અમેરિકામાં કાયદેસર રીતે રહી શકતા હતા. પરંતુ, DHS દ્વારા આ વ્યવસ્થા બદલીને વિદ્યાર્થીઓને ચોક્કસ સમયમર્યાદા (Fixed Admission Period) માટે જ વિઝા આપવાનો નિયમ લાવવામાં આવ્યો હતો.

જો આ નિયમ લાગુ થયો હોત, તો જો કોઈ વિદ્યાર્થીનો રિસર્ચ પ્રોજેક્ટ લંબાય કે ડિગ્રી પૂરી કરવામાં સહેજ પણ વિલંબ થાય, તો તેણે દર વખતે USCIS સમક્ષ વિઝા એક્સટેન્શન માટે અરજી કરવી પડત. આ પ્રક્રિયા અત્યંત ખર્ચાળ અને સમય માંગી લે તેવી હોવાથી ગુજરાતી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. ખાસ કરીને માસ્ટર્સ અને પીએચડી કરતા વિદ્યાર્થીઓ માટે આ નિયમ મોટી મુશ્કેલી સર્જી શકે તેમ હતો.

વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર, પણ આગળનો રસ્તો કઠિન

૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ફેડરલ જજે આ નિયમને રદ કરતા હવે જૂની વ્યવસ્થા યથાવત રહેશે. અમદાવાદ સ્થિત વિદેશ અભ્યાસના નિષ્ણાતોના મતે, આ નિર્ણયથી વિદ્યાર્થીઓના હજારો ડોલર અને કિંમતી સમય બચી જશે, જેથી તેઓ કોઈપણ માનસિક તણાવ વિના પોતાના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.જોકે, નિષ્ણાતો એવી પણ ચેતવણી આપી રહ્યા છે કે અભ્યાસ દરમિયાન ભલે રાહત મળી હોય, પરંતુ ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા બાદ અમેરિકામાં સ્થાયી થવાનો રસ્તો હજુ પણ પડકારજનક છે. તાજેતરમાં જ DHS દ્વારા H-1B વિઝા એક્સટેન્શનના નિયમો કડક બનાવવાનો અને ગ્રીન કાર્ડ માટેની 'PERM' પ્રક્રિયામાં આકરી તપાસ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આમ, હાલ પૂરતી વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે, પરંતુ ભવિષ્યમાં નોકરી અને વિઝા રિન્યૂઅલ માટે વિદ્યાર્થીઓએ વધુ સતર્ક રહેવું પડશે.

અમદાવાદના પાંચ સ્થળોએ એમ ડી, ચરસ ગાંજાના સહિતનો મુદ્દામાલ સાથે આરોપીઓ ઝડપાયા

અમદાવાદ, શનિવાર

શહેરના વિવિધ વિસ્તારોમાં એસઓજી અને સ્થાનિક પોલીસે પાંચ જેટલા અલગ અલગ ગુનાઓ નોંધીને એમડી ડ્રગ્સ , ગાંજો અને ચરસ સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને કાર્યવાહી કરી છે. સેટેલાઈટ પોલીસે રામદેવનગરમાં રહેતા રતનલાલ મકવાણાને ગાંજા સાથે ઝડપી લીધો હતો. જે ગાંજો રાણીપમાં રહેતા છમીયા નામના વ્યક્તિ પાસેથી ખરીદી કરીને વેચાણ કરતો હતો. જ્યારે જોધપુરમાં આવેલી વાઘેલા સોસાયટીમાં રહેતા ભાવીન વાઘેલાને પોલીસે ગાંજા સાથે ઝડપીને કાર્યવાહી કરી હતી. અન્ય બનાવોમાં રાણીપ પોલીસે કેશનવનગરમાં આવેલી મદ્રાસીની ચાલીમાં રહેતા જલાલ સૈયદને ગાંજા સાથે ઝડપી લીધો હતો.

























જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-રિસ્ટ્રીકટ અને તાલુકા વિરમગામના ગામ મોજે કુમરખાણની સીમના રી-સર્વે અનુસાર સર્વે નંબર-૧૧૪૬ (જુના સર્વે નંબર-૨૪૩ પૈકી ૨) ની કુલ ૧૯૪૨૫ ચોરસમીટરના ક્ષેત્રફળની ખેતીની જમીન (૧) મફાભાઈ અરજણભાઈ (૨) છેલાભાઈ અરજણભાઈ (૩) રતનબેન મફાભાઈ ભરવાડ (૪) મહેશભાઈ મફાભાઈ ભરવાડ (૫) રેખાબેન મફાભાઈ ભરવાડ (૬) વિક્રમભાઈ મફાભાઈ ભરવાડ (૭) દિનેશભાઈ મફાભાઈ ભરવાડ (૮) વિજયભાઈ મફાભાઈ ભરવાડ (૯) મંગુબેન છેલાભાઈ ઉર્ફે શેલાભાઈ ભરવાડ (૧૦) સોનલબેન છેલાભાઈ ઉર્ફે શેલાભાઈ ભરવાડ (૧૧) હિરલબેન છેલાભાઈ ઉર્ફે શેલાભાઈ ભરવાડ તથા (૧૨) મીનાબેન છેલાભાઈ ઉર્ફે શેલાભાઈ ભરવાડે તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૩૭
તારીખ : ૨૨-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : +૯૧-૭૫૭૩૮૬૧૧૦૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ મહેસાણાનાં સબડીસ્ટ્રીક્ટ તથા તાલુકા કડીનાં ગામ મોજે ઈરાણાની સીમનાં રી-સર્વે અનુસારના નવા સર્વે નંબર-૮૮૫ (જુના સર્વે નંબર-૬૩૨) ની ૪૩૮૩ ચોરસમીટરની બહુહેતુક વિષયક બીનખેતીની જમીન કે જેનો સમાવેશ સીટી સર્વે રેકર્ડમાં કરવામાં આવતા જમીન દફ્તર નિરીક્ષક કચેરી-કડી, સીટી સર્વે વોર્ડ- ઈરાણા (બીનખેતી) દ્વારા સીટી સર્વે નંબર-એનએ ૮૮૫ ફાળવવામાં આવેલ છે તે રીતેની જમીન (૧) રણજીતસિંહ બાદરજી જાડેજા રહેવાસી-જાડેજા વાસ, પ્રાયમરી વિધાલય પાસે, ઈરાણા, તાલુકો-કડી, જીલ્લો-મહેસાણા તથા (૨) અમિતકુમાર દિનેશભાઈ આકોલા રહેવાસી-એ૩, હરિદ્વાર સોસાયટી, સુરભિ સોસાયટી પાસે, કડી, મહેસાણાનાંએ તેઓની સંપૂર્ણ, સંયુક્ત, સહીયારી માલિકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી વેચાણ કરવાનાં હેતુથી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે તો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તારીખ : ૨૧-૧૧-૨૦૨૬

વિનોદ સી. દરજી એડવોકેટ
૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પલેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૭૮૬

એક વર્ષથી સરકાર ભરતીની મંજૂરી જ ન આપતી હોવાથી

ગુજરાત યુનિ.એ હજુ પણ લાખોનું ફંડ વાપરી હંગામી સ્ટાફથી ચલાવવું પડશે

અમદાવાદ,શનિવાર

ગુજરાત યુનિવર્સિટીમાં વહિવટી સ્ટાફની ૨૪૪ જેટલી જગ્યાઓ ખાલી પડી છે અને ૨૦૨૨માં વહિવટી સ્ટાફની ભરતી પ્રક્રિયા ૨૬ થયા બાદ ગત વર્ષે ૨૦૨૫માં ડિસેમ્બરમાં ફરીવાર ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી.પરંતુ સરકારની બેદરકારી અને ઉદાસીનતાને લીધે તે પણ ઘોંચમાં પડી છે.હજુ પણ ક્યારે મંજૂરી આવશે અને ફરીવાર ભરતી પ્રક્રિયા કયારે થાય અને નવા કામથી કર્મચારીઓ મળે તે નક્કી નથી.હવે આ સ્થિતિમાં હજુ પણ ગુજરાત યુનિ.એ હંગામી કર્મચારીઓ-જોબ ટ્રેઈનીથી જ કામ ચલાવવુ પડશે અને જેના પગાર પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવો પડશે.

૩૦૦ જોબ ટ્રેઈની પાછળ પહેલેથી વર્ષે લાખો રૂપિયાના પગારનો ખર્ચ : યુનિ.માં વહીવટીની ૨૪૪ જગ્યા ખાલી છે

ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા વર્ષોથી જુનિયર કલાર્ક અને સીનિયર કલાર્કથી માંડી વિવિધ કેટેગરીના વહિવટી સ્ટાફની મોટા પાયે ઘટ છે.જેથી યુનિ.દ્વારા છેલ્લા ચાર-પાંચ વર્ષ કરતા વધુ સમયથી જુદા જુદા વિભાગોમાં જોબ ટ્રેઈનીની રાખીને કામગીરી ચલાવવી પડી રહી છે.હાલ ગુજરાત યુનિ.ના વિવિધ વિભાગોમાં ૩૦૦થી વધુ જોબ ટ્રેઈનીની કર્મચારીઓ છે.જેની પાછળ પહેલેથી યુનિ.દ્વારા વર્ષે લાખો રૂપિયાનો પગાર ખર્ચ કરવામા આવી રહ્યો છે.ગુજરાત યુનિ.માં વહિવટી સ્ટાફની ૨૪૪ જગ્યાઓ ખાલી પડી છે ત્યારે નોન ટીચિંગ સ્ટાફની ભરતી માટે ગત વર્ષે ૨૦૨૫માં ઓગસ્ટમાં દિવ્યાંગો માટેની ૧૬ જગ્યાની ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી ત્યારબાદ ડિસેમ્બરમાં દિવ્યાંગોની વધુ ૧૩ જગ્યા તેમજ વર્ગ-૧થી૩ સુધીની જુદી જુદી કેટેગરીની મળીને કુલ ૧૨૯ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી.

૧૪૨ જગ્યાની આ ભરતી પ્રક્રિયામાં સૌથી વધુ ૮૪ જગ્યાઓ કલાર્કની છે. વહિવટી સ્ટાફની ભરતી પ્રક્રિયામાં પ્રીલિમ બાદ ગત મેમાં મેઈન પરીક્ષા પણ લેવાઈ ચુકી છે.પરંતુ સરકાર દ્વારા ભરતીની મંજૂરી લટકાવી રાખવામા આવતા મેઈન પરીક્ષાનું પરિણામ જ જાહેર કરાયુ નથી.

સરકારે મંજૂરી આપવાને બદલે છઠ્ઠા પગાર પંચ અને સાતમા પગારની પંચની જગ્યાઓની વિગતો માંગતા અને છઠ્ઠા પગાર પંચની જગ્યાઓની ભરતી પ્રક્રિયા રદ કરીને નવેસરથી કરવાનો આદેશ કરતા ગુજરાત યુનિવર્સિટી મુશ્કેલીમાં મુકાઈ છે.

૨૪૪ જગ્યામાં ૧૬૧ છઠ્ઠા પગાર પંચ પ્રમાણે અને ૭૩ ૭મા પ્રમાણે થાય છે. યુનિવર્સિટીએ ૫૦ ટકાથી વધુ જગ્યાઓ અને ખાસ કરીને જુનિયર કલાર્કની જગ્યાઓ માટે નવેસરથી પરીક્ષા લેવી પડે તેવી સ્થિતિ છે.જેમાં હવે વધુ ૬થી૮ મહિનાનો સમય લાગે તેમ છે ત્યારે આ સ્થિતિમાં ગુજરાત યુનિ.જોબ ટ્રેઈની-હંગામી સ્ટાફની જ કામ ચલાવવુ પડશે.રોજગારીની વાતો કરતી રાજ્ય સરકારે સૌથી મોટી ગુજરાત યુનિ.માં જ સમયસર રોજગારી અપાવી શકતી ન હોઈ યુનિ.એ પોતાના કરોડો રૂપિયા પગાર પાછળ વાપરીને કામ ચલાવવુ પડી રહ્યુ છે.

સરકાર વારંવાર માહિતી જ માંગતા યુનિ.પણ કંટાળી

યુનિ.માં એવી ફરિયાદ ઉઠી છે કે એક બાજુ સરકાર મંજૂરી આપતી નથી અને સ્ટાફની જગ્યાઓની માહિતી જ માંગે છે.અનેકવાર માહિતી આપવામા આવી છે તેમ છતાં તાજેતરમાં ફરી એકવાર સરકારે યુનિ.ઓને પરિપત્ર કરીને દિવ્યાંગોની કેટલી જગ્યાઓ છે તેની માહિતી આપવા આદેશ કર્યો છે.ભરતીની જગ્યાઓ મુજબની મંજૂરી આપવાને બદલે માત્ર માહિતી જ માંગતી સરકારને જવાબો આપી આપી-દરખાસ્તો કરી કરીને યુનિ.પણ હવે કંટાળી ગઈ છે.નવા કુલપતિ આવ્યા બાદ હવે હવે સ્થિતિ સુધરશે કે નહીં ?

નિવૃત્ત કર્મચારીઓને પણ ફરી રાખી પગાર આપવો પડે છે

ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા અનેક વર્ષોથી કાયમી ભરતી વહિવટી સ્ટાફ અને ટીચિંગ સ્ટાફ માટે થઈ નથી. પરંતુ બીજી બાજુ દર વર્ષે ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફમાં કાયમી કર્મચારીઓ નિવૃત થઈ રહ્યા છે અને સામે નવા કામથી આવી શકતા નથી.જેથી વહિવટી સ્ટાફમાં તો યુનિ.એ કેટલાક કર્મચારીઓને નિવૃત્તિ બાદ પણ હંગામી ધોરણે રાખવા પડ્યા છે.હાલ પરીક્ષા વિભાગથી માંડી મહેકમ સહિતના ઘણા વિભોગામાં ૮થી૧૦ કર્મચારીઓને નિવૃત્તિ બાદ પણ રખાયા છે અને જેઓ પાછળ પણ યુનિ.એ લાખો રૂપિયાનો પગાર ખર્ચ કરવો પડી રહ્યો છે.

વારંવાર ઊઠતાં વિવાદ વચ્ચે સમિતિએ વચલો રસ્તો કાઢ્યો

જગત મંદિરમાં રૂ.૨૫૦૦ ફી ભરી ફોટો-વીડિયોગ્રાફી કરાવી શકાશે



દ્વારકા,શનિવાર

સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાના શ્રી દ્વારકાધીશ જગત મંદિરમાં ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફીને લઈને તાજેતરમાં સર્જાયેલા વિવાદ બાદ મંદિર વ્યવસ્થાપક સમિતિ દ્વારા કડક અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી મંદિર પરિસરમાં ખાનગી ફોટોગ્રાફી પર રોક લગાવીને, શ્રદ્ધાળુઓ માટે ચોક્કસ નિયમો અને ફી સાથેની સત્તાવાર વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે

પૂર્વ મંજૂરી લીધા બાદ વ્યવસ્થા સમિતિ દ્વારા માન્ય કરાયેલા વ્યકિત પાસેજ વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરાવી શકાશે

દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપક સમિતિની તા. ૨૭ના રોજ યોજાયેલી બેઠકમાં ખાસ ઠરાવ કરીને (ઠરાવ નં. ૧૧ મુજબ) તમામ સભ્યોની સંમતિથી આ નવો નિયમ પસાર કરવામાં આવ્યો છે.જેમાં મંદિરમાં ધ્વજાજી ચડાવવા, વિશેષ ભોગ-મનોરથ કરવા કે વર્ષ દરમિયાન ઉજવાતા વિવિધ ઉત્સવો સમયે યાદગીરી રૂપે ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરાવવા ઈચ્છુક ભાવિકો આ સેવાનો લાભ લઈ શકશે. આ સેવા માટે શ્રદ્ધાળુઓએ દ્વારકાધીશ મંદિર કચેરીમાં રૂ. ૨,૫૦૦ની ફી જમા કરાવવાની રહેશે. ઈચ્છુક શ્રદ્ધાળુઓએ અગાઉથી કચેરીની જરૂરી મંજૂરી મેળવવાની રહેશે. ત્યારબાદ બહારના કોઈ ખાનગી કેમેરામેનને બદલે સંસ્થા દ્વારા નિયુક્ત કરાયેલા ફોટોગ્રાફર પાસેથી જ જરૂરી શરતોને આધિન રહીને ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરાવી શકાશે.

વર્લ્ડ ફિશરિઝ ડે, માછલીઓની સ્થિતિ

તળાવોના આડેધડ બ્યૂટિફિકેશનથી માછલીઓનું અસ્તિત્વ જોખમાયું

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદમાં વિકાસ અને બ્યૂટિફિકેશનની વચ્ચ શહેરના તળાવો અને સાબરમતી નદીની જળચર જીવસૃષ્ટિ ગંભીર પડકારોનો સામનો કરી રહી છે. તળાવોમાં માછલીઓના મોતની ઘટનાઓ અવાર નવાર બને છે. અગાઉ પણ કાંકરિયા, વસ્ત્રાપુર કે ચંડોળા જેવા તળાવોમાં ગટરનું પાણી ભળવાથી કે ઓક્સિજન લેવલ ઘટવાથી હજજારો માછલીઓના મોત થયા.

સેન્ટ્રલ ફિશરિઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ મુજબ ૨૦૨૫માં ૬.૪૩ લાખ ટન માછલીઓનું ઉત્પાદન થયું હતું

૨૧ નવેમ્બરનો દિવસ વિશ્વ મત્સ્ય દિવસ (વર્લ્ડ ફિશરીઝ ડે) તરીકે ઉજવાય છે ત્યારે આ સ્થિતી અમદાવાદની છે.તળાવો પાસે વોકિંગ ટ્રેક, લાઈટિંગ, ગાર્ડન અને પેવર બ્લોકના વિકાસમાં તળાવોની ઈકોસિસ્ટમ ભૂલાઈ છે. આમ થવાથી માછલીઓના પ્રજનન અને કુદરતી રહેઠાણ પર અસર થઈ છે. હવે તળાવોની સાથે ગુજરાતના ૧૬૦૦ કિમી લાંબા દરિયાકિનારાની વાત કરીએ તો ૨૦૨૦થી ૨૦૨૫ સુધીમાં કુલ મત્સ્ય ઉત્પાદનમાં ૪૦ ટકાનો વધારો થયો હતો. બીજી તરફ સેન્ટ્રલ ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ૨૦૨૫ના અહેવાલ મુજબ પ્રતિકૂળ હવામાન અને માછીમારી પરના પ્રતિબંધોને લઈને ગુજરાતમાં દરિયાઈ માછલીનુંઉત્પાદન ૨૦૨૫માં ૬.૪૩ લાખ ટન નોંધાયું હતું જે ૨૦૨૪નાં ૭.૫૪ લાખ ટનની સરખામણીમાં ૧૫ ટકા ઓછુ છે.

અમદાવાદના તળાવો અને જીવસૃષ્ટિ અંગે વાત કરતાં જીવસૃષ્ટિ નિષ્ણાંત દિશાંત પારાશરિયાએ જણાવ્યું કે, ૨૦ વર્ષ પહેલાં કાંકરિયા સહિત અમદાવાદના તળાવો માછલીઓના અસ્તિત્વ માટે સારા કહી શકાય તેવા હતાં પણ પછીથી વસ્ત્રાપુર તળાવ સહિત શહેરના ૧૫ કરતાં વધારે તળાવોના બ્યૂટિફિકેશનને લઈને માછલીઓના ૮૦ ટકા અસ્તિત્વ સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે.પૃથ્વિ પર ૭૦ ટકા ભાગમાં પાણી છે અને તે પાણીમાં માછલીઓ પણ રહે છે જે પ્રોટિનનો સોર્સ છે તે સંજોગોમાં માછલીઓનું અસ્તિત્વ ટકે તે જરુરી છે.વેટલેન્ડ એક્સપર્ટ કેતન ટાટૂએ જણાવ્યું કે, અમદાવાદમાં તળાવોમાં માછલીઓ સુરક્ષિત રહે તે જરુરી છે. તે માટે તળાવોમાં માછલીઓને બચાવવા માટે નિયમિત રીતે ડીઓ ટેસ્ટ થાય તે જરુરી છે. આ ઉપરાંત ગટર અને કેમિકલયુક્ત પાણીનો પ્રવેશ અટકે અને એરેટર ફુવારા કાર્યરત રહે તે પણ જરુરી છે. તળાવોમાંથી જૈવિક કચરો અને વધારાની શેવાળ દૂર કરીને માછલીઓના મૃત્યુની ઘટના બને ત્યારે તાત્કાલિક પાણીનાં સેમ્પલ લઈને લેબોરેટરી તપાસ કરાવવી મહત્વની બને છે. તળાવોમાં ગટરનું પાણી અને કાર્બનિક કચરો ભળવાથી, પાણીનું તાપમાન વધવાથી, શેવાળનું પ્રમાણ વધુ થવાથી અને પાણીનું પરિભ્રમણ ઓછુ થવાથી ઓક્સિજન ઘટે છે.

અગાઉ આ તળાવોમાં ઓક્સિજનની સમસ્યા થઈ હતી

* કાંકરિયા તળાવમાં અનેક વખત ઓક્સિજનનું પ્રમાણ ઘટતાં માછલીઓના મૃત્યુ થયા હતાં. પછી તંત્ર સફાળું જાગતા બોર્ટિંગ વધારીને પાણીનું પરિભ્રમણ વધારે કર્યું હતું અને ફુવારાઓ પણ લાગાવાયા છે.
* અસારવા તળાવમાં ૨૦૨૫માં માછલીઓનાં મૃત્યુની ઘટના બની ત્યારે શેવાળનું જાડું પડ જામવાથી રાત્રે ઓક્સિજનનો વપરાશ વધ્યો હોવાનું બહાર આવ્યું હતું.
* ઘોડાસર તળાવમાં પણ અગાઉ પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ૩.૫ એમજી નોંધાયું હતું અને માછલીઓ મોતને ભેટી હતી ત્યાર પછી તંત્ર દ્વારા પાણીમાં ઓક્સિજન વધારવાની કામગીરી કરાઈ હતી.
* ચંડોળા તળાવમાં પણ અગાઉ પાણીની ગુણવત્તા અને ઓક્સિજનની સ્થિતી અંગે પ્રશ્નાર્થ ઉભા થયા હતા અને ઓક્સિજનનું ૨ એમજીથી ઓછુ પ્રમાણ માછલીઓના અસ્તિત્વ સામે જોખમી છે તે બહાર આવ્યું હતું.

મુસદ્દા મતદાર યાદીમાં સામેલ ન હોય તેવા

મતદારો ફોર્મ-૬ ભરીને મતદાર યાદીમાં નામ દાખલ કરી શકાશે

અમદાવાદ,શનિવાર

મુસદ્દા મતદાર યાદીમાંથી બાકાત થયેલા અગાઉના મતદારો પણ ફોર્મ-૬ ભરીને આખરી મતદાર યાદીમાં નામ સામેલ કરાવી શકે છે તેવી સ્પષ્ટતા ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવી છે.

'સર' પ્રક્રિયા કે ત્યારબાદ ફોર્મ-૬ રજૂ કરે તો મતદાર વિરુદ્ધ કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે

જો કોઈ મતદાર 'સર' પ્રક્રિયા કે ત્યારબાદ ફોર્મ-૬ રજૂ કરે તો માત્ર અગાઉ નોંધાયેલા હતા તે કારણોસર મતદાર નોંધણી અધિકારી દ્વારા તેમની સામે કલમ-૩૧ હેઠળ કોઈ દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં નહીં આવે, પરંતુ શરત એ રહેશે કે તે મતદાર અન્ય કોઈ સંસદીય કે વિધાનસભા મતવિસ્તારમાં હાલમાં મતદાર તરીકે નોંધાયેલા ન હોવા જોઈએ તેમજ રજૂ કરેલી વિગતો કાયદાનુસાર યોગ્ય હોવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે, મતદાર યાદી સુધારણા (સર) બાદ મતદારોમાં એવી મૂંઝવણ થયેલી તેઓ 'સર' અગાઉ મતદાર હતા તો હવે નવેસરથી ફોર્મ-૬ ભરે તો ફોર્મ-૬માં દર્શાવિયાલી સૂચના પ્રમાણે અરજદારનું નામ પ્રથમ વખત મતદાર યાદીમાં ઉમેરાઈ રહ્યું છે. જેના કારણે મતદારોમાં એવી માન્યતા હતી કે અગાઉથી નોંધાયેલા હોવા છતાં ફોર્મ-૬ ભરવું તે ખોટી ઘોષણા કર્યા બરાબર ગણાશે.

હવે આ અંગે ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટતા અનુસાર ફોર્મ-૬ હેઠળની ઘોષણા ૧ ઓગસ્ટ ૨૦૨૨થી અમલામાં છે. જે મતદારનું નામ મુસદ્દા મતદાર યાદીમાં ન હોય તે નિયત પ્રક્રિયા પ્રમાણે આખરી મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરવા ફોર્મ-૬ રજૂ કરી શકે છે. જે મતદારનું નામ મુસદ્દા મતદાર યાદીમાં નથી તેમણે અગાઉ નોંધાવ્યું હતું કે નહીં તે બાબતને ધ્યાને લીધા વિના 'સર' અથવા ત્યારબાદની પ્રક્રિયામાં નવેસરથી નામ ઉમેરવા ફોર્મ-૬ રજૂ કરવાનું રહેશે.

રાજ્ય સરકારની અપીલ ફગાવાતા આરોપી નિર્દોષ જાહેર

પોક્સોના ૨૮ વર્ષ જૂના કેસમાં આરોપી સામે સરકાર કેસ પુરવાર કરી શકી નહીં

અમદાવાદ,શનિવાર

વર્ષ ૧૯૯૬માં સાત વર્ષની બાળકીનું અપહરણ અને દુષ્કર્મના ૨૮ વર્ષ જૂના ચકચારભર્યા કેસમાં ગુજરાત હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ જાહેર કરવાના ચુકાદાને યથાવત્ રાખ્યો હતો અને રાજ્ય સરકારની અપીલ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, મેજિસ્ટ્રેટ દ્વારા હાથ ધરવામાં આવેલી ટેસ્ટ આઈડેન્ટિફિકેશન પરેડમાં ફરિયાદ પક્ષ વાજબી શંકાથી પર આરોપીની ઓળખ સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો હતો. તપાસનીશ અધિકારીએ ઓળખ પરેડ માટેની નિર્ધારિત પ્રક્રિયાનું યોગ્ય રીતે પાલન જ કર્યું ન હતુ અને ન તો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે કાયદામાં ફરજિયાત એવી આવશ્યક પ્રક્રિયાનું પાલન કર્યું હતું.

તપાસનીશ અધિકારી કે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે ઓળખ પરેડ માટેની જોગવાઈઓનું પાલન જ કર્યું નથી : હાઈકોર્ટ

હાઈકોર્ટના જસ્ટિસ ભાર્ગવ ડી.કારીયા અને જસ્ટિસ હેમંત એમ.પ્રચ્છકની ખંડપીઠે સરકારની અપીલ ફગાવતાં જણાવ્યું હતું કે, આરોપીને પોક્સો એકટ હેઠળના ગુનામાં સાંકળતા વિશ્વસનીય અને નિર્ણાયક પુરાવા રજૂ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહ્યો છે. હાઈકોર્ટે આ કેસમાં ડોકટરની જુબાનીની પણ ખાસ નોંધ લીધી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે, પીડિતાએ ડોકટરને જણાવ્યું હતું કે, રમતી વખતે પડી જવાથી તેને ઈજાઓ થઈ હતી અને ફરિયાદી પિતા દ્વારા વર્ણવવામાં આવેલી કથિત ઘટના અંગે કોઇ વિગતો જાહેર કરી ન હતી.

હાઈકોર્ટે સ્વતંત્ર સાક્ષીની જુબાનીની પણ નોંધ લીધી, જેમણે જણાવ્યું હતું કે જ્યારે તેણે પીડિતાને જોઈ અને તેની ઈજાઓ વિશે પૂછપરછ કરી, ત્યારે પીડિતાએ તેણીને જણાવ્યું કે તે રમતી વખતે પડી ગઈ હતી.કોર્ટે સીરોલોજીકલ રિપોર્ટ અને રેકોર્ડ પરના અન્ય દસ્તાવેજી પુરાવા સહિતના વૈજ્ઞાનિક પુરાવાઓની પણ નોંધ લીધી અને કહ્યું કે ફરિયાદ પક્ષ આરોપીને ગુના સાથે જોડતા કોઈપણ મજબૂત પુરાવા રેકોર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયો છે. સીરોલોજીકલ રિપોર્ટ પરથી પણ સામે આવ્યું હતું કે, ફરિયાદપક્ષે પીડિતા કે આરોપીના લોહીના નમૂના લેવાયા નહોતા.

ચર્ચાસ્પદ બનેલા કેસની વિગતો શું હતી?

તાત્કાલિક વેચવાનો છે. બંગલો, 3 બેડ, 590 વારનો પ્લોટ, 250 વારનું બાંધકામ, રાધેકિશન પાર્ક, મહેમદાવાદ. 9898192892

વેચવાનો છે પ્લોટ 960 વાર Carpet અકલ્પ્ય- 1 ગરોડીયા 8735829984.

વેચવાનો છે પ્લોટ 1100 વાર, રુષભ વાટિકા, ચેખલા. મો- 9925038018

વેચવાનો છે પ્લોટ 1300 વારનો ઝાલોરા Broker 9327041600, 9974931507, 9664730213

વેચવાનો છે પ્લોટ, 854 વાર, પ્લોટ નં 178, Sona Exotica, દંતાલી, Mo.: 9265533076

વેચવાનો છે પ્લોટ 1090 વાર, પ્રાઈમ લોકેશન, Aantarkshitij, નાસમેદ. 9825006526

વેચવાનો છે પ્લોટ 1400 વાર, Suramya 2, ત્રણ રોડ કોર્નર, રાંચરડા. 9898035062

વેચવાનો છે બંગલો પ્લોટ 600 વાર, અદાણી OtherSide, ચેખલા 9825224778

વેચવાનો છે બંગલો 4 B H K, પ્લોટ 400 વાર, Green Park, ગોકુલધામ, શાંતિપૂરા. 9825012216

વેચવાનો છે પ્લોટ, 1075 વાર, આંતરક્ષિતીજ, રાચરડા, Seven Space- 9925111624

વેચવાનો છે ફ્લેટ 4 B H K, 3700 Sq Foot, અદાણી એમ્બ્રોસિયા શાંતિગ્રામ 9429708029

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 700 Sq. Yd, બાંધકામ- 767 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9909076276.

વેચવાનો છે ફ્લેટ 2 B H K, અદાણી એસ્ટર શાંતિગ્રામ 9429708029

વેચવાનો છે બંગલો 3 B H K, પ્લોટ- 138 Sq. Yd, બાંધકામ- 223 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9978078022.

વેચવાનો છે બંગલો, 5 B H K પ્લોટ- 381 Sq. Yd, બાંધકામ- 537 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ 9978078023.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 926 Sq. Yd, બાંધકામ- 767 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9909076276.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 650 Sq. Yd, બાંધકામ- 573 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9512012005.

વેચવાનો છે બંગલો 3 B H K, પ્લોટ- 187 Sq Yd, બાંધકામ- 253 Sq Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9978078022.

વેચવાનો છે બંગલો 4 B H K, પ્લોટ- 264 Sq Yd, બાંધકામ- 382 Sq Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9512345275.

વેચવાનો છે બંગલો 4 B H K, પ્લોટ- 342 Sq. Yd, બાંધકામ- 444 Sq. Yd, કાસિન્દ્રા, અમદાવાદ. 9978078023.

For Sale Plot 1250 Yard Suramya 2 Rancharda Asset Procon. 9898908051

For Sale Plot 553 Yard Suramya 3 Palodia Asset Procon. 9898908051

For Sale Plot 535 Yard Shilpgram 3 Lapkaman Asset Procon. 9898908051

For Sale Plot Corner 1200 Yard Antarkshitij Nasmed Asset Procon. 9898908051

For Sale Plot 565 Yard Suramya Lifespace Sanand Asset Procon. 9898908041

For Sale Plot 1250 Yard Shilpgram 1 Jaspur Asset Procon. 9898908041

વેચવાનો છે પ્લોટ 550 વાર સુરમ્ય 7 નાંદોલી 9327005916

વેચવાનો છે પ્લોટ 1200 વાર આંતરક્ષિતિજ નાસ્મેદ 9979095595, 9327005916

વેચવાનો છે બંગલો 3 B H K, રામેશ્વર ક્રિષ્ટલ, કાશીન્દ્રા. મો 9898569837

વેચવાનો છે પ્લોટ 4000 વાર NA, ન્યૂ કર્ણાવતી ક્લબ પાસે, વાયના 9274683483 The Real Estate Conn

સેન્સેક્સ અને નિફ્ટીનું વૈશ્વિક બજારોની તુલનાએ શાનદાર સાપ્તાહિક પ્રદર્શન

વૈશ્વિક બજારો ડામાડોળ, ભારતના બજારોની આગેકૂચ

અમદાવાદ, તા. ૨૧

પ્રમુખ વૈશ્વિક બજારોમાં ઘટાડો થયો હોવા છતાં, સ્થાનિક બેન્ચમાર્ક ઈક્વિટી સૂચકાંકોએ (સેન્સેક્સ-નિફ્ટી) સપ્તાહ દરમિયાન મજબૂત ઉછાળો નોંધાવ્યો હતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સંબંધિત શેરોમાં રોકાણ અંગેની ચિંતાઓ વચ્ચે વિદેશી રોકાણકારો વિક્રમી ઝડપે ભારતીય શેરબજારમાં પરત ફર્યા છે. જેના પગલે ડોલરની દ્રષ્ટિએ, સપ્તાહ દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીમાં અનુક્રમે ૪.૬% અને ૪.૩૫%નો વધારો થયો હતો. તેનાથી વિપરીત, તાઈવાન અને દક્ષિણ કોરિયા સૌથી મોટા નુકસાનકર્તા રહ્યા હતા, જેમના બેન્ચમાર્ક સૂચકાંકોમાં અનુક્રમે ૧૭.૭૪% અને ૮.૨૮%નો ઘટાડો નોંધાયો હતો.

વિશ્વના બજારોમાં AI સંબંધિત શેરોમાં વેચવાલી વચ્ચે વિદેશી રોકાણકારોના પ્રવાહે સ્થાનિક શેરોને વેગ આપ્યો : વૈશ્વિક શેરબજારોમાં ચાર વર્ષનો સૌથી લાંબો ઘટાડાનો દોર

છેલ્લા એક મહિનામાં ભારતનું આ શ્રેષ્ઠ પ્રદર્શન વધુ સ્પષ્ટપણે જોવા મળ્યું છે, જેમાં બેન્ચમાર્ક સૂચકાંકોએ ડોલરમાં લગભગ ૧૮% જેટલું વળતર આપ્યું છે. તેની સરખામણીમાં વૈશ્વિક બજારો ૧૮ ટકા સુધી તૂટ્યા હતા. વૈશ્વિક શેરબજારોમાં ચાર વર્ષનો સૌથી લાંબો ઘટાડાનો દોર જોવા મળ્યો હતો. MSCI ઓલ કન્ટ્રી વર્લ્ડ ઈન્ડેક્સ સતત સાતમા સત્રમાં ૦.૮% ઘટ્યો હતો, જે ૨૦૨૩ પછીનો સૌથી લાંબો ઘટાડાનો સિલસિલો છે.

ઘરેલું બજારમાં શુક્રવારે સેન્સેક્સ ૮૯૭.૯૬ પોઈન્ટ એટલે કે ૧.૦૮% ઉછળીને ૮૩,૯૧૯.૭૧ ની નવ મહિનાની ટોચે બંધ રહ્યો હતો. નિફ્ટી ૨૮૬.૩૦ પોઈન્ટ એટલે કે ૧.૧૨% વધીને ૧૮ ફેબ્રુઆરી પછી પ્રથમ વખત ૨૫,૮૦૦ની સપાટી વટાવીને બંધ રહ્યો હતો.

સાપ્તાહિક ધોરણે, રૂપિયાની દ્રષ્ટિએ સેન્સેક્સ અને નિફ્ટીમાં અનુક્રમે ૨.૮૫% અને ૨.૬૧%નો વધારો થયો હતો, જેનાથી સતત ચોથા સપ્તાહે તેમની તેજીની આગેકૂચ જળવાઈ રહી હતી.

FPIની સપ્તાહ દરમિયાન રૂ. ૪૨,૭૧૮ કરોડ, નવેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં રૂ. ૧.૨૮ લાખ કરોડની ખરીદી

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ નવેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં ભારતીય શેરોમાં તેમની ચોખ્ખી ખરીદી રૂ. ૧.૨૮ લાખ કરોડ (૧૩.૬ બિલિયન ડોલર) પર પહોંચી ગઈ છે, જે અત્યાર સુધીનો સૌથી વધુ માસિક રોકાણ પ્રવાહ છે. સપ્તાહ દરમિયાન રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૩.૯૮ લાખ કરોડનો વધારો થયો હતો અને તે રૂ. ૫૧૪.૧૮ લાખ કરોડની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગઈ હતી.

સપ્તાહ દરમિયાન રૂ. ૪૨,૭૧૮ કરોડ (૪.૬ બિલિયન ડોલર) ઠાલવ્યા હતા.

પ્રમુખ વૈશ્વિક ઈક્વિટી સૂચકાંકોનો દેખાવ

દેશ	સૂચકાંકોનો દેખાવ
ભારત (સેન્સેક્સ)	+૪.૬૦%
ચીન	-૨.૮૬%
ઈન્ડોનેશિયા	-૪.૦૪%
યુકે	-૫.૬૨%
અમેરિકા (નાસ્ડેક)	-૫.૮૬%
અમેરિકા (ડાઉ જોન્સ)	-૬.૧૨%
યુરો ઝોન	-૬.૬૮%
જર્મની	-૭.૦૯%
જાપાન	-૭.૨૩%
દક્ષિણ કોરિયા	-૮.૨૮%
તાઈવાન	-૧૭.૭૪%

શેરબજારમાં તેજી છતાં ઈન્ડિયા VIX ઈન્ડેક્સ છેલ્લા ત્રણ સત્રમાં ૧૨% વધ્યો

અમદાવાદ, તા. ૨૧

ભારતીય શેરબજારમાં શુક્રવાર, ૨૦ નવેમ્બરના રોજ નોંધપાત્ર તેજી જોવા મળી હતી, પરંતુ આ તેજી વચ્ચે, એક આંકડો જે વધી રહ્યો છે અને રોકાણકારોની ચિંતામાં વધારો થયો છે. ઈન્ડિયા VIX ઈન્ડેક્સ, જે બજારની અસ્થિરતા દર્શાવે છે, તે શુક્રવારે લગભગ ૯% વધ્યો હતો. નોંધપાત્ર રીતે, ઈન્ડિયા VIX છેલ્લા ત્રણ ટ્રેડિંગ સત્રોથી સતત વધી રહ્યો છે, જ્યારે સેન્સેક્સ અને નિફ્ટીમાં પણ આ સમયગાળા દરમિયાન વધારો થયો છે. આ સૂચવે છે કે બજારમાં ખરીદી ચાલી રહી છે, ત્યારે રોકાણકારો આગામી દિવસોમાં નોંધપાત્ર અસ્થિરતાની પણ અપેક્ષા રાખી રહ્યા છે.

શુક્રવાર બપોરે ૧-૩૦ વાગ્યા સુધીમાં, ઈન્ડિયા VIX ૮.૮% વધીને ૧૭.૫૩ પર પહોંચી ગયો હતો. છેલ્લા ત્રણ ટ્રેડિંગ સત્રોમાં ઈન્ડિયા VIX ૧૨ ટકાથી વધુ વધ્યો છે. દરમિયાન, નિફ્ટીમાં ૩૦૦ પોઈન્ટ અથવા લગભગ ૧.૨ ટકાનો વધારો થયો છે.

સામાન્ય રીતે, શેરબજારમાં તેજી દરમિયાન, રોકાણકારોનો વિશ્વાસ વધે છે, અને ઈન્ડિયા VIX નરમ પડવાનું વલણ ધરાવે છે. જો કે, આ વખતે, બજારની તેજી સાથે VIX પણ વધી રહ્યો છે.

ઈન્ડિયા VIX એ એક ઈન્ડેક્સ છે જે દર્શાવે છે કે આગામી ૩૦ દિવસમાં શેરબજારમાં કેટલી અસ્થિરતાનો અનુભવ થવાની અપેક્ષા છે. સરળ શબ્દોમાં કહીએ તો, જો ઈન્ડિયા ફૈંઠ વધી રહ્યો છે, તો તેનો અર્થ એ છે કે વેપારીઓ આગામી દિવસોમાં નોંધપાત્ર બજાર હિલચાલની અપેક્ષા રાખે છે. જો કે, આનો અર્થ એ નથી કે શેરબજારમાં ઘટાડો થવાનો છે. VIX ફક્ત સંભવિત અસ્થિરતા દર્શાવે છે. બજાર ઉપર અથવા નીચે જઈ શકે છે. VIXમાં વધારો ઓપ્શન ટ્રેડિંગને વધુ ખર્ચાળ બનાવી શકે છે, કારણ કે ઓપ્શન પ્રીમિયમ વધવાની શક્યતા છે.

છેલ્લા ત્રણ ટ્રેડિંગ સત્રોમાં ઈન્ડિયા VIXમાં ૧૨%નો તીવ્ર વધારો બજારમાં વધતી અનિશ્ચિતતા દર્શાવે છે. આ વધારો નોંધપાત્ર છે કારણ કે નિફ્ટી તેના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરથી ૩% કરતા પણ ઓછા અંતરે ટ્રેડ કરી રહ્યો છે. નિષ્ણાંતોના મતે, VIXમાં વધારાનો અર્થ એ નથી કે બજાર તાત્કાલિક ઘટવાનું છે. આ ફક્ત એ જ સૂચવે છે કે આગામી થોડા અઠવાડિયામાં બજારમાં નોંધપાત્ર વધઘટ જોવા મળી શકે છે.

જો કે, આનો અર્થ એ નથી કે શેરબજાર તૂટશે, આ ઈન્ડેક્સ ફક્ત સંભવિત અસ્થિરતા દર્શાવે છે

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં કઠોળ આયાત બિલ ૫૦ ટકા ઊંચું

મુંબઈ, તા. ૨૧

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં દેશમાં કઠોળની આયાત વોલ્યુમની દ્રષ્ટિએ વાર્ષિક ધોરણે ૬૦ ટકા જ્યારે મૂલ્યની દ્રષ્ટિએ ૫૦ ટકા વધી હોવાનો ઈન્ડિયન પલ્સિસ એન્ડ ગ્રેઈન એસોસિએશન્સ દ્વારા દાવો કરાયો છે.

અલ નિનોની અસરથી દેશમાં કઠોળના ઉત્પાદન પર અસર થશે તેવી ચિંતાએ આયાતમાં વધારો થયો છે. કઠોળમાં મસુરની આયાત ૨૩૫ ટકા, ચણા ૧૩૫ ટકા તથા પીળા વટાણાની આયાતમાં ૮૦ ટકા જેટલો વધારો થયો છે. તુવેરની આયાત ૮ ટકા જ્યારે અડદની ૩ ટકા વધી છે.

ગયા વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં કઠોળનું આયાત બિલ જે રૂપિયા ૯૧૩૦ કરોડ રહ્યુ હતું તે વર્તમાન વર્ષના સમાન ગાળામાં વધી રૂપિયા ૧૩૬૫૦ કરોડ રહ્યું હોવાનું પણ સુત્રોએ જણાવ્યુ હતું.

ઉત્પાદન નીચુ રહેવાની શકયતાએ આયાત વધી

ચોમાસાની ઢીલને કારણે ખરીફ તુવેરનું ઉત્પાદન નબળુ રહેવાની શકયતા જોવાઈ રહી છે. તેલંગણા, મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં ઉત્પાદન પર અસર જોવા મળી રહી છે. ઉત્પાદન નીચુ રહેવાની ધારણાંએ ટ્રેડરો કઠોળનો સ્ટોક પકડીને બેઠા હોવાનું પણ સુત્રોએ ઉમેર્યુ હતું.

ચણાની આયાત મુખ્યત્વે ઓસ્ટ્રેલિયા ખાતેથી જ્યારે પીળા વટાણા કેનેડા તથા યુક્રેન ખાતેથી થાય છે. ટ્રેડરો સંગ્રહખોરી ન કરે તેની ખાતરી રાખવા કેન્દ્ર સરકાર સ્ટોક લિમિટ ઉપરાંત સ્ટોકની માહિતી પૂરી પાડવાનું ફરજિયાત જેવા પગલાં લઈ રહી છે.

ઘઉંના વાવેતર વિસ્તારમાં ૨૬ વર્ષના સૌથી મોટા ઘટાડાની સંભાવના

અમદાવાદ, તા. ૨૧

એક દાયકા કરતાં પણ વધુ સમયના સૌથી નબળા ચોમાસાના વરસાદને કારણે સુકાયેલા ખેતરો ખેડૂતોને વધુ સારા વળતરની શોધમાં અન્ય હરીફ પાકો તરફ વળવા પ્રેરી રહ્યા હોવાથી, ભારતમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ૨૬ વર્ષનો સૌથી મોટો ઘટાડો થવાની સંભાવના છે, તેમ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

આગામી સમયમાં ભાવમાં વધારો થશે

વાવેતરમાં થયેલો ઘટાડો અને તીવ્ર અલ નીનો હવામાનની પેટર્નને કારણે નીચી ઉપજનું જોખમ, વિશ્વના બીજા સૌથી મોટા ઘઉં ઉત્પાદક દેશમાં ઉત્પાદન ઘટાડવાનો ભય પેદા કરે છે, જેના પરિણામે ભાવમાં વધારો થશે અને ખાદ્ય ફુગાવાને નિયંત્રિત કરવાના પ્રયાસો વધુ જટિલ બનશે.

ખેડૂતોએ જણાવ્યું હતું કે, ઘઉંને ઓછામાં ઓછા ચારથી પાંચ વખત પિયત આપવાની જરૂર પડે છે, પરંતુ પાકની વાવણી કરવા માટે પણ પૂરતું પાણી નથી. તેથી અમે તેના બદલે ચણાની પસંદગી કરી, કારણ કે તેને ઓછા પાણીની જરૂર પડે છે. ઘઉં, જે શિયાળુ (રવિ) પાક છે, તે સામાન્ય રીતે વાવેતર વિસ્તાર માટે રાયડો, ચણા અને મકાઈ સાથે હરીફાઈ કરે છે.

જૂન-સપ્ટેમ્બર દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનો વરસાદ એક દાયકા કરતાં પણ વધુ સમયમાં સૌથી ઓછો રહ્યો હતો, કારણ કે અલ નીનોની શુષ્ક અસરને કારણે પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા મુખ્ય ઘઉં ઉત્પાદક રાજ્યોમાં સરેરાશ કરતાં ૪૧% સુધી ઓછો વરસાદ પડ્યો હતો.

તુલસી વિવાહથી શરૂ થયેલી લગ્નસરાની મોસમમાં ઘરાકી નીકળવા જ્વેલર્સને આશા

મુંબઈ, તા. ૨૧

આજથી શરૂ થયેલી લગ્નસરાની મોસમ ટાંકણે જ સોનાચાંદીના ભાવમાં થયેલા જોરદાર ઘટાડાને કારણે જ્વેલર્સ ઘરાકી નીકળવાની આશા રાખી રહ્યા છે, પરંતુ ઊંચા ભાવે સ્ટોક કરી બેઠેલા જ્વેલર્સ નીચા ભાવે સોનુ વેચવામાં ખચકાટ અનુભવતા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

ભાવ ઘટતા ઘરાકો દ્વારા પૂછપરછમાં વધારો

ઊંચા ભાવને કારણે લગ્નસરાની ખરીદી અટકાવી રાખેલા અથવા નીચા કેરેટનું સોનુ ખરીદવાની યોજના ધરાવતા પરિવારો હવે ઘરેણાં ખરીદવા માટેની યોજનામાં ફેરફાર કરી રહ્યાનું પણ જોવા મળી રહ્યુ છે.

સોનાના ભાવ તેની વર્તમાન વર્ષના પ્રારંભની ટોચેથી દસ ગ્રામ દીઠ લગભગ ૫૫૦૦૦ જેટલા તૂટી ગયા છે. અમેરિકામાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દર વધારશે તેવી ગણતરીએ વિશ્વ બજારમાં ફન્ડો સોનુ વેચી રહ્યા છે અને ડોલરમાં રોકાણ વધારી રહ્યા છે. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ સોનામાં ઘટાડો થઈ રહ્યો છે. સોના પાછળ અન્ય કિંમતી ધાતુ ચાંદીના ભાવ પણ ઘટી ગયાનું છે.

આજના તુલસી વિવાહનો દિવસ લગ્નસરાની ખરીદી શરૂ કરવા માટે શુકનિયાળ દિવસ ગણવામાં આવે છે, ત્યારે આજથી નીચા ભાવે ઘરાકી નીકળવાની અપેક્ષા છે, પરંતુ અમારી પાસે ઊંચા ભાવનો સ્ટોક હોવાથી અમારે ગ્રાહકોને ઓફર આપતા વિચારવું પડે છે, એમ તેમણે વધુમાં જણાવ્યુ હતું.

ઊંચા ભાવને કારણે ગ્રાહકો જે અગાઉ ૧૮ કેરેટનું સોનુ ખરીદવા યોજના ધરાવતા હતા તેઓ હવે વીસ કે બાવીસ કેરેટ સોનાના ઘરેણાં માટે પૂછપરછ કરવા લાગ્યા છે.

એક અંદાજ પ્રમાણે દેવઉઠી એકાદશી એટલે કે ૨૧ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બરના ગાળામાં દેશભરમાં આશરે બાવન લાખ લગ્નો થવા જઈ રહ્યા છે.

બિટકોઈનમાં નવેમ્બરમાં ૨૦% કડાકો : ભાવ ૫૫,૮૩૦ ડોલર સુધી ગબડ્યા

મુંબઈ તા.૨૧

વૈશ્વિક મોરચે અમેરિકી શેર બજારોમાં કડાકા સાથે હવે ક્રિપ્ટોકરન્સી માર્કેટ ધડામ પછડાયું છે. બિટકોઈનનો ભાવ ઘટીને ૫૬,૦૦૦ ડોલરથી ૫૮,૦૦૦ ડોલરની રેન્જમાં આવી ગયો છે. જેશુક્રવારે ૫૫,૮૩૦ ડોલર સુધી ગબડ્યો હતો. આ સાથે બિટકોઈનના ભાવમાં નવેમ્બર મહિનામાં જ ૨૦ ટકાનું ગાબડું પડી ગયું છે.

૧૯, નવેમ્બરે અમેરિકાના સ્પોટ બિટકોઈન ઈટીએફમાંથી ૫૮૨.૩ મિલિયન ડોલરનો નેટ આઉટફ્લો-ઉપાડ નોંધાયો હતો. વિશ્વની સૌથી મોટી એસેટ મેન્જમેન્ટ કંપની બ્લેકરોકના આઈશેર્સ બિટકોઈન ટ્રસ્ટ (આઈબીઆઈટી)માંથી એક જ દિવસમાં ૫૪૧.૧ મિલિયન ડોલરનું રોકાણ પાછું ખેંચાયું હતું. ઈટીએફ શરૂ થયા બાદનો આ સૌથી મોટો એક દિવસીય આઉટફ્લો હતો. ૧૯, નવેમ્બર સુધીમાં અમેરિકન સ્પોટ બિટકોઈન ઈટીએફમાંથી ૩.૪૭ અબજ ડોલરનું રોકાણ પાછું ખેંચાયું છે.

CLASSIFIEDS

પ્રાઈમ પ્રોપર્ટી

ગુજરાત સમાચાર

નવા સપ્તાહમાં નિફ્ટી ૨૬૦૦૦ કુદાવતા ૨૬૩૦૦ અને સેન્સેક્સ ૮૫૦૦૦ ઉપર ૮૫૬૦૦ જોવાશે

મુંબઈ, શનિવાર

અમેરિકામાં મિડ-ટર્મ ચૂંટણીના ટ્રમ્પ વિરૂધ્ધ પરિણામો અને ભારતીય શેર બજારોમાં દિવાળી બાદ સંવત ૨૦૮૩ની શરૂઆત સાથે ટૂંકાગાળામાં ફોરન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો શેરોમાં જંગી ખરીદદાર બનતાં અણધારી રેકોર્ડ તેજી જોવાઈ છે. છેલ્લા દોઢ વર્ષથી વૈશ્વિક મોટા બજારોમાં તેજીથી વિપરીત ભારતીય શેર બજારોમાં ઓવર વેલ્યુએશનને લઈ વિદેશી સંસ્થાકીય રોકાણકારો સતત વેચવાલ બનતાં ઘણા શેરોમાં નેગેટીવ વળતર હાથ લાગતા રિટેલ રોકાણકાર વર્ગમાં નિરાશા છવાયેલી હતી. હવે વિદેશી ફંડોની તેજીના જોરે ફરી શેરોમાં પોઝિટીવ, સારા વળતરની અપેક્ષાએ તેજી ઈન્ડેક્સ બેઝડ વિક્રમી સપાટી તરફ આગળ વધી રહી છે. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની શેરોમાં પાછલા એક મહિનામાં એકંદર વેચવાલી સામે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ.એક લાખ કરોડથી વધુ રકમના શેરોની ખરીદીએ સેન્સેક્સ ૮૪૦૦૦ની સપાટી અને નિફ્ટી ૨૫૮૦૦ની સપાટી પાર કરી છે. ચાઈના, અમેરિકા, રશિયાની તાજેતરમાં એપેક મીટિંગમાં યુદ્ધના અંત તરફી સંકેત અને બીજી તરફ વૈશ્વિક બજારોમાં સોના અને ચાંદીમાં તેજીનો ફુગ્ગો ફૂટી જઈ વૈશ્વિક ફંડો ઈક્વિટી બજારો ખાસ ભારતમાં મોટાપાયે ખરીદદાર બન્યા છે. જેના પરિણામે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો પણ ઝડપી મજબૂત બની રહ્યો છે. અમેરિકી શેર બજારોમાં ધબડકા સામે વૈશ્વિક ફંડો ખાસ આકર્ષક વેલ્યુએશન ધરાવતા બજારોમાં રોકાણ તરફ વળ્યા છે. રૂપિયો મજબૂત બનવા ઉપરાંત, ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડા સહિતના પોઝિટીવ પરિબળો જોતાં અને વિદેશી ફંડોનો રોકાણ પ્રવાહ હજુ વહેતો રહેવાના સંજોગોમાં આગામી નવા સપ્તાહમાં સેન્સેક્સ ૮૫૦૦૦ની સપાટી કુદાવતા ૮૫,૬૦૦ અને નિફ્ટી ૨૬,૦૦૦ની સપાટી કુદાવતા ૨૬,૩૦૦ જોવાઈ શકે છે.

અર્જુનની આંખે : RANE (MADRAS) LTD.

બીએસઈ(૫૩૨૬૬૧), એનએસઈ (RML) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, રાણે (મદ્રાસ) લિમિટેડ(RANE (MADRAS) LIMITED), રાણે ગ્રુપે એનસીએલટીની માર્ચ ૨૦૨૫માં મળેલી મંજૂરી બાદ રાણે બ્રેક લાઈનિંગ અને રાણે એન્જિન વાલ્વનું રાણે (મદ્રાસ) લિમિટેડમાં મર્જર-વિલીનીકરણ કર્યું છે. વર્ષ ૧૯૩૬માં સ્થાપિત અને ચેન્નઈમાં મુખ્ય મથક ધરાવતું રાણે ગ્રુપ શરૂઆતમાં ઓટોમોટિવ ડિસ્ટ્રીબ્યુટર તરીકે કાર્યરત હતું. અત્યારે કંપની પ્રિસિઝન એન્જિનિયરિંગ કમ્પોનન્ટ્સનું એક પ્રતિષ્ઠિત વૈશ્વિક ઉત્પાદક ગ્રુપ બની ગયું છે. છેલ્લા નવ દાયકામાં ગ્રુપે પોતાની ઉત્પાદન ક્ષમતામાં સતત વધારો કર્યો છે. જે પેસેન્જર વ્હીકલ્સ, કોમર્શિયલ વ્હીકલ્સ, ફાર્મ ટ્રેક્ટર્સ, ટુ-વ્હીલર્સ, રેલવે અને ઓફ-હાઈવે ક્ષેત્રો સહિત મોબિલિટી અને ઔદ્યોગિક ક્ષેત્રોની વિવિધ જરૂરિયાતો પૂરી પાડે છે.

રાણે (મદ્રાસ) લિમિટેડની વૈશ્વિક હાજરીમાં ભારતમાં અને મેક્સિકોમાં કુલ ૩૩ મેન્યુફેકચરિંગ લોકેન્સ, ભારતમાં, યુ.એસ.એ., જર્મની અને જાપાનમાં સેલ્સ ઓફિસો, ૩૦થી વધુ દેશોમાં ગ્રાહકોને સર્વિસ પૂરી પાડે છે. વર્ષ ૧૯૬૦માં સ્થાપિત રાણે (મદ્રાસ) લિમિટેડ (આરએમએલ), ચેન્નઈ સ્થિત રાણે ગ્રુપ ઓફ કંપનીઝનો એક ભાગ છે.

કંપનીના બે મુખ્ય ડિવિઝન છે. (૧) સ્ટિયરિંગ એન્ડ લિન્કેજિસ ડિવિઝન-એસએલડી (૨) લાઈટ મેટલ કાસ્ટિંગ્સ ઈન્ડિયા ડિવિઝન-એલએમસીઆઈ છે. કંપનીની વિદેશી સબસીડિયરી રાણે લાઈટ મેટલ કાસ્ટિંગ્સ ઈન્ક. (આરએલએમસીએ) દ્વારા યુ.એસ.એ.ના કેન્ટુકી ખાતેના પ્લાન્ટમાં હાઈ પ્રેશર લાઈટ મેટલ કાસ્ટિંગ કોમ્પોનન્ટ્સનું ઉત્પાદન કરવામાં આવે છે.

મેન્યુફેકચરિંગ સવલતો : કંપની કુલ ૧૭ મેન્યુફેકચરિંગ પ્લાન્ટોનું સંચાલન કરે છે. જેમાં ભારતમાં તેના પ્લાન્ટો રૂદ્રપુર, સાણંદ, હૈદરાબાદ, તુમકુર, મૈસુર, ત્રિચી, ચેન્નઈ અને પુડુચેરી સ્થિત છે. આ ઉપરાંત મેક્સિકોમાં પણ આંતરરાષ્ટ્રીય ઉત્પાદન એકમ છે.

આંતરરાષ્ટ્રીય હાજરી : કંપનીની વૈશ્વિક હાજરીમાં નોર્થ અમેરિકા- યુ.એસ.એ., કેનેડા અને મેક્સિકો, સાઉથ અમેરિકામાં બ્રાઝિલ, આફ્રિકા, ઓશનિયા, યુરોપ, એશિયા અને મધ્ય પૂર્વના ૨૮ દેશોમાં વ્યાપક નેટવર્ક ધરાવે છે.

બિઝનેસ સેગ્મેન્ટ પ્રમાણે આવક-હિસ્સો : સ્ટિયરિંગ એન્ડ લિન્કેજિસ ૪૭ ટકા, આફ્ટરમાર્કેટ ૧૯ ટકા, બ્રેક કોમ્પોનન્ટસ ૧૫ ટકા, એન્જિન કોમ્પોનન્ટસ ૧૩ ટકા અને લાઈટ મેટલ કાસ્ટિંગ્સ ૬ ટકા છે.

કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો :

(૧) બીજા ત્રિમાસિક જુલાઈ ૨૦૨૬થી સપ્ટેમ્બર ૨૦૨૬ :

ચોખ્ખી આવક ૩૫ ટકા વધીને રૂ.૧૨૩૭ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૫૭ ટકા વધીને રૂ.૪૯ કરોડ નોંધાવી, નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૨.૯૭ ટકા થકી ચોખ્ખો નફો ૬૧ ટકા વધીને રૂ.૩૭ કરોડ નોંધાવી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૧૩.૩૮ હાંસલ કરી છે.

(૨) અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭ :

અપેક્ષિત ચોખ્ખી આવક રૂ.૪૮૦૦ કરોડ થકી કરવેરા પૂર્વેનો નફો રૂ.૨૬૦ કરોડ અપેક્ષિત સાથે ચોખ્ખો નફો રૂ.૧૯૪ કરોડ મેળવી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૭૦ અપેક્ષિત છે. ઉપરોક્ત તમામ આંકડા એક્સ્ટેપ્શનલ પ્રોફિટ વગરના છે. એક્સ્ટેપ્શનલ પ્રોફિટ સહિત કંપની અપેક્ષિત ચોખ્ખો નફો રૂ.૪૯૪ કરોડ મેળવી, શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૧૭૯ અપેક્ષિત છે.

બુક વેલ્યુ : વર્ષ ૨૦૨૨માં રૂ.૧૪૦, વર્ષ ૨૦૨૩માં રૂ.૧૪૮, વર્ષ ૨૦૨૪માં રૂ.૧૫૭, વર્ષ ૨૦૨૫માં રૂ.૪૦૫, વર્ષ ૨૦૨૬માં રૂ.૨૭૧, અપેક્ષિત વર્ષ ૨૦૨૭માં રૂ.૪૫૦

ડિવિડન્ડ : વર્ષ ૨૦૨૨માં કંઈ નહીં, વર્ષ ૨૦૨૩માં કંઈ નહીં, વર્ષ ૨૦૨૪માં કંઈ નહીં, વર્ષ ૨૦૨૫માં ૮૦ ટકા, વર્ષ ૨૦૨૬માં ૧૬૦ ટકા.

શેર હોલ્ડિંગ પેટર્ન : પ્રમોટર્સ પાસે ૭૦ ટકા, સંસ્થાકીય રોકાણકારો પાસે ૧.૪૬ ટકા, રિટેલ રોકાણકારો હસ્તક ૧૭.૧૩ ટકા અને એચએનઆઈ, કોર્પોરેટ્સ પાસે ૧૧.૪૧ ટકા છે.

ઓપરેટિંગ પ્રોફિટ માર્જિન : વર્ષ ૨૦૨૨માં ૪.૩ ટકા, વર્ષ ૨૦૨૩માં ૮ ટકા, વર્ષ ૨૦૨૪માં ૮ ટકા, વર્ષ ૨૦૨૫માં ૮ ટકા, વર્ષ ૨૦૨૬માં ૯ ટકા.

શેર દીઠ કમાણી-ઈપીએસ : વર્ષ ૨૦૨૨માં રૂ.૬.૫૫, વર્ષ ૨૦૨૩માં રૂ.૧૮.૪૬, વર્ષ ૨૦૨૪માં રૂ.૩૩.૬૭, વર્ષ ૨૦૨૫માં રૂ.૨૩.૧૫, વર્ષ ૨૦૨૬માં રૂ.૩૮.૮૯, અપેક્ષિત વર્ષ ૨૦૨૭માં રૂ.૭૦

કમ્પાઉન્ડેડ વેચાણ વૃદ્ધિ : ૧૦ વર્ષમાં ૧૬ ટકા, પાંચ વર્ષમાં ૨૫ ટકા, ત્રણ વર્ષમાં ૧૮ ટકા, ટીટીએમ ૨૩ ટકા.

કમ્પાઉન્ડેડ પ્રોફિટ ગ્રોથ : ૧૦ વર્ષમાં ૨૨ ટકા, પાંચ વર્ષમાં ૩૦ ટકા, ત્રણ વર્ષમાં ૪૭ ટકા, ટીટીએમ ૫૦ ટકા

શેર ભાવ સીએજીઆર : ૧૦ વર્ષમાં ૧૨ ટકા, પાંચ વર્ષમાં ૨૭ ટકા, ત્રણ વર્ષમાં ૧૩ ટકા, ટીટીએમ ૫૧ ટકા

આમ(૧) લેખક ઉપરોકત કંપનીના શેરમાં કોઈ રોકાણ ધરાવતા નથી. લેખકના રીસર્ચ માટેના સ્ત્રોતોનું અંગત પ્રત્યક્ષ કે પરોક્ષ હિત-રોકાણ હોઈ શકે છે. કોઈપણ રોકાણ નિર્ણય લેતાં પહેલા ક્વોલિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરની સલાહ લેવી. રોકાણ પર સંભવિત કોઈ નુકશાની માટે લેખક, ગુજરાત સમાચાર કે અન્ય કોઈપણ વ્યક્તિ જવાબદાર રહેશે નહીં. (૨) મેસા માર્કર કંપની રાણે બ્રેક લાઈનિંગ અને રાણે એન્જિન વાલ્વનું ૭૦ ટકા પ્રમોટર્સ હોલ્ડિંગ ધરાવતી, રાણે(મદ્રાસ) લિમિટેડમાં મર્જર કરવામાં આવ્યું છે, એ કંપની નાણા વર્ષ ૨૦૨૬-૨૭માં અપેક્ષિત કોન્સોલિડેટેડ ઈપીએસ રૂ.૭૦ (જેમાં રૂ.૩૦૦ કરોડના એક્સ્ટેપ્શનલ પ્રોફિટનો સમાવેશ નથી) અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૪૫૦ સામે શેર રૂ.૧૧૬૯ ભાવે, ઓટો એન્સિલરીઝ ઉદ્યોગના સરેરાશ ૩૭ના પી/ઈ સામે ૧૬.૭૦ના પી/ઈએ ઉપલબ્ધ છે.

RANE (MADRAS) ઓટો એન્સિલરીઝ ઉદ્યોગના સરેરાશ ૩૭ના પી/ઈ સામે ૧૬.૭૦ના પી/ઈએ ઉપલબ્ધ

સોના-ચાંદીમાં ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ઘટાડોઃ કિંમતી ધાતુઓમાં નરમાઈનો પ્રવાહ આગળ વધ્યો

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ, શનિવાર

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી પરંતુ બંધ બજારે સોના-ચાંદીમાં મંદી આગળ વધી હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. વિશ્વબજારમાં ભાવ વધુ ઘટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધુ નીચી ઉતરી હતી. દરમિયાન, સરકારે ઈમ્પોર્ટરો માટે ડોલરના કસ્ટમ એક્સચેન્જના દર રૂ.૯૫.૩૫થી ઘટાડી રૂ.૯૪.૧૦ કર્યાના સમાચાર મળ્યા હતા. આના પગલે દેશમાં આયાત થતા સોના- ચાંદીની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટી ઘટી છે. દરમિયાન, વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૩૫૭૪ વાળા નીચામાં ૩૫૧૪ થઈ છેલ્લે ભાવ ૩૫૩૮થી ૩૫૩૯ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વિશ્વબજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવ ૧૦ગ્રામના વધુ રૂ.૧૦૦૦ તૂટી ૯૯૫ના ભાવ રૂ.૧૨૭૩૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૨૮૦૦૦ બોલાતા થયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૨૦૦૦ તૂટી રૂ.૧૫૩૦૦૦ બોલાયા હતા.વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૪૨.૨૮ વાળા ઘટી ૪૧.૧૧ થઈ ૪૧.૧૬ ડોલર છેલ્લે રહ્યા હતા.

સોનામાં વિકલી કડાકામાં આઠ મહિનાનો રેકોર્ડ તૂટ્યોઃ ફૂડના ભાવ ઉંચકાયા

દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર વધુ રૂ.૯૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૨૨૫૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૨૩૧૦૦ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર વધુ રૂ.૩૩૦૦ ઘટી રૂ.૧૪૯૨૦૦ બોલાયા હતા. આજે બંધ બજારે ડોલરના ભાવ રૂ.૯૨.૬૭ વાળા વધી રૂ.૯૨.૭૩થી ૯૨.૭૪ બોલાતા હતા.

દરમિયાન, ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૩.૯૫ થઈ ૧૦૩.૮૪ રહ્યો હતો. વિશ્વબજારમાં સોનામા ભાવમાં સાપ્તાહિક ઘટાડામાં ૮ મહિનાનો રેકોર્ડ તૂટ્યો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. કૂડતેલ બજારમાં બ્રેન્ટકૂડના ભાવ જોકે બેરલના ૯૧.૭૦ વાલા વધી ૯૩.૦૭ થઈ ૯૨.૫૭ ડોલર રહ્યા હતા. જોકે આ સપ્તાહમાં કૂડના ભાવ ત્રણ ટકા તથા ચાંદીના ભાવ ૧૬ ટકા અને એલ્યુમિનિયમના ભાવ ૬ ટકા ઘટ્યા છે. સોનાના ભાવ નવ ટકા તૂટ્યા છે.

વિશ્વબજારમાં સોયાતેલના ભાવ ઘટ્યા જ્યારે સોયાબીનના ઉંચકાયા

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ, શનિવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે વિવિધ દેશી તથા આયાતી ખાદ્યતેલોના ભાવ બેતરફી સાંકડી વધઘટે અથડાતા રહ્યા હતા. નવી માગ ધીમી રહી હતી. દરમિયાન, વિશ્વબજારમાં અમેરિકાના કૃષી બજારોમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાબીન તથા સોયાખોળના ભાવ ઉછળ્યા હતા જ્યારે સોયાતેલના ભાવ ઘટાડા પર રહ્યા હતા. કૂડતેલના વૈશ્વિક ભાવ ઘટયા મથાળેથી ફરી ઉંચકાતાં આયાતી ખાદ્યતેલોની બજારના ખેલાડીઓની નજર કૂડ બજાર તથા ફરન્સી બજાર પર રહી હતી. દરમિયાન, મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ વધતા અટકી ૧૦ કિલોના રૂ.૨૦ ઘટતા હાજર એરંડાના ભાવ કિવ.ના રૂ.૧૦૦ નીચા બોલાતા થયા હતા.

દરમિયાન, સરકારે આયાતકારો માટે ડોલરના કસ્ટમ એક્સચેન્જના દર રૂ.૯૫.૩૫થી ઘટાડી રૂ.૯૪.૧૦ કર્યાના સમાચાર હતા તથા તેના પગલે દેશમાં આયાત કરાતાં વિવિધ ખાદ્યતેલોની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ઘટાડો થયો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. કૂડ પામ ઓઈલ સીપીઓની આવી ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ટનદીઠ રૂ.૧૫૭નો ઘટાડો થયો છે જ્યારે પામોલીનની આવી ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટી રૂ.૪૫૫ ઘટી છે સામે સોયાતેલ ડિગમના ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં રૂ.૧૭૭નો ઘટાડો થયો હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા.

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૫૦૦૦૦-૧૫૩૦૦૦
ચાંદી રૂપુ ૧૪૯૮૦૦-૧૫૨૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૨૭૦૦૦-૧૨૮૦૦૦
સોનું (૯૯.૫) ૧૨૬૭૦૦-૧૨૭૩૦૦
હોલમાર્ક ૧૨૫૪૪૦

રાજકોટ

ચાંદી ૧૫૨૧૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૨૬૦૦૦
સીક્કા (૧ ગ્રામ)૧૨૬૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૧૪૬૦૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૮૦૦-૧૮૨૫
સોનુ ૨૪ કેરેટ ૧૨૬૦૦૦
૧ કિલો ચાંદી ૧૫૨૧૦૦

ચીમનભાઈ માર્કેટ

બટાકા દેશી ૧૦૦-૧૮૦
બટાકા ડીસા ૧૫૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૧૦૦

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૪૯૨૦૦
મુંબઈ સોનું (૯૯.૫) ૧૨૨૫૦૦
મુંબઈ (૯૯.૯) ૧૨૩૧૦૦
અમ. ચાંદી ૧૫૩૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૨૮૦૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૨૭૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૦૦
અમ. કપાસિયા નવો ૨૬૩૦

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૯૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૪૫૦-૨૬૩૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૦૦
સોયાબીન નવો ડબો ૨૫૦૦
દિવેલ ૨૮૦૦
પામોલીન જુનો ડબો ૨૧૫૦
પામોલીન નવો ડબો ૨૩૦૦
કોપરેલ ૪૩૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૨૯૫૦

CLASSIFIEDS નોકરી વિષયક

Advt Contact:8799236001/2/3

ગુજરાત સમાચાર રવિવારી પૂરવણીમાં

વિદ્યા-વ્યાસંગ

જરૂર છે શિક્ષક, ગુજરાતી અને હિન્દી માધ્યમ માટે, નવીન, વિશાળ, બગીચા, સંકુલ અને રમણીય, માટે B. A., B. Sc., B. Com, B. Ed, PTC, બોગસ, અમદાવાદ. MONEYVIEW

જરૂરિયાત છે શિક્ષક, અનુભવી, પ્રેરણા ભરી ટી. વાય. પાળી, નવીન, આકર્ષણમય, બગીચા વિશાળ મધ્યે વિદ્યા વિહાર-બાવળ, બગોદરા BAGODARA

જનરલ

જરૂરિયાત છે મોટે ભાઈઓની, ગુજરાતી અને બહારના જીલ્લા, તાલુકા માટે, પગારઃ- MONEYVIEW

ફોરેન મર્ચન્ટાઈલ

ફોરવર્ડિંગ એજન્ટ

જરૂરિયાત છે ફોરવર્ડિંગ એજન્ટની, ઉંમર: ૨૫ થી ૩૫ વર્ષ, ઈન્ટર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય માટે- MONEYVIEW

જરૂરિયાત છે ફોરવર્ડિંગ એજન્ટની: જેમાં અનુભવી, જેમને ફોરવર્ડિંગ કે ગુજરાત, મહારાષ્ટ્રના MONEYVIEW

જરૂરિયાત છે ઓટોમોટિવ ઓપરેશન એકાઉન્ટન્ટ, જેમાં અનુભવી, Detail Knowledge Hand of B.S.L Dealership, All ગુજરાત માટે મારે ઓપ્સ, લી. ઓ. ઓપ્સ, Ahmedabad. MONEYVIEW

જરૂરિયાત છે ઓટોમોટિવ ઓટો માટે અનુભવી જેમા ઈન્વેન્ટરી મેનેજમેન્ટનો અનુભવ MONEYVIEW

ફોરેન પોઝિશનવાળી

Required Marketing Executive with 2- 3 years of experience and knowledge of the Valve Industry. Contact MONEYVIEW, MONEYVIEW

Required Sales Executive, For Real Estate Office, 2 Years Experience At, Nanapura Ste- MONEYVIEW, 7575106287

જરૂરિયાત છે ૨૫ થી ૩ વર્ષ અનુભવવાળા ફોરેન એજન્સીમાટે ઈમ્પ એક્સપોર્ટ ઓફિસ માટે ઓફિસર ઓપરેશન માટેની MONEYVIEW

જરૂરિયાત છે, ફોરેન જોબવર્ક, ફોરેન ઓપરેશનો, ઈન્ડો ફોરેન- ફોરેન માટે ઓપ્સ માટે ગ્રેજ્યુએટ, ૨૫ થી ૩૫ વર્ષ, ઈન્ટર એ, CDDC, પગાર. MONEYVIEW

ટ્રેડીંગ કંપની

જરૂરિયાત છે ફોરેન ટ્રેડર્સ માટે ઈમ્પોર્ટ એક્સપોર્ટ, ઈન્ડો ફોરેન- ફોરેન માટે ઓપ્સ માટે ગ્રેજ્યુએટ, ૨૫ થી ૩૫ વર્ષ, ઈન્ટર એ, CDDC, પગાર. MONEYVIEW

ફોરેન

જરૂરિયાત છે ફોરેન ઓપ્સ માટે ઈમ્પોર્ટ એક્સપોર્ટ, ઈન્ડો ફોરેન- ફોરેન માટે ઓપ્સ માટે ગ્રેજ્યુએટ, ૨૫ થી ૩૫ વર્ષ, ઈન્ટર એ, CDDC, પગાર. MONEYVIEW

ઓફિસ

જરૂરિયાત છે ઓફિસ, ઓપ્સ માટે, ઈમ્પોર્ટ- ફોરેન, ફોરેન ઓપ્સ, ઈન્ડો ફોરેન- ફોરેન

ભારત સાથે શાંતિની ડાહી-ડાહી વાતો કરતાં ચીને સરહદ પર જબરદસ્ત લશ્કરી જમાવટ કરવામાં કશું બાકી રાખ્યું નથી

ભારતની પ્રગતિ

(પહેલા પાનાનું ચાલુ)

યુદ્ધ દરમિયાન ચાઇનીઝ કર્મચારીઓએ પાક.ને ઓનલાઇટ ટેકનિકલ સપોર્ટ પૂરો પાડ્યો હતો. આ ઉપરાંત કમિશને ભારતીય લશ્કરી અધિકારીઓને તે આક્ષેપોને પણ ટાંક્યા હતા જેમા તેઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાનને ચીનનો ઇન્ટેલિજન્સ સપોર્ટ કે સેટેલાઇટ સપોર્ટ મળ્યો છે. જો કે બૈજિંગે આ દાવાને સમર્થન આપ્યું ન હતું. ખાસ પ્રકારની ચુપ્પી સાધેલી રાખી હતી.

ભારત અને ચીન ૨૦૨૪માં બોર્ડર ડિસએન્ગેજમેન્ટ એગ્રીમેન્ટ કરીને રાજકીય સંબંધો પૂર્વવત કરવા ફરીથી પ્રયત્નશીલ છે ત્યારે આ રિપોર્ટ આવ્યો છે. પંચે સ્પષ્ટ જણાવ્યું છે કે ભારત સાથે શાંતિની ડાહી-ડાહી વાતો કરતાં ચીને વાસ્તવિક અંકુશ રેખા પર તેના લશ્કરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સંખ્યામાં નોંધપાત્ર વધારો કર્યો છે. અહેવાલે જણાવ્યું હતું કે ચીને આ માટે ચાઇનીઝ મશીનરી, ક્રિટિકલ મટીરિયલ અને ઇન્ડસ્ટ્રીયલ ટેકનોલોજીમાં ભારતના તેના પરના આધારનો ઉપયોગ ભારતને દબાવવા કર્યો હતો.

હૈદરાબાદમાં

(૧૭મા પાનાનું ચાલુ)

પ્રભારી મનીષ શર્માના હેન્ડલ્સ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. સાથે જ મુંબઈ યુવા કોંગ્રેસે બીકેસીમાં મેટાની ઓફિસ બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દેખાવો ભારતીય યુવા કોંગ્રેસના નેતાઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ સસ્પેન્ડ કરવાના વિરોધમાં હતા. તેમનો આક્ષેપ છે કે ભાજપ અને આરએસએસની ટીકા કરવાના અવાજો દબાવવા માટે આ એકાઉન્ટ સસ્પેન્ડ કરાયા હતા. કોંગ્રેસ કાર્યકરોએ દાવો કર્યો કે ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય ભાનુ ચિબ અને રાષ્ટ્રીય પ્રભારી મનીષ શર્માના એકાઉન્ટ સ્પેન્ડ કરવા એ સોશિયલ મીડિયા પર અસહમતિ વ્યક્ત કરતા અવાજોને ચૂપ કરાવવાનો પ્રયત્ન છે.

કોંગ્રેસ કાર્યકરોની તોડફોડના વીડિયોમાં જોવા મળે છે કે તેઓ મેટાની ઓફિસની ગલીઓ અને કાફેટેરિયાવાલા વિસ્તાર પાસે દોડી રહ્યા છે. કેટલાક કર્મચારી કૂંડા તોડી રહ્યા છે. ઈન્ડિયન યુથ કોંગ્રેસે એક્સ પર એક પોસ્ટમાં મેટાને હિંમત બતાવવા કહ્યું અને પ્રતિબંધિત એકાઉન્ટ તથા પોસ્ટ સાત દિવસમાં ફરીથી શરૂ કરવા અલ્ટિમેટમ આપ્યું હતું. સાથે જ તેમણે ચેતવણી આપી કે તેમની માગો માનવામાં નહીં આવે તો તેઓ કોર્ટ, રસ્તા અને ઓફિસો સુધી તેમનો વિરોધ નોંધાવશે.

સોનું નહીં

(૧૭મા પાનાનું ચાલુ)

કદર થવાની છે. જેઓ કુશળ કારીગર છે તેમની માગ વધવાની છે. હું વિદેશ જાઉં છું તો ત્યાંના રોયલ પરિવારના લોકો હંમેશા એક વાત કરે છે કે અમારા ત્યાં જે શાનદાર આધુનિક શહેરો જોવા મળી રહ્યા છે તે અમારા પૈસાથી નહીં હિન્દુ સ્તાનના કારીગરોની મહેનતથી બનેલા છે. દુબઈની રોનક હોય કે અબુધાબીની ચમક ભારતના કારીગરોના હુનર અને તેમના પરિશ્રમનું પરિણામ છે.

તેમણે ઉમેર્યું, આજે આખી દુનિયા ભારતના લોકોને માગી રહી છે. આઈટીઆઈટીથી નીકળેલા લોકોની માગ કરી રહી છે. આગામી ૨૦ વર્ષ પછી વિકસિત ભારત કૌશલ, સ્કિલનું સન્માન કરીને જ આગળ વધી શકે છે. આઈઆઈટીના વિદ્યાર્થીઓ જેટલું જ સન્માન આઈટીઆઈના બાળકોનું પણ થશે. ભારતે છેલ્લા ૧૨ વર્ષમાં દુનિયાને બતાવી દીધું છે કે તે હદો તોડી શકે છે અને નવી સંભાવનાઓના દરવાજા ખોલી શકે છે. તેમણે વિદ્યાર્થીઓને વિકસિત ભારત વિઝનને અનુસરવા વિનંતી કરી હતી.

સુપ્રીમના

(૧૭મા પાનાનું ચાલુ)

હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે સાથે જ પ્રશાસનની આ ચૂક અંગે અનેક સવાલો ઉઠી રહ્યા છે. ઓવૈસી ગાર્ડ ઓફ ઓનર મળ્યા બાદ ભીમ આર્મી ચીફ ચંદ્રશેખરને મળવા માટે પહોંચી ગયા હતા. વિવાદ વધ્યા બાદ ઉત્તર પ્રદેશ પોલીસે પોતાની ભુલ સ્વીકારી હતી.

આ સમગ્ર મામલે એસપી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેમ સહારનપુર પોલીસ દ્વારા જારી એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

હિસાબ કિતાબનો

(પહેલા પાનાનું ચાલુ)

કહ્યું હતું કે યુવાનો આ સરકાર પ્રત્યે હાલ બહુ જ ગુસ્સો ધરાવે છે તે વાતનો વડાપ્રધાન મોદીને અહેસાસ થઇ ગયો છે. આ સરકાર નોકરીઓ આપવામાં કે યોગ્ય રીતે પરીક્ષાઓ યોજવામાં નિષ્ફળ રહી છે.

દેશમાં સ્કૂલોની હાલત બહુ જ ખરાબ છે. લોકોએ વડાપ્રધાન મોદી અને ભાજપ શાસિત રાજ્યોની સરકારોને સિસ્ટમ બદલવા માટે બહુ જ વધુ સત્તા આપી છે. કામ થવાના બદલે ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે.

વિદેશમાં

(૧૭મા પાનાનું ચાલુ)

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં આવેલી તેજીના સાથે રાજકીય રીતે વિવાદનો મુદ્દો બની ગઈ છે.

ટ્રમ્પ તંત્રએ સોમવારે એડવાન્સ્ડ યુએસ કમ્પ્યુટિંગ ચિપ્સ અને સર્વરનું રિમોટ એક્સેસ મર્યાદિત કરતાં નવા નિયમો જારી કર્યા હતા. તેના કારણે ચીન માટે અમેરિકન ચિપ્સનું એક્સેસ મર્યાદિત બની જશે.

આમ અમેરિકા અને ચીન વચ્ચે હવે એઆઈ વોર શરૂ થઈ ગઈ છે. એનવિડિયા પર રેગ્યુલેટરી દબાણ વચ્ચે આ પગલું લેવાયું છે, જેથી વિદેશી ડેટા સેન્ટર દ્વારા પણ ચીનની પહોંચ રોકી શકાય.

અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે અમેરિકા અને ચીન વચ્ચેની ટેકનોલોજી હોડ નવા તબક્કામાં પ્રવેશી ચૂકી છે. તેમા વોશિંગ્ટને એડવાન્સ્ડ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) ચિપ્સ પર પ્રતિબંધ વધારી દીધો છે, જેથી ચીનની કંપનીઓ વિદેશી ક્લાઉડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા અમેરિકન ટેકનોલોજી સુધી પહોંચી ન શકે.

યુએસ બ્યૂરો ઓફ ઇન્ડસ્ટ્રી સિક્યોરિટી (બીઆઈએસ)એ અમેરિકન કંપનીઓની ક્વોલિફાઇંગ એક્સપોર્ટને છોડીને મલેશિયા, થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, સિંગાપોર અને બ્રાઝિલ મોકલવામાં આવનારી એઆઈ ચિપ્સ માટે લાઇસન્સિંગનો પ્રારંભ કર્યો છે. એક અંદાજ મુજબ ૨૦૨૪માં પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં પણ લગભગ ૨.૪૦ લાખ જેટલી એઆઈ ચિપ્સ ચીન મોકલવામાં આવી હશે.

ટેક ઇન્ડસ્ટ્રીનું કહેવું છે કે તેમને આ મુદ્દે સંદેશો મળી ગયો છે. નાણાકીય પ્રોત્સાહનોની વાતને સ્વીકારતા ગૂગલ અને મેટાના અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ એઆઈને લઈને લોકોમાં જાગેલા અવિશ્વાસને તેમની કમ્યુનિટીઝમાં વધુને વધુ પારદર્શક અભિગમથી દૂર કરવા પ્રયત્ન કરી રહ્યા છે, જ્યાં તેઓ આ પ્રકારના સેન્ટર બનાવવાના છે.

કંપનીઓ આ પ્રકારના સેન્ટર બનાવતા પર્યાવરણ પર ઓછામાં ઓછી અસર પડશે તે પ્રકારની પ્રતિજ્ઞા લઈ રહી છે અને ડેટા સેન્ટરના લીધે સ્થાનિક સ્તરે મિલકતોના ભાવ ઉંચકાશે તેવી ખાતરીઓ આપી રહી છે. આ રીતે એઆઈ અંગે સંશય છતા અમેરિકન અર્થતંત્ર માટે હકારાત્મક પરિબળ હોવાના વલણ પર દ્રઢ છે.

અત્યાર સુધી માત્ર ૧૪.૭૪ લાખ હેક્ટરમાં વાવેતર થતાં ખેડૂતો ચિંતામાં

મહારાષ્ટ્રમાં

(પહેલા પાનાનું ચાલુ)

પાકોનું વાવેતર ૫૫થી ૬૦ લાખ હેક્ટર વિસ્તારમાં થાય છે. કૃષિ વિભાગ પાસે ૧૯૬૦થી વાવેતરના આંકડા ઉપલબ્ધ છે. અગાઉ ૧૯૯૧-૯૨માં સૌથી ઓછું ૪૦ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયું હતું. જોકે, આ વર્ષે સ્થિતિ તેનાથી પણ વધુ ગંભીર બની છે. કૃષિ નિષ્ણાતોના મતે, ડિસેમ્બર અંત સુધીમાં પણ વાવેતરનો આંકડો ૨૦થી ૨૫ લાખ હેક્ટર સુધી પહોંચવો મુશ્કેલ છે.

આ દુષ્કાળ પાછળ પ્રશાંત મહાસાગરમાં સક્રિય થયેલી અલ નીનોની અસરને મુખ્ય કારણ માનવામાં આવી રહી છે. તેના પ્રભાવને કારણે આ વર્ષે મહારાષ્ટ્રમાં ચોમાસા દરમિયાન સરેરાશ કરતાં ૧૯ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. સોલાપુર જિલ્લામાં સૌથી વધુ ગંભીર સ્થિતિ છે, જ્યાં સામાન્ય વરસાદની સરખામણીએ ૫૯ ટકા ઓછો વરસાદ થયો છે. રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં વરસાદની અછત નોંધાઈ છે. આ વર્ષે જુલાઈના પ્રથમ પખવાડિયામાં જ મોટાભાગનો વરસાદ પડ્યો હતો. ત્યારબાદ વરસાદે વિરામ લેતાં ખરીફ પાકોને પણ મોટું નુકસાન થયું છે. વરસાદની અછતના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા ઊભી થઈ છે અને જમીનમાં પૂરતી ભેજની ઉપલબ્ધિ ન હોવાથી રવી પાકોનું વાવેતર પણ અટકી ગયું છે.

દુષ્કાળની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે દુષ્કાળગ્રસ્ત તાલુકાઓની સંખ્યામાં વધારો કરીને ખેડૂતો માટે વિવિધ રાહત અને સહાયનાં પગલાં જાહેર કર્યાં છે. જોકે, વાવેતરમાં થયેલા અતિશય ઘટાડાને કારણે રાજ્યના કૃષિ ક્ષેત્ર પર ગંભીર અસર થવાની આશંકા છે. આગામી દિવસોમાં પાણીની ઉપલબ્ધિ અને ખેતીની સ્થિતિ ખેડૂતો માટે મોટો પડકાર બની રહેશે.

અમેરિકા જેવા મોટા અર્થતંત્રના વ્યાજદર દુનિયામાં સૌથી નીચા હોવા જોઈએ : ફેડરલ રિઝર્વ પર વ્યાજદર ઘટાડવા ટ્રમ્પનું દબાણ

ભારતના ૭ ટકા

(પહેલા પાનાનું ચાલુ)

શકે છે. તેમણે ઉમેર્યું કે, અમેરિકામાં આર્થિક આંકડા સારા આવે છે ત્યારે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર વધારવાના બદલે તેને ઘટાડવા જોઈએ, જેથી આર્થિક પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન મળી શકે. ભારતમાં રિઝર્વ બેન્ક વ્યાજદરોમાં વધારો કે ઘટાડો નક્કી કરે છે તેમ અમેરિકામાં તેની સેન્ટ્રલ બેન્ક ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કે ઘટાડો નક્કી કરે છે.

ટ્રમ્પ લાંબા સમયથી ફેડરલ રિઝર્વને વ્યાજદરમાં ઘટાડો કરવા દબાણ કરી રહ્યા છે. પરંતુ ફેડરલ રિઝર્વ દેશમાં મોંઘવારીને કાબુમાં લેવા માટે વ્યાજદર ઘટાડવાના બદલે સતત વધારી રહી છે. ફેડરલ રિઝર્વની આ નીતિની આકરી ટીકા કરતા ટ્રમ્પે કહ્યું કે, મજબૂત આર્થિક પ્રદર્શન છતાં વ્યાજદર ઊંચા રાખવાથી દેશની વિકાસ ક્ષમતા મર્યાદિત થઈ જાય છે.

તેમણે ઉમેર્યું કે, અમેરિકાને સારી આર્થિક સ્થિતિમાં નીચા વ્યાજદરનો લાભ મળવો જોઈએ, કારણ કે તેનાથી દેશની દેવું ચૂકવવાની ક્ષમતા સારી થયા છે. અમેરિકા જેવા મોટા અર્થતંત્રના વ્યાજદર દુનિયામાં સૌથી નીચા હોવા જોઈએ. અમેરિકા અન્ય દેશોની આર્થિક સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, તેથી તેને સૌથી નીચા વ્યાજદરનો લાભ મળળો જોઈએ.

ટ્રમ્પે તેમની ટેરિફ નીતિનો પણ બચાવ કર્યો. તેમણે દાવો કર્યો કે, આયાત પર ડ્યુટી લગાવવાથી અમેરિકન કંપનીઓ દેશની અંદર ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહિત થઈ રહી છે અને ઘરેલુ મેન્યુફેક્ચરિંગને મજબૂતી મળી રહી છે. જોકે, ઊંચા વ્યાજદર કંપનીઓ માટે રોકાણ અને વિસ્તરણનો ખર્ચ વધારી શકે છે. એટલે ટ્રમ્પ ઈચ્છે છે કે ફેડરલ રિઝર્વ વ્યાજ દર ઘટાડે.

અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણીમાં પરાજય, ફેડર રિઝર્વની આક્રમક નાણાં નીતિ અને ચીનમાં ત્રિપક્ષીય બેઠક પછી ભારત અંગે ટ્રમ્પના સૂર બદલાયા છે. ટ્રમ્પે જુલાઈ ૨૦૨૫માં વેપાર વિવાદ, ટેરિફ અને રશિયા સાથે ભારતના ઓઈલ તથા સંરક્ષણ સંબંધો અંગે ભારતને ડેડ ઈકોનોમી ગણાવી હતી અને એપલ જેવી અમેરિકન કંપનીઓને ભારતમાં રોકાણ કરતી અટકાવવા પ્રયત્નો પણ કર્યા હતા. જોકે, હવે આ જ ટ્રમ્પ ભારતના અર્થતંત્રના વિકાસની પ્રશંસા કરી રહ્યા છે. ટ્રમ્પ પર ભારત સાથે સંબંધો સુધારવા દબાણ હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

કોંગ્રેસના વિરોધીઓએ રાહુલ ગાંધીની જે ઇમેજ ઉભી કરી છે એ હકીકતથી ઘણી દુર છે. એમનું કહેવું છે કે રાહુલ ગાંધીના વિચારો અને સમજણ ખુબ ઉંડા છે અને એમની પાસે જ્ઞાનનો ભંડાર છે. રાહુલ ગાંધી કોઈપણ પરિસ્થિતિનું વિશ્લેષણ કરી શકે છે અને એમનું વાંચન વિશાળ છે. પિત્રોડાએ કહ્યું હતું કે, 'કાલે મારે રાહુલ ગાંધી સાથે ચંગેઝ ખાન બાબતે લાંબી ચર્ચા થઈ હતી. એમની પાસે ચંગેઝ ખાન વિશે ઘણી જાણકારી હતી અને ચંગેઝ ખાનના કુટુંબીઓ વિશે એમણે ઘણી માહિતી આપી હતી.'

સોનિયા પર નિશિકાંતનો આરોપ : વિદેશી નાગરિક હોવા છતા મારૂતિમાં ભાગીદારી

ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ સોનિયા ગાંધીના પુસ્તક બાબતે ગંભીર સવાલો કર્યા છે. એમનો આરોપ છે કે, વિદેશી નાગરિક હોવા છતાં સોનિયા ગાંધી ભારતીય કંપની મારૂતિમાં ભાગીદાર રહ્યા હતા. દુબેનો એવો આક્ષેપ પણ છે કે ૧૯૭૦માં એમના નામે જમીન ફાળવવામાં આવી હતી. પોતાના આક્ષેપના સમર્થનમાં દુબેએ જસ્ટીસ એસી ગુપ્તા આયોગનો રીપોર્ટ આગળ કર્યો હતો. દુબેએ સોશ્યલ મીડિયા એક્સ પર એક પોસ્ટ મૂકીને લખ્યું હતું કે, 'વિદેશી નાગરીક હોવા છતાં સોનિયા ગાંધી કઈ રીતે મારૂતિ કંપનીના ડિરેક્ટર અને ૫૦ ટકા ભાગીદાર બન્યા? દુબેના જણાવ્યા પ્રમાણે ૨૧ નવેમ્બર ૧૯૭૦ના દિવસે સંજય ગાંધીએ સોનિયા ગાંધીની મારૂતિ ટેક્નીકલ સર્વિસ પ્રા. લી. સાથે એક કરાર કર્યો હતો. મારૂતિ કંપનીના અસલી માલીક તો સોનિયા ગાંધી હતા.'

રાજા ભૈયાનું શક્તિ પ્રદર્શન

ઉત્તર પ્રદેશના બાહુબલી નેતા અને કુંડાથી ચૂંટાયેલા ધારાસભ્ય રઘુરાજ પ્રતાપ સિંહ ઉર્ફ રાજા ભૈયા આજકાલ સમાચારમાં છે. એક જમાનામાં ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ વિસ્તારમાં એમની ભારે ધાક હતી. માયાવતી મુખ્યમંત્રી હતા ત્યારે એમને જેલમાં પણ પૂરવામાં આવ્યા હતા. તેઓ જનસત્તાદળ (લોકતાંત્રીક)ના પ્રમુખ છે. રાજા ભૈયાએ હમણા કુંડા ખાતે બાબા વિરેન્દ્ર શાસ્ત્રીની રામકથાનું આયોજન કર્યું હતું. આ રામકથામાં દેશની કેટલીક ટોચની હસ્તીઓ આવી હતી અને સાધુ સંતો પણ આવ્યા હતા. મીડિયાએ પણ આ રામકથાને વિશાળ કવરેજ આપ્યું હતું. ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે રાજા ભૈયા હિન્દુત્વનું કાર્ડ રમ્યા છે. રાજા ભૈયા સારા વક્તા હોવાથી મોટી મેદની પર પ્રભાવ પાડી શકે એવું ભાષણ આપે છે. આડકતરી રીતે ભાજપનો ટેકો એમને હોવાનું પણ કહેવાય છે.

ઇમરાન મસુદની ટીપ્પણીથી વિવાદ

કોંગ્રેસના સાંસદ ઇમરાન મસુદ એમના નિવેદનને કારણે વારંવાર વિવાદમાં રહે છે. પોતાની મુસ્લિમ વોટબેંકને ખુશ કરવા માટે તેઓ વારંવાર મુસ્લિમ કાર્ડ રમતા રહે છે. હમણા ન્યુઝીલેન્ડ સામે ચાલી રહેલી ક્રિકેટ ટેસ્ટમાં મોહમદ સીરાજને ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો હતો. ઇમરાન મસુદે આ બાબતે પણ એવી ટીપ્પણી કરી હતી કે, મોહમદ સીરાજ મુસ્લિમ હોવાથી એને ટીમમાં લેવામાં આવ્યો નહોતો. એમણે ટોણો માર્યો હતો કે, 'નામ સીરાજ હૈ, યહી ક્યા કમ હૈ?' ક્રિકેટ ટીમમાં કોને પસંદ કરવામાં આવે અને કોને નહીં એ સીલેક્ટરો નક્કી કરે છે, પરંતુ એને પણ ધર્મ સાથે જોડીને ઇમરાન મસુદે વિવાદનો મધપુડો છંછેડ્યો છે. આ બાબતે ઇમરાન મસુદની ટીકા પણ થઈ રહી છે. જોકે ઇમરાન મસુદએ આ પ્રકારનું નિવેદન આપીને લોકપ્રિય થવું હતું એમાં એમને સફળતા મળી ગઈ છે.

રાજસ્થાનમાં ભવ્ય વિજય પછી કોંગ્રેસમાં નવો ઉત્સાહ

રાજસ્થાનની પંચાયતની ચૂંટણીના પરિણામો કોંગ્રેસની તરફેણમાં આવ્યા છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સહિત કેન્દ્રના અને રાજ્યના કેટલાક સિનિયર નેતાઓના વિસ્તારોમાં પણ કોંગ્રેસને જીત મળી છે. હનુમાન બેનીવાલની રાષ્ટ્રીય લોકતાંત્રીક પાર્ટી અને રાજકુમાર રોટની ભારતીય આદિવાસી પાર્ટીએ પણ ગ્રામ્ય વિસ્તારમાં સારો દેખાવ કર્યો છે. કોંગ્રેસની આ જીતને કારણે ફક્ત રાજસ્થાન કોંગ્રેસ જ નહીં, પરંતુ કેન્દ્રીય કોંગ્રેસના નેતાઓ પણ ઉત્સાહીત થઈ ગયા છે. જીત ભલે પંચાયતની ચૂંટણીમાં મળી હોય, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું છે કે, ભાજપના પતનની આ શરૂઆત છે. રાજકીય વિશ્લેષકો કહી રહ્યા છે કે, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પાસે કોઈ કરિશ્મા નથી. બીજી તરફ કોંગ્રેસના સચીન પાયલટએ જમીનીસ્તર પર ખૂબ કામ કર્યું હતું. રાજસ્થાનના પરિણામો પછી ભાજપ હાઇકમાન્ડ પણ ચિંતીત થઈ ગયું છે.

દાઉદ હજી પણ સક્રિય છે : એફબીઆઈ એજન્ટ

ફિલ્મ ધુરંધરમાં આતંકવાદી દાઉદ ઇબ્રાહીમને એક બિમાર, વૃદ્ધ અને લાચાર બતાવવામાં આવ્યો છે. જોકે અમેરિકન જાસુસી સંસ્થા એફબીઆઈ માટે દાઉદ ઇબ્રાહીમ, અલકાયદા અને આઇએસઆઇના નેટવર્કમાં કામ કરી ચૂકેલા કામરાન ફરીબીએ અલગ વાત કરી છે.

કામરાન ફરીબીનો દાવો છે કે દાઉદ ઇબ્રાહીમ આજે પણ સક્રિય છે અને પાકિસ્તાનમાં બેસીને નેટવર્ક ચલાવી રહ્યો છે. દાઉદ સુરક્ષાના કારણે ઘરની બહાર નીકળતો નથી. કોઈક વખત રાત્રે ૧૦ વાગ્યા પછી ઘરની બહાર નીકળે છે અને ફજ, (વહેલી સવાર)ની નમાઝ પહેલા પાછો ઘરે પરત ફરે છે. તણાવ વધતા દાઉદ ઇસ્લામાબાદ સહિત પોતાના રહેઠાણો બદલતો રહે છે. એની સુરક્ષામાં ૩૫ થી ૪૫ જેટલા હથિયારધારી ગાર્ડો અને લશ્કરના જવાનો હોય છે. આઇએસઆઇ અને હાફીઝ સઇદ સાથે જોડાયેલો છોટા શકીલ, દાઉદ વતી આઇએસઆઇને રીપોર્ટ કરતો રહે છે.

દિલ્હીમાં આતંકવાદ વિરોધી સંમેલનમાં કયા વિષયો ચર્ચાયા

દિલ્હીમાં હમણા આતંકવાદ વિરોધી સંમેલન મળી ગયું. આ સંમેલનમાં ડ્રોનના ઉપયોગ, ક્રિપ્ટો કરન્સીનો આતંકવાદી પ્રવૃત્તિમાં દુરઉપોયગ અને ઓનલાઇન કટ્ટરતા જેવા મુદ્દા પર ચર્ચા થઈ હતી.

એઆઈના દુરઉપોયગ વિશે પણ ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. નેશનલ ઇન્વેસટીગેટીવ એજન્સી (એનઆઇએ) દ્વારા આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. એનઆઇએના ડિરેક્ટર જનરલના કહેવા પ્રમાણે સંગઠીત અપરાધ અને આતંકવાદની મીલીભગત વિશે સૌથી વધુ ભાર આપવામાં આવ્યો હતો. ડ્રોનથી વધેલા જોખમ વિશે પણ ચર્ચા થઈ હતી. ડ્રોનની મદદથી ડ્રગ્સ, હથિયારો અને વિસ્ફોટકોની હેરફેર થઈ રહી છે. દેશમાં ગેરકાયદેસર પ્રવેશતા ડ્રોનને અટકાવવા જરૂરી છે. ડ્રોનનું સૌથી વધુ જોખમ પંજાબને છે. ઓનલાઇન પર કટ્ટરતા વધી રહી છે એને અટકાવવા માટે શું કરવું જોઈએ એ વિશે ચર્ચા પણ થઈ હતી.

મંત્રમુગ્ધ

- ''વેશ્યાનું રૂપ એ કામવાસનાની એવી ભડકતી આગ છે, જેમાં ખેંચાઈને વિષયાંધ પુરુષ પોતાની ધન-સંપત્તિને મૂલ્યવાન યુવાની ને રાખમાં ફેરવી નાંખે છે.'' **- માનવચેતનાના ઉત્ક્રાંતિદર્શી વિચારક મહર્ષિ શ્રી અરવિંદ**
- ''જેનો હેતુ સમજવાનો નહીં પણ માત્ર વિરોધ કરવાનો હોય, તેને ક્યારેય સ્પષ્ટતા ન આપવી. કેટલાક લોકો સાથે ચર્ચામાં જીતવા કરતાં મૌન રહીને આગળ વધી જવું એ જ સૌથી મોટી બુદ્ધિમત્તા છે.''
- આધુનિક નર્સિંગના પાયાના શિલ્પી ફ્લોરેન્સ નાઇટગિલ
- ''જો આપણો ઇરાદો મજબૂત હોય અને કાંઈક કરી છૂટવાનો દ્રઢ નિશ્ચય હોય, તો ગમે તેવી મોટી અને અઘરી મુશ્કેલી પણ સરળ બની જાય છે અને કામ ચોક્કસ પાર પડે છે. દ્રઢ મનોબળ એ જ સફળતાની સૌથી મોટી ચાવી છે.''
- સનાતન ધર્મ સંસ્કારના પ્રખર વક્તા ડોંગરેજી મહારાજ
- ''આ કેટલું વિચિત્ર છે ? લોકો પ્લેગ વિશે વાત કરે છે ત્યારે ભય અને ધ્રુજારી અનુભવે છે પરંતુ સિકંદર અને નેપોલિયન જેવા વિધ્વંશકો વિશે આદરની ભાવના સાથે વાતો કરે છે.''
- લેબનોન- અમેરિકાના મહાન કવિ ખલીલ જિબ્રાન
- પોતાની ઉંમરમાંથી બાદ કરેલા વર્ષો બીજી સ્ત્રીની ઉંમરમાં ઉમેરીને સ્ત્રીઓ હિસાબ સરભર કરી દેતી હોય છે. **- રમૂજ કે વાસ્તવિકતા !?**

સંકલન : russhabhshahgs@gmail.com

આજનુ પંચાંગ

તા.૨૨/૧૧/૨૦૨૬,રવિવાર

શુક્ર તુલામાં ૧૭ ક. ૦૨ મિ.થી.

દિવસના ચોઘડિયા : ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિના ચોઘડિયા : શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
અમદાવાદ સૂર્યોદય : ૬ ક. ૫૯ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૨ મિ.
નવકારસી સમય (અ) ૭ ક. ૪૭ મિ. (સુ) - **જન્મ રાશિ :** મેષ (અ. લ. ઈ.) રાશિ આવે. **નક્ષત્ર :** અશ્વિની ૨૮ ક. ૧૬ મિ. સુધી પછી ભરણી નક્ષત્ર આવે.
ગોચર ગ્રહ : સૂર્ય- વૃશ્ચિક, મંગળ- સિંહ, બુધ- તુલા, ગુરૂ- સિંહ, શુક્ર- તુલામાં ૧૭ ક. ૦૨ મિ.થી, શનિ- મીન, રાહુ- કુંભ, કેતુ- સિંહ, ચંદ્ર- મેષ, હર્ષલ (યુરેનસ)- વૃષભ, નેપ્ચ્યુન- મીન, પ્લુટો- મકર, રાહુકાળ- ૧૬.૩૦ થી ૧૮.૦૦ (દ.ભા.)
વિક્રમ સંવત : ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૩ દક્ષિણાયન : હેમંત ઋતુ, રાષ્ટ્રીય દિનાંક માર્ગશીર્ષ ૧ વ્રજ માસ- કાર્તિક- ૨૮
માસ- તિથિ- વાર : કારતક સુદ તેરસ
- શુક્ર તુલામાં ૧૭ ક. ૦૨ મિ.થી. - પ્રદોષ
- સાયન સૂર્ય ધનમાં ૧૨ ક. ૫૪ મિ.થી. - ભા. માર્ગશીર્ષ માસારંભ
મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલ આખર માસનો ૧૨મો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ તીર માસનો ૧૦મો રોજ આવાં

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : આપના કાર્યમાં વ્યસ્ત રહીને દિવસ પસાર કરી શકો. ઇચ્છિત વ્યક્તિ સાથે મિલન- મુલાકાત થવાથી આનંદ રહે. ખર્ચ જણાય.

વૃષભ : આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ મુશ્કેલી રહ્યા કરે. આપના ધાર્યા પ્રમાણેનું કામકાજ ન થવાથી ઉચાટ- ઉદ્વેગ અનુભવો.

મિથુન : સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી આવક જણાય આપના કામની કદર પ્રશંસા થવાથી આનંદ રહે.

કર્ક : આપના કાર્યની સાથે ઘર- પરિવાર, સગા- સંબંધી વર્ગ મિત્રવર્ગના કામમાં વ્યસ્ત રહો. ખાણીપીણીના ધંધામાં ધ્યાન રાખવું.

સિંહ : જૂના સ્વજન-સ્નેહી, મિત્રવર્ગની મુલાકાતથી આનંદ અનુભવો. યાત્રા- પ્રવાસનું આયોજન થાય. ભાઈભાંડુનો સહકાર મળી રહે.

કન્યા : આપે સીઝનલ વાયરલ બીમારીથી સંભાળવું પડે. શરદી, સળેખમ- ખાંસીની તકલીફ જણાય, કૌટુંબિક પ્રશ્ને ચિંતા - ઉચાટ રહે.

તુલા : સંસ્થાકીય કામ અંગે, જાહેર ક્ષેત્રના કામ અંગે આપે વ્યસ્ત રહેવાનું બને. આપના કાર્યમાં અન્યનો સહકાર મળી રહે

વૃશ્ચિક : આપના કામમાં હરિફ વર્ગ- ઈર્ષ્યા કરનાર વર્ગની મુશ્કેલી જણાય સાસરી પક્ષ-મોસાળપક્ષના કામકાજ અંગે વ્યસ્તતા-દોડધામ રહે.

ધન : આપના રૂકાવટ- વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે- ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના પ્રશ્ને આપની ચિંતા ઓછી થાય.

મકર : આપને કામકાજમાં પ્રતિકૂળતા જણાય. ઘર- પરિવારની ચિંતાના લીધે કામમાં મન લાગે નહી. તબિયતની કાળજી રાખવી પડે.

કુંભ : અડોશ પડોશના કામમાં, ભાઈભાંડુના કામમાં આપે વ્યસ્ત રહેવાનું થાય. મિલન- મુલાકાત થઈ શકે. પરદેશના કામમાં પ્રગતિ જણાય.

મીન : આપના કામની સાથે કૌટુંબિક- પારિવારિક કામમ

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

પ્રથમ ટેસ્ટમાં ન્યુઝીલેન્ડના ૩૬૮ સામે ભારતના પ્રથમ ઈનિંગમાં ૪૮૬/૪

અવે ટેસ્ટમાં ભારતના ટોચના પાંચ બેટ્સમેનોના ૫૦થી વધુ રન : ૯૪ વર્ષના ઈતિહાસની પ્રથમ ઘટના

વેલિંગ્ટન, તા.૨૧

ઓપનર કે.એલ. રાહુલે કારકિર્દીની ૧૩મી અને વિદેશની ભૂમિ પરની ૧૦મી સદી ફટકારતાં ૧૩૬ રન નોંધાવ્યા હતા. આ સાથે ટીમ ઈન્ડિયાએ ન્યુઝીલેન્ડના ૩૬૮ના જવાબમાં ત્રીજા દિવસના અંતે ચાર વિકેટે ૪૮૬ રન ખડક્યા હતા અને ૧૧૮ રનની સરસાઈ મેળવી હતી.

ભારતના ટોપ ઓર્ડરના પાંચેય બેટ્સમેનોએ ૫૦થી વધુનો સ્કોર કર્યો હતો. આ સાથે ૯૪ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર હરિફ ટીમના મેદાન પર (અવે ટેસ્ટ)માં રમાયેલી ટેસ્ટની એક ઈનિંગમાં ભારતના ટોપ ફાઈવ બેટ્સમેનોએ ૫૦ કે વધુનો સ્કોર કર્યો હતો અને ઈતિહાસ રચી દીધો હતો.

જયસ્વાલ બીજા દિવસે ૮૫ રને આઉટ થયો હતો. આજે ત્રીજા દિવસે રાહુલની શતકીય ઈનિંગની સાથે પડિક્કલે ૮૦, કેપ્ટન ગિલે ૯૮ અને પંતે નોટઆઉટ ૫૫ રન નોંધાવ્યા હતા. ન્યુઝીલેન્ડના બોલરો માટે આજનો દિવસ સંઘર્ષમય રહ્યો હતો અને તેઓએ દિવસ દરમિયાન ૮૬ ઓવરમાં ૩૨૭ રન આપ્યા હતા અને તેમને માત્ર ત્રણ જ વિકેટ મળી હતી.







રેકોર્ડ અપડેટ

૫ : ભારતના ટોપ ફાઈવ બેટસમેનોએ એક જ ઈનિંગમાં ૫૦ કે વધુનો સ્કોર કર્યો હોય તેવી આ અવે ટેસ્ટની પ્રથમ અને ઓવરઓલ પાંચમી ઘટના છે.

૩ : રાહુલ ન્યુઝીલેન્ડની ભૂમિ પરની તેની પહેલી જ ટેસ્ટ ઈનિંગમાં સદી ફટકારનારો ગાવસ્કર અને મોહન્દર અમરનાથ પછીનો ત્રીજો ભારતીય. ગાવસ્કર-મોહિન્દરે ૧૯૭૬માં ઓકલેન્ડ ટેસ્ટમાં આવી સિદ્ધિ મેળવી હતી.

૧૨ : રાહુલ ન્યુઝીલેન્ડની ભૂમિ પર ૧૨ વર્ષ બાદ સદી ફટકારનારો પ્રથમ ભારતીય. છેલ્લે રહાણે અને કોહલીએ ૨૦૧૪માં આવી સિદ્ધિ મેળવી હતી.

રાહુલના ૧૩મી સદી સાથે ૧૩૬ : ગિલના ૯૮, પડિક્કલના ૮૦ અને પંતના નોટઆઉટ ૫૫ રન : ન્યુઝીલેન્ડના બોલરોનો સંઘર્ષ

રાહુલે ક્લાસિક બેટ્સમેન તરીકેની પ્રતિભાનું વધુ એક પ્રમાણ આપતાં ૨૯૦ બોલમાં ૯ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૧૩૬ રન ફટકાર્યા હતા. તેણે વેલિંગ્ટનમાં ૫૨ રનથી આગળ રમતાં આજે ત્રીજા દિવસે ૨૦૭ બોલમાં કારકિર્દીની ૧૩મી ટેસ્ટ સદી પૂરી કરી હતી. રાહુલની કારકિર્દીની આ ૧૦મી અવે ટેસ્ટ સદી હતી.

ગિલ બે રન માટે સદી ચૂક્યો, પડિક્કલના ૮૦

રાહુલ અને પડિક્કલ (૧૬*)ની જોડીએ આજે ત્રીજા દિવસે સવારે ભારતની ઈનિંગને ૧૫૯/૧થી આગળ ધપાવી હતી. તેમણે બીજી વિકેટમાં ૩૩૭ બોલનો સામનો કરતાં ૧૬૫ રન જોડ્યા હતા. પડિક્કલ ૧૭૫ બોલમાં ૧૦ ચોગ્ગા સાથે ૮૦ રન નોંધાવીને જેમીસનની બોલિંગમાં ક્લિન બોલ્ડ થયો હતો. આ પછી રાહુલ અને કેપ્ટન ગિલે ૯૧ રન જોડ્યા હતા. તેમણે ભારતને ૧૮ રનની સરસાઈ અપાવી ત્યારે રાહુલ નેથન સ્મિથની બોલિંગમાં બોલ્ડ થયો હતો. તેણે ૨૯૦ બોલમાં ૯ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૧૩૬ રન ફટકાર્યા હતા. ગિલે ૧૪૬ બોલમાં ૯ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૯૮ રન નોંધાવ્યા હતા અને તેને માત્ર બે રનથી ડફીએ સદીથી વંચિત રાખ્યો હતો. તેણે પંત સાથે ૧૦૦ રન ચોથી વિકેટમાં જોડ્યા હતા. પંત ૫૫ અને કંબોજ ૦ પર નોટઆઉટ હતા.

ન્યુઝીલેન્ડના બોલરો માટે સંઘર્ષમય દિવસ

ઘરઆંગણે રમી રહેલી ન્યુઝીલેન્ડની ટીમના બોલરો માટે ભારત સામેની પ્રથમ ટેસ્ટની ત્રીજા દિવસની રમત અત્યંત પડકારજનક રહી હતી. તેઓએ ત્રીજા દિવસે ૮૬ ઓવર નાંખી હતી અને તેમાં તેમને માત્ર ત્રણ જ વિકેટ મળી હતી. હેનરીએ પ્રથમ દિવસે જયસ્વાલની વિકેટ મેળવી હતી. આજે જેમીસન પડિક્કલની, નેથન સ્મિથે રાહુલની તેમજ ડફીએ ગિલની વિકેટ મેળવી હતી.

ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગ : ૩૬૮
ભારત પ્રથમ ઈનિંગ

	રનબોલ ૪ ૬
જયસ્વાલ કો.ઓલ્ન્ડેલ બો.હેનરી	૮૫ ૮૯૧૬ ૦
રાહુલ બો.સ્મિથ	૧૩૬૨૯૦ ૯ ૨
પડિક્કલ બો.જેમીસન	૮૦૧૭૫૧૦ ૦
ગિલ બો.ડફી	૯૮૧૪૬ ૯ ૨
પંત રમતમાં	૫૫ ૬૨ ૫ ૨
કંબોજ રમતમાં	૦ ૨ ૦ ૦
વધારાના (નોબોલ ૧૪, બાય ૯, લેગબાય ૭, વાઈડ ૨)	૩૨
કુલ (૧૨૫ ઓવરમાં ચાર વિકેટે)	૪૮૬

વિકેટનો ક્રમ : ૧-૧૩૦ (જયસ્વાલ ૨૭.૫), ૨-૨૯૫ (પડિક્કલ ૮૨.૬), ૩-૩૮૬ (રાહુલ ૧૦૩.૩), ૪-૪૮૬ (ગિલ ૧૨૪.૪).

બોલિંગ : હેનરી ૨૯-૭-૮૬-૧, જેમીસન ૨૭-૬-૫૭-૧, ડફી ૨૯-૧-૧૮૦-૧, નેથન સ્મિથ ૨૪-૪-૬૫-૧, ગ્લેન ફિલિપ્સ ૧૪-૦-૭૬-૦, રચિન ૨-૦-૬-૦.

રાહુલ તમામ SENA દેશોમાં ટેસ્ટ સદી ફટકારનારો પ્રથમ ભારતીય ઓપનર

કે.એલ. રાહુલે ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ વેલિંગ્ટન ટેસ્ટમાં સદી ફટકારવાની સાથે અનોખો ઈતિહાસ રચી દીધો હતો. તે તમામ એસઈએનએ (સેના) દેશોમાં ટેસ્ટ સદી ફટકારનારો પ્રથમ ભારતીય ઓપનર બન્યો હતો. સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાને ક્રિકેટ જગત ટૂંકાક્ષરમાં 'સેના' દેશો તરીકે ઓળખે છે. જ્યારે રાહુલ સિવાય ભારતના અન્ય ચાર બેટ્સમેન જ તમામ ચારેય 'સેના' દેશોમાં સદી નોંધાવી શક્યા છે, જેમાં મોહમ્મદ અઝહરુદ્દિન, સચિન તેંદુલકર, રાહુલ દ્રવિડ અને વિરાટ કોહલીનો સમાવેશ થાય છે.

તિલક વર્માની ટીમને સતત બીજી જીતની આશા

આજે ઈન્ડિયા-એ અને પાકિસ્તાન-એ ટીમ વચ્ચે રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપની વન ડે

દોહા, તા.૨૧

તિલક વર્માની આગેવાની હેઠળની ઈન્ડિયા-એ ટીમ જીતનો સિલસિલો આગળ ધપાવવાના ઈરાદા સાથે આવતીકાલે રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપની વન ડે મેચમાં પાકિસ્તાન-એ સામે ટકરાશે. ટુર્નામેન્ટમાં વિજયી પ્રારંભ કર્યા બાદ બંને ટીમ આગેકૂચ લગભગ નિશ્ચિત કરવા તરફ મીટ માંડી રહી છે. દોહામાં આવતીકાલે ભારતીય સમય પ્રમાણે બપોરે ૩.૩૦થી મેચનો પ્રારંભ થવાનો છે.

ઈન્ડિયા-એ ટીમે પ્રથમ મેચમાં કેપ્ટન તિલકની સાથે કુમાર કુશાગ્રની શતકીય ઈનિંગને સહારે નેપાળની ટીમને રેકોર્ડ ૩૦૬ રનથી હરાવી હતી. જ્યારે પાકિસ્તાન-એ ટીમ ટાઈટલ જાળવી રાખવા માટેનો પ્રયાસ કરી રહી છે અને તેઓએ પ્રથમ મેચમાં યુએઈ સામે ૬૧ રનથી આસાન જીત હાંસલ કરી હતી. હવે કઈ ટીમની વિજયીકૂચ આગળ વધે છે, તે જોવાનું રહેશે. યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીની સાથે અભિષેક શર્મા, તિલક વર્મા, નેહલ વઢેરા, રમનદીપ સિંઘ, પ્રભસિમરન સિંઘ, નમન ધીર, હર્ષ દુબે, રમણદીપ સિંઘ, સુયશ શર્મા, યશ ઠાકુર, રાજવર્ધન હંગરગેકર, નિશાંત સિંધુ, હર્ષિત રાણા, પ્રિન્સ યાદવ, વિપ્રજ નિગમ, મોહમ્મદ સિરાજ, અંશુલ કંબોજ, સાઈ કિશોર, રાહુલ ચહર, સાઈ સુદર્શન, જીતેશ શર્મા, રિયાન પરાગ, ધ્રુવ જુરેલ, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંઘ, હર્ષિત રાણા, યશ દયાલ, પ્રસિધ કૃષ્ણા, આકાશ દીપ, ખલીલ અહમદ, તનુષ કોટિયન

પાક. સરકાર સામે બલુચિસ્તાનમાં બંધ પળાયો

બલુચિસ્તાન બેરોજગારી, મોંઘવારીના ભરડામાં, પાક. સરકાર સામે ઉગ્ર વિરોધ

ઈસ્લામાબાદ, તા. ૨૧

પાકિસ્તાનના કબજાવાળા બલુચિસ્તાનમાં મુખ્ય શહેર ક્વેટા સહિત તમામ શહેરોમાં તેમજ મોટા ભાગના ગામોમાં પણ સંપૂર્ણ હડતાલ રહી હતી. બલુચિસ્તાનની વિવિધ રાજકીય પાર્ટીઓના 'છાત્ર સંગઠન' ઓલ પાર્ટી એલાયન્સે રાજ્યમાં વધતી જતી બેફામ મોંઘવારી સાથે બેરોજગારી, અત્યાચારો સહિતના મુદ્દે પાકિસ્તાનની શહબાઝ શરીફ સરકાર સામે આંદોલન છેડ્યું હતું. જ્યારે ખૈબરમાં જમીન મુદ્દે બે જુથ વચ્ચે હિંસા ફાટી નીકળતા સાત લોકો માર્યા ગયા હતા.

બલુચિસ્તાનના ખનિજ પદાર્થોને પાક. સરકાર અન્ય દેશોને વેચી રહી છે, સ્થાનિકોને કોઈ જ ફાયદો નહીં

ક્વેટામાં દુકાનો, બજારો, વાણિજ્ય સંકુલો (બેન્કો) સહિત તમામ વ્યાપારી અને વાણિજ્યિક સંસ્થાઓ બંધ રહી હતી. ઝીન્નાહ રોડ, કંદહાર બજાર, સૂરજ ગંજ બજાર, મસ્જિદ રોડ વગેરે ઉપર રહેલા તમામ વ્યાપારી અને વાણિજ્યિક સંગઠનોએ સખત શટડાઉન (હડતાળ) જાહેર કર્યું હતું. આ સંસ્થાઓનો સૌથી મોટો વિરોધ તો તે છે કે, બલુચિસ્તાનમાં મળી આવતી દુર્લભ ખનિજો પણ પાકિસ્તાન સરકારના માણસો લઈ લે છે અને તે ગ્વાદર, પસની કે ઓરમારાના બંદરોએથી વિદેશમાં વેચી મારે છે.

વિશ્વભરના સુધરેલા દેશોમાં તે સિદ્ધાંત છે કે, જમીનમાંથી મળતી ધાતુઓ કે ખનિજો કેન્દ્રસ્થ સત્તાની જ ગણાય છે પરંતુ જે પ્રાંતમાંથી તે મળી આવે તે પ્રાંતને આવક (નફા)નો એક ચતુર્થાંશ ભાગ તો આપવો જ જોઈએ. પરંતુ શહબાઝ શરીફ સરકાર તે નિયમ અનુસરતી જ નથી. બીજી તરફ બલુચો તેમને મળતા કાનૂની ભાગને ભૂલી હવે તો સંપૂર્ણ સ્વતંત્રતા માગે છે. તેમનો વિરોધ ગ્વાદરમાં અડ્ડા જમાવીને બેસેલા ચીનાઓ સામે પણ છે. પાકિસ્તાની મીડિયાના દાવા મુજબ ઓલ પાર્ટી એલાયન્સે ઠેરઠેર રેલીઓ પણ યોજી હતી. ક્વેટામાં યોજાયેલી વિશાળ રેલીને 'જુઈ ફત્તેહ'ના વડા મૌલાના અબ્દુલ રહેમાન રફીક, બલુચિસ્તાન નેશનલ પાર્ટીના નેતા મુસા બલોચ, નેશનલ પાર્ટીના નેતા અલિ અહમદ લંગોએ સંબોધન કર્યું હતું.

બલુચિસ્તાનમાં વિદ્રોહ શમવાને બદલે વધતો જાય છે. બીજી તરફ પાક.ના ખૈબર પ્રાંતમાં બટ્ટાગ્રામ જિલ્લામાં એક જંગલમાં માલિકીના હક મુદ્દે બે જુથ વચ્ચે હિંસા ફાટી નીકળી હતી. સામસામે થયેલા હુમલામાં સાત લોકો માર્યા ગયા હતા. બન્ને જુથો દ્વારા સામસામે ભારે ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. ગિલાલ અને કલોચ બન્ને પાક.ના આદિવાસી સંગઠનો છે, જેમની વચ્ચે જમીન મુદ્દે વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે.

ખૈબરમાં જમીન મુદ્દે બે સમુદાયના જુથો વચ્ચે હિંસક અથડામણ, સામસામે ગોળીબારમાં સાત લોકોનાં મોત

કેનેડાના વોલમાર્ટ બહાર ટાર્ગેટ કિલિંગ : ભારતીય યુગલનું મોત

(પીટીઆઈ) ઓટાવા, તા. ૨૧

કેનેડાના બ્રિટિશ કોલંબિયાના સરે વિસ્તારમાં વોલમાર્ટ સ્ટોરની બહાર થયેલા જીવલેણ ગોળીબારમાં બે ભારતીય વ્યક્તિના મોત થયા છે. આ ટાર્ગેટેડ ઘટના હોવાનું અને તેનો સંબંધ સંગઠિત ગુનાખોરી સાથે હોવાનું માનવામાં આવે છે.

બંને મૃતકો નજીકના ડેલ્ટા વિસ્તારમાં રહેતા હતા : હથિયારોને લગતા ગુનાઓના કારણે રેહાલને પોલીસ ઓળખતી હતી

ઈન્ટિગ્રેટેડ હોમિસાઈડ ઈન્વેસ્ટિગેશન ટીમ એ જણાવ્યું છે કે ૧૫ નવેમ્બરની રાત્રે વોલમાર્ટ સ્ટોરની બહાર થયેલા ગોળીબારમાં ગગનપ્રિત રેહાલ (૨૩) અને સુખજિત કૌર (૨૪) ભોગ બન્યા હતાં.

હોસ્પિટલમાં સારવાર દરમિયાન બન્નેના મોત થયા છે. પોલીસે જણાવ્યું હતું કે બન્ને મરણજનાર નજીકના ડેલ્ટા વિસ્તારમાં રહેતા હતાં. રેહાલ હથિયારો સાથે જોડાયેલા અપરાધોના કારણે પોલીસની નજરમા હતો જ્યારે કૌરના કેનેડામાં ઓછા સંપર્ક હતાં. આઈએચઆઈટીની સાર્જન્ટ ફેડા ફોંગને ટાંકીને કહેવાયું છે કે નજીકમા આવેલી કારમાં લાગેલી આગનો આ ગોળીબાર સાથે સબંધ છે. તેઓએ કહ્યું કે સળગેલી કાર સંદિગ્ધોની જ છે. સાર્જન્ટ ફેડા ફોંગે નિવેદનમાં કહ્યું કે આ ગોળીબારે બે પરિવારને ઊંડા દુ:ખમાં ધકેલી દીધા છે. જેઓએ સમય પહેલા જ પોતાના પરિજનને ગુમાવ્યાં છે.

મણિપુરમાં ઝેરી દારૂનો કેર ૧૬ મોત, ૬૦૦ સારવાર હેઠળ

ઈમ્ફાલ, તા. ૨૧

મણિપુરના ચંદેલ જિલ્લામાં કથિત ઝેરી શરાબ પીવાના પગલે ૧૬ લોકોના મોત થયા છે અને લગભગ ૬૦૦ લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જેમા ત્રણ દર્દીની હાલત નાજુક બતાવવામાં આવી રહી છે અને કિડનીની સફાઈ માટે તેમનું હિમોડાયાલિસિસ કરવામાં આવી રહ્યું છે. આ ઝેરી દારુનું સેવન કરનારાઓ ચપકી કરૌંગ અને ચંદેલ જિલ્લાની આસપાસના રહેવાસી છે. શરાબ પીવાથી ખરાબ હાલતમાં સપડાનારાઓને શિજા હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યાં છે. જેમા વૃધ્ધો અને મધ્યમ વયના લોકોનો સમાવેશ થાય છે. હોસ્પિટલમાં ઈમરજન્સી કેસમાં વધારો થતાં સ્થિતિ ગંભીર બની છે. મુખ્યમંત્રી યુમનામ ખેમચંદસિંહે શિજા હોસ્પિટલની મુલાકાત લઈને દાખલ થયેલ લોકોના ખબરઅંતર પુછ્યાં હતાં. હોસ્પિટલના ડોકટર ચેતન હુંડોંગબામે કહ્યું કે હોસ્પિટલમાં લવાયેલા દર્દીઓમાં મેથનોલ પોઈજનિંગના લક્ષણ જોવા મળ્યાં છે.

ઝારખંડનું જામતાડા છેતરપિંડીનું એપિસેન્ટર, બિહાર ઉત્તર પ્રદેશ, બંગાળમાં દિલ્હી પોલીસની ૬૨ ટીમો ત્રાટકી

વોટ્સએપ પર

(૧૭મા પાનાનું ચાલુ)

ઈન્સ્ટોલ કરવા માટેની ફાઈલ હોય છે. જેની મદદથી ઠગો લોકોના મોબાઈલમાં ઘૂસવા પ્રયાસ કરે છે.

જ્યારે ઈન્સ્ટોલ કરાય છે ત્યારે કોલ, ગેલરી, મેસેજ જેવી સુવિધા માટે મંજૂરી માગવામાં આવે છે, આ મંજૂરી આપતા જ ફોનની અંગત જાણકારી છેતરપિંડી કરનારા સુધી પહોંચી જાય છે. આ જ નેટવર્ક સાથે જોડાયેલી ૨૦૮૦ જેટલી ફરિયાદો પોલીસને મળી હતી.

ઈરાને રાસાયણિક શસ્ત્રો અંગે ટ્રમ્પના આરોપને નકારતા જણાવ્યું કે ઈરાકમાં ૨૦૦૩માં હુમલો કર્યો ત્યારે આ જ બહાનું બનાવ્યું હતું

ઈરાન અમેરિકાની

(૧૭મા પાનાનું ચાલુ)

ઈરાન સાથે કાયમી ધોરણે ડીલ કરવા માંગે છે જેથી ઈરાન પરમાણુ શસ્ત્રો હાંસલ ન કરી શકે. તેમણે જણાવ્યું હતું કે ઈરાન સાથેના યુદ્ધ અંગે હવે કોઈ મોટો નિર્ણય તે ૨૦૨૭માં જ લેશે. બીજી બાજુએ અમેરિકન સમાચાર એજન્સીના સૂત્રો જ કહે છે કે અમેરિકા-ઈઝરાયેલ ઈરાન પર ફરીથી સંયુક્ત હુમલો કરવાની તૈયારી કરી રહી છે. ઈરાન જેટલી ઝડપથી તેમની ઉત્પાદન ક્ષમતા પરત મેળવી રહ્યુ છે તેનાથી ઈઝરાયેલને ચિંતા થઈ છે. ઈરાને ટ્રમ્પના તે આક્ષેપને ફગાવી દીધા હતા કે ઈરાન જૈવિક અને રાસાયણિક શસ્ત્રો મેળવવા તરફ આગળ વધી રહ્યુ છે. ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતુ કે અમેરિકાના આક્ષેપો સતત બદલાતા રહે છે, તેમા કશું નવું નથી. તેઓએ ૨૦૦૩માં ઈરાક પર કરેલા હુમલામાં આ જ પેટર્નનું પાલન કર્યું હતુ, પણ હવે તે જૂની થઈ ગઈ છે.

આ દરમિયાન ઈઝરાયેલે ગાઝાના તેલ-અલ હવા જિલ્લામાં ફૂડ ટ્રક પર કરેલા હુમલામાં ત્રણના મોત થયા હતા. આ ટ્રક ગાઝામાં અન્ન વિતરણ માટે જઈ રહી હતી. ઈઝરાયેલે જણાવ્યું હતું કે અમે આતંકવાદીઓને લઈ જતાં વાહન પર હુમલો કર્યો છે.

એનવિડિયા ૧૪ ટકા તૂટ્યો, દુનિયાનો સૌથી મોટો આઈપીઓ લાવનાર એન્થ્રોપિકમાં બીજા જ દિવસે ૯ ટકાનું ગાબડું

એઆઈની મંદી ઉપરાંત ફન્ડોનું ભારત તરફ વધી રહેલું આકર્ષણ પણ અમેરિકન બજારોમાં કડાકાનું એક કારણ

અમેરિકન બજારોમાં

(૧૭મા પાનાનું ચાલુ)

પગલે એસએન્ડપી ૫૦૦ ૨૫૭.૩૮ પોઈન્ટ એટલે કે ૩.૫૯ ટકા ઘટીને ૬,૯૧૮.૪૫, નાસ્ડેક ૧૨૨૫.૦૫ પોઈન્ટ એટલે કે ૫.૧૩ ટકા તૂટીને ૨૨,૬૫૪.૧૫ જ્યારે ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીયલ ૯૦૮.૮૮ પોઈન્ટ અથવા ૧.૮૫ ટકા ઘટીને ૪૮,૧૮૮.૧૮ પોઈન્ટના સ્તરે બંધ આવ્યા હતા.

એઆઈ કંપની એન્થ્રોપિકના આઈપીઓથી રોકાણકારોને જે અપેક્ષા હતી તે ફળીભૂત થઈ નહોતી અને લિસ્ટિંગ બાદ તેમાં ૯.૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

સપ્તાહના છેલ્લા દિવસે શુક્રવારે એક જ દિવસમાં નાસ્ડેકની માર્કેટ કેપમાં એક લાખ કરોડ ડોલરનો ઘટાડો થયો હતો.

આમ, નાસ્ડેકમાં આખા વર્ષનો નફો એક જ દિવસમાં ધોવાઈ ગયો હતો.

બીજીબાજુ એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ પણ સતત સાત સત્ર સુધી ઘટતો રહ્યો છે, જે ૨૦૨૦ બાદ તેનો સૌથી લાંબો ઘટાડો હોવાનું મનાય છે. એઆઈમાં રોકાણ અંગે રોકાણકારોનો દ્રષ્ટિકોણ બદલાઈ રહ્યો છે. એઆઈ પાછળ કંપનીઓના જંગી ખર્ચ,ડેટા સેન્ટર્સ ઊભા કરવામાં ધીમી ગતિ તથા આ ક્ષેત્રમાં ફન્ડિંગના અભાવથી ટેકનોલોજી કંપનીઓની કમાણી પર અસર પડવાની એનાલિસ્ટો ધારણાં મૂકી રહ્યા છે.

ફન્ડો હવે બોન્ડસ તથા ભારત જેવા ઊભરતા દેશોમાં નાણાં ઠાલવી રહ્યા હોવાને કારણે પણ અમેરિકન બજારો પર પ્રતિકૂળ અસર જોવા મળી રહી છે. ડિસેમ્બરમાં અમેરિકન ફેડરલ રિઝર્વની મળી રહેલી બેઠકમાં વ્યાજ દર અંગે કેવો નિર્ણય આવે છે તેના પર પણ બજારની નજર રહેલી છે.

નવ મહિનામાં એક કરોડ કિશોરીઓને સુરક્ષા કવચ

સર્વાઈકલ કેન્સર સામે ભારતનું રસીકરણ અભિયાન સફળતાની નવી ઊંચાઈએ

નવી દિલ્હી, તા.૨૧

ભારતે સર્વાઈકલ કેન્સરની રોકથામની દિશામાં નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. દેશવ્યાપી એચપીવી (હ્યુમન પેપિલોવાયરસ) રસીકરણ અભિયાન હેઠળ નવ મહિનાથી ઓછા સમયમાં ચૌદ વર્ષની એક કરોડથી વધુ કિશોરીઓને રસી આપવામાં આવી છે. આ આંકડો નિર્ધારીત વાર્ષિક લક્ષ્યાંકના આશરે ૮૭ ટકા જેટલો છે. આ સફળતા કિશોરીઓના સ્વાસ્થ્યના રક્ષણ અને કેન્સર નિવારણ માટે દેશની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સર્વાઈકલ કેન્સરમુક્ત ભારત તરફ આરોગ્ય ક્ષેત્રનું મહત્વપૂર્ણ પગલુ, છ રાજ્યો લક્ષ્યાંકના સો ટકા રસીકરણ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષે ફેબ્રુઆરીમાં આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. તેના હેઠળ ચૌદ વર્ષની કિશોરીઓને સરકારી આરોગ્ય કેન્દ્રોમાં માતા-પિતાની સંમતિથી મફત એક જ ડોઝ આપવામાં આવે છે. રજિસ્ટ્રાર જનરલના ૨૦૨૧ના અંદાજ મુજબ વાર્ષિક લક્ષ્યાંક આશરે ૧.૨ કરોડ કિશોરીઓનો છે. ગુજરાત, આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, મિઝોરમ,, બિહાર અને મધ્ય પ્રદેશ જેવા છ રાજ્યોએ નિર્ધારીત લક્ષ્યાંકનું ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કર્યું છે.અન્ય રાજ્યોમાં આસામે ૯૫.૬૩ ટકા, તેલંગણાએ ૯૫.૨૮ ટકા, કર્ણાટકે ૯૩.૧૬ ટકા અને ઉત્તરાખંડે ૯૦.૧૭ ટકા રસીકરણ નોંધાવ્યું છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૨૯.૩૩ લાખથી વધુ, બિહારમાં ૧૩.૭૦ લાખથી વધુ કિશોરીઓને રસી અપાઈ છે. આ સિદ્ધિ કેન્દ્ર અને રાજ્ય સરકારો, આરોગ્યકર્મીઓ, શિક્ષકો તેમજ વાલીઓના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે.

ઉલ્લેખનીય છે કે ભારતમાં સર્વાઈકલ કેન્સર મહિલાઓ માટે એક ગંભીર પડકાર છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૮૦ હજારથી વધુ કેસ નોંધાયા હતા. એચપીવી રસી આ કેન્સરનું જોખમ ઘટાડવામાં અસરકારક છે. રસીકરણની નોંધણી અને દેખરેખ માટે યુ-વિન ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ થાય છે. સરકારનો હેતુ બાકી રહેલી તમામ પાત્ર કિશોરીઓને આવરી લઈને ૨૦૩૦ સુધીમાં સર્વાઈકલ કેન્સર નાબૂદીના વૈશ્વિક લક્ષ્યાંક તરફ આગળ વધવાનો છે.

ગોળીબાર, આગજની અને સુરક્ષા કાર્યવાહીથી તણાવ

મેક્સિકો ડ્રગ માફિયા ચીફની ધરપકડથી ફરી હિંસા ભડકી

નવી દિલ્હી, તા.૨૧

મેક્સિકોના કુખ્યાત ડ્રગ માફિયા ચીફ અને એફબીઆઈના મોસ્ટ વોન્ટેડ ગુનેગારોમાં સામેલ ફાઉસ્ટો ઈસિડ્રો મેઝા ફ્લોરેસ ઉર્ફે એલ ચાપો ઈસિડ્રોની સિનાલોઆ પ્રાંતના ગુઆસાવે શહેરમાંથી ધરપકડ થયાના અહેવાલ છે. તેની ધરપકડ માટે મેક્સિકન સેનાએ હાથ ધરેલા અભિયાન દરમ્યાન સુરક્ષાદળો અને સશસ્ત્ર ગેંગ વચ્ચે હિંસક અથડામણો થઈ હતી.

હેલિકોપ્ટરમાંથી ગોળીબાર થતા બેઝબોલ લીગ મેચ અટકાવવી પડી,ગેંગ અને સુરક્ષાદળ વચ્ચે હિંસક સંઘર્ષ

ધરપકડની કાર્યવાહી દરમ્યાન ગોળીબાર, વાહનોને આગ ચાંપવાની ઘટનાઓ અને હેલિકોપ્ટરમાંથી થયેલા ગોળીબારના દ્રશ્યો સામે આવ્યા છે. સંઘર્ષને પગલે સ્થાનિક બેઝબોલ



સ્ટેડિયમમાં ચાલી રહેલી ૨૦૨૬ લીગની મેચ ગોળીબારના કારણે અધવચ્ચે અટકાવવી પડી હતી. જો કે, મેક્સિકન સત્તાવાળાઓએ હજી સુધી ધરપકડની સત્તાવાર પુષ્ટી નથી કરી.એફબીઆઈના જણાવ્યા અનુસાર ફ્લોરેસ પર હેરોઈન, મેથામ્ફેટામાઈન, કોકેઈન, ફેન્ટાનિલ અને મારિજુઆનાની મોટા પાયે હેરાફેરી તથા અમેરિકામાં આયાત કરવાનો આરોપ છે. તેની ધરપકડ માટે માહિતી આપનારને અમેરિકાએ પચાસ લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૯માં પણ તેની સામે ડ્રગ્સની હેરાફેરીના આરોપો હેઠળ કેસ નોંધાયા હતા. ફ્લોરેસનું સંગઠન લોસ મઝાટલેકોસ પ્રતિસ્પર્ધી સિનાલોઆ કાર્ટેલ સાથે લાંબા સમયથી હિંસક સંઘર્ષમાં સંડોવાયેલું હતું. કાર્ટેલની આંતરિક નબળાઈનો લાભ લઈને તેણે પોતાનો પ્રભાવ વિસ્તાર્યો હતો. વર્ષ ૨૦૨૪માં ગુઆસાવેમાંથી એક ટનથી વધુ ફેન્ટાનિલ જપ્ત કરાયું હતું. આ મેક્સિકન ઈતિહાસની સૌથી મોટી ફેન્ટાનિલ જપ્તી હતી.

વારંવાર ઉલ્લંઘન થતા કારણ દર્શાવો નોટિસ આપી

સ્પાઈસ જેટની નબળી કામગીરી સામે ડીજીસીએની કડક કાર્યવાહી

મુંબઈ, તા.૨૧

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ)એ ૧૭ નવેમ્બરે સ્પાઈસજેટને કારણદર્શક નોટિસ ફટકારી છે. તેમાં વારંવાર નિયમોના ઉલ્લંઘન, કથળતી કામગીરી અને ગ્રાઉન્ડેડ વિમાનોને ફરી સેવામાં લાવવામાં નિષ્ફળતા સહિત આઠ ગંભીર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. એરલાઈનને સાત દિવસમાં ખુલાસો આપવાનો આદેશ અપાયો છે.

વિમાનો ગ્રાઉન્ડેડ કરવા, ફ્લાઈટો રદ કરવી અને ઉડાનની અનિયમિતતા જેવા સતત ઉલ્લંઘન ભારે પડ્યા


નોટિસમાં જણાવાયું છે કે ૧૧ મેના આદેશ હેઠળ લાદવામાં આવેલો દંડ વારંવાર યાદ અપાવવા છતાં ચુકવાયો નથી.

ઉપરાંત ફરજિયાત વીમા કવચના નવીનીકરણ બાબતે અનિશ્ચિતતા અને એવા પ્રદાતાઓને સમયસર ચુકવણી ન થવાથી કામગીરીમાં વિક્ષેપ સર્જાયો છે. આ મુદ્દે વિદેશી ઉડ્ડયન સત્તાવાળાઓએ પણ ચિંતા વ્યક્ત કરી છે.

સ્પાઈસજેટના મોટાભાગના વિમાનો હજી જમીન પર હોવાથી તેમની સેવાઓ ફરી શરૂ કરવા માટે એરલાઈન કોઈ નક્કર યોજના રજૂ કરી શકી નથી. ડીજીસીએએ ચેતવણી આપી છે કે સાત દિવસમાં જવાબ નહિ મળે તો એરલાઈન્સને બચાવમાં કંઈ કહેવાનું નથી તેમ માની એકતરફી નિર્ણય લેવામાં આવશે.

ફ્લાઈટ ટ્રેકિંગના આંકડા મુજબ છેલ્લા કેટલાક અઠવાડિયામાં સ્પાઈસજેટે તેની પચાસ ટકાથી વધુ નિર્ધારીત ફ્લાઈટ્સ રદ કરી છે. સપ્ટેમ્બરમાં દેશના દસ મુખ્ય હવાઈ મથકો પર કંપનીની સમયસર ઉડાનની કામગીરી માત્ર ૧૬.૫ ટકા રહી હતી. તેની પાંચમાંથી એકથી પણ ઓછી ફ્લાઈટ સમયસર ઉપડી હતી.





હોલીવૂડ ફિલ્મ રોકીના ફેન્સનો વર્લ્ડ રેકોર્ડ



હોલીવૂડમાં રોકી ફ્રેન્ચાઈઝીની ૯ મૂવીઝ આવી. જેમાં, ૬ રોકી સીરીઝની મૂવીઝ રહી : રોકી ૧,૨,૩,૪,૫ અને રોકી બાલબોઆ. જ્યારે, ત્રણ ક્રીડ સીરીઝની સ્પીન-ઓફ મૂવીઝ આવી. આ તમામ મૂવીઝ ખૂબ જ પોપ્યુલર રહી. આ ફિલ્મો બાદ રોકી હોલીવૂડનું સૌથી મોટિવેશનલ કેરેક્ટર બન્યું. અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ જીત એટલે રોકી. ક્યારેય હાર ન માનવી એટલે રોકી જેવું કહેવાતું થયું. અમેરિકામાં રોકી ફિલ્મને યાદ કરીને ૫૭૦ જેટલા ફેન્સ ભેગા થયા અને તેમણે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. આ તમામ ફેન્સ રોકીના ગેટઅપમાં પહોંચ્યા હતા. તેઓ રોકીની સ્ટાઈલમાં જ પ્રેક્ટિસ કરીને ગિનિસ બુકમાં સામેલ થયા.

લોકોમાં જાગૃતિ ફેલાવવાની જરૂર : સુપ્રીમની સરકારને સલાહ

નજીકના સગા વચ્ચે લગ્નો પર પ્રતિબંધ મુકવા કાયદો ઘડવો જોઈએ : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૨૧

નજીકના સગા-સંબંધીઓ વચ્ચે થતા લગ્નો પર પ્રતિબંધની માગ કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી છે. જેને પગલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ પ્રતિબંધ માટે કાયદો ઘડવા કહ્યું છે. જોકે કોઈ આદેશ નથી આપ્યો. સુપ્રીમે કહ્યું છે કે અમે આ મુદ્દે સરકારને સંવેદનશીલ બનાવવા માગીએ છીએ, પ્રતિબંધ મુકવો કે નહીં તે સંસદના હાથમાં છે. આ મુદ્દે જાગૃકતા ફેલાવવી જરૂરી છે.

નજીકના સગાઓ વચ્ચે લગ્નોથી જન્મતા બાળકોને સ્વાસ્થ્યનું જોખમ, ખોડખાપણનો ભોગ બને છે : અરજદાર

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી, વી મોહનાની બેંચે બેંગલુરુમાં કાયદાનો અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીચારવી એસની અરજી પર સુનાવણી કરી હતી. ચારવીએ એવી દલીલ કરી હતી કે શું પ્રથા કે પરંપરાના નામે સગા સંબંધીઓ વચ્ચે લગ્નની છૂટ આપીને તેમની વચ્ચે જન્મતા બાળકોનું સ્વાસ્થ્ય જોખમમાં મુકી શકાય?

તાજેતરના મેડિકલ અભ્યાસમાં પણ સામે આવ્યું છે કે સગા સંબંધીઓ વચ્ચે થતા લગ્નોથી જે બાળકોનો જન્મ થાય છે તેઓ સ્વાસ્થ્ય સંબંધી અનેક બિમારીઓ, ખોટખાપણોનો ભોગ બને છે. અરજદાર યુવતી પોતે પણ દ્રષ્ટીની ખામી ધરાવે છે, બે સગા વચ્ચે થયેલા લગ્નથી આ અરજદાર યુવતીનો જન્મ થયો હતો. અરજદાર યુવતીએ આ મુદ્દે કાયદો ઘડીને લોકોમાં જાગૃતિ ફેલાવવાની માગ કરી હતી.

સુનાવણી દરમિયાન સુપ્રીમની બેંચે કહ્યું હતું કે જે માગણી કરવામાં આવી છે તે અંગે નિર્ણય સંસદ દ્વારા લઈ શકાય. લગ્ન એ વ્યક્તિગત બાબત હોવા છતા આ એક જનજાગૃતિનો મામલો પણ છે. સરકાર આ મુદ્દે કાયદો ઘડવા અંગે વિચારે. અમે કોઈ આદેશ નથી આપી રહ્યા. દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની માગણી ઉઠી રહી છે. એવા સમયે એક સમાન કાયદા જેવી જ માગણી કરતી આ અરજી હાલ ચર્ચાનો વિષય બની છે. અરજદારે નેશનલ ફેમિલી હેલ્થ સરવેના ડેટા સુપ્રીમ કોર્ટમાં રજુ કર્યા હતા જેમાં હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ સહિતના ધર્મોમાં સગા સંબંધીઓ વચ્ચે લગ્નોની ટકાવારી આપવામાં આવી છે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સગા સંબંધીઓ વચ્ચે થતા લગ્નોની ટકાવારી મુસ્લિમોમાં ૧૫.૮ ટકા, બૌદ્ધોમાં ૧૪.૫ ટકા, ખ્રિસ્તીઓમાં ૧૧.૯ ટકા અને હિન્દુઓમાં ૧૦.૧ ટકા છે. કેટલાક રાજ્યો જેમ કે તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, પુડુચેરી ત્યાં આ પ્રકારના લગ્નોનું પ્રમાણ અન્ય રાજ્યો કરતા વધુ છે.

હાલ સુપ્રીમ કોર્ટે બે મુદ્દે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માગ્યો છે, આવા લગ્નો પર પ્રતિબંધ મુકવા કાયદો ઘડવાની ઈચ્છાશક્તિ, સાથે જ નાગરિકોમાં સગા સંબંધીઓ વચ્ચે લગ્નોથી બાળકો પર થતા સ્વાસ્થ્યના જોખમ અંગે જાગૃકતા ફેલાવવી વગેરે.

મારા માતા પિતા પણ નજીકના સગા હોવાથી મારું સ્વાસ્થ્ય જોખમાયું, ૪૦ ટકા દ્રષ્ટિ જતી રહી : અરજદાર યુવતી

યુએનના ૧૨૮ દેશોની ઈચ્છા પર ફક્ત બે જ દેશે પાણી ફેરવ્યું

કિલર રોબોટસ અંગે નિર્ણય લેવામાં દેશોમાં ''કિલિંગ ઈન્સ્ટિન્કટ''નો અભાવ !

જિનિવા,તા.૨૧

વિશ્વભરના દેશો શસ્ત્રોને એઆઈ દ્વારા વધુને વધુ ખતરનાક બનાવવામાં લાગેલા છે. તેના લીધે વાત એઆઈ કિલર રોબોટ અને ડ્રોન સુધી પહોંચી ગઈ છે. તેના કારણે આંખના પલકારે હજારો લોકોના મોત નીપજાવી શકાય છે. તેના પર યુએનમાં ૧૨૮ દેશોના પ્રતિનિધિઓએ એક સપ્તાહ સુધી બેઠક કરી. એક અઠવાડિયાના મંથન છતાં એઆઈથી ચાલતા કિલર રોબોટ અને ડ્રોન માટે આકરા નિયમ બનાવવાના પ્રયત્નો શનિવારે નિષ્ફળ ગયા. યુએન સમર્થિત વાતચીતમાં ચર્ચાને બે વર્ષ આગળ વધારવા સામાન્ય સમજૂતી જ થઈ.

યુએનના મહામંત્રી ગુટેરેસની જતાં-જતાં એઆઈ કિલર રોબોટ્સ પર આકરો નિયમ લાવવાની ઈચ્છા પૂરી ન થઈ

એઆઈ આધારિત શસ્ત્રો પર એક અઠવાડિયા સુધી ચાલેલા યુએન સંમેલનમાં કેટલાય દેશ તે વાત પર સંમત થયા કે ૨૦૨૮ સુધી એવી ઘાતક ઓટોમેટિક શસ્ત્ર પ્રણાલિ પર એક સંભવિત સમજૂતીને વિસ્તારપૂર્વક તૈયાર કરવામાં આવશે. આમ છતાં તેમણે આકરા અને ફરજ પાડે તેવા નિયમોને અમલમાં લાવવા કોઈ વચન આપ્યું નથી, જેની માંગ યુએન મહાસચિવ એન્ટોનિયો ગુટેરસ સહિત કેટલાય દેશો અને તેના કાર્યકરોએ કરી હતી.

આ પરિણામોથી ખબર પડે છે કે વૈશ્વિક સંઘર્ષો અને અગ્રણી લશ્કરી તાકાતોના વચ્ચે વર્ચસ્વની હોડના વાતાવરણમાં કૂટનીતિ દ્વારા મજબૂત પરિણામ હાંસલ કરવું કેટલું મુશ્કેલ છે. નિ:શસ્ત્રીકરણના મામલા માટે યુએનના પ્રતિનિધિ ઈજુમી નાકામિત્સુએ આ કરારને એક મહત્ત્વની સિદ્ધિ ગણાવ્યો, પરંતુ તેની સાથે સ્વીકાર્યુ કે આ સ્થિતિ અડધા ભરેલા અને અડધા ખાલી ગ્લાસ જેવી છે. તેમણે એ વાતનો ઉલ્લેખ કર્યો કે ગુટેરેસને આશા હતી કે આ વર્ષે કાયદાકીય રીતે અમલમાં આવી શકે તેવી એક સમજૂતી થઈ જશે. કેટલીય સંસ્થાઓએ આ કરાર કરવામાં મળેલી નિષ્ફળતા માટે રશિયા અને અમેરિકા જેવી મહાસત્તાઓ પર આરોપ લગાવ્યો કે તેમણે સમજૂતીની ભાષાને વધારે કડક થતાં રોકી દીધી.

સ્ટોપ કિલર રોબોટ્સે તેને એક નબળો જનાદેશ માન્યો.





પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વર્ગસ્થ હંસાબેન રીંડાણી

આપનો પ્રેમ, આશીર્વાદ અને સંસ્કાર અમારા જીવનની અમૂલ્ય મૂડી છે. આપ આજે અમારી વચ્ચે નથી, પરંતુ આપની યાદો અને આપેલા સંસ્કારો હંમેશાં અમારા હૃદયમાં જીવંત રહેશે. આપની ખોટ ક્યારેય પૂરી નહીં થાય. પ્રથમ પુણ્યતિથિએ આપનાં પવિત્ર ચરણોમાં ભાવભીની શ્રદ્ધાંજલિ અને કોટિ કોટિ વંદન.

॥ ૐ શાંતિ ॥

લી. રીંડાણી પરિવાર

દેશ-દુનિયા

GTA-6 : એક વીડિયો ગેમ જેણે ગામ ગજવ્યું



વિશ્વની સૌથી વધુ ચર્ચાસ્પદ વીડિયો ગેમ Grand Theft Auto (GTA)ના છઠ્ઠા વર્ઝન GTA-6એ ગામ ગજવ્યું છે. લોન્ચના પહેલા જ દિવસે સેલ્સનો રેકોર્ડ બનાવ્યો છે. ૧૯ નવેમ્બરે લોન્ચ થયેલી આ ગેમનું પહેલા દિવસનું વિશ્વભરમાં રિટેલ વેચાણ ૩.૭૯ અબજ ડોલર એટલે કે, આશરે ૩૫,૨૦૦ કરોડ સુધી પહોંચ્યું છે. કંપનીના જણાવ્યા અનુસાર, લોન્ચ પહેલાં જ ૩.૨૫ કરોડ યુનિટ્સનું વેચાણ થયું હતું. GTA-5 ૨૦૧૩માં લોન્ચ થઈ હતી. આમ, ૧૩ વર્ષ બાદ નવું વર્ઝન સામે આવ્યું છે. **ગેમ પાછળ છૂટા હાથે ખર્ચ :** GTA-6 પાછળ લગભગ એક અબજ ડોલરથી વધુ ખર્ચ થયો હોવાનો અંદાજ છે. આ રકમ ભારતીય ચલણમાં આશરે રૂ. ૯,૩૦૦ કરોડથી વધુ થાય છે. ગેમના પ્રી-લોડિંગ માટે ૨૧૨ જીબી સુધીની સ્ટોરેજ સ્પેસ જરૂરી છે. **અમેરિકાની એક સિટીથી પ્રેરિત છે ગેમનું સિટી :** ગેમની સ્ટોરી અમેરિકાના કાલ્પનિક રાજ્ય Leonidaની છે. તેનું સિટી Vice City અમેરિકાના એક સિટીથી પ્રેરિત છે. ગેમમાં Jason Duval અને Lucia Caminos નામનાં બે મેઈન કેરેક્ટર્સ છે. બંને ગુનાખોરીની દુનિયામાં આગળ વધતાં એક મોટા કાવતરામાં ફસાઈ જાય છે. **ગેમ બનાવનારી કંપનીમાં ૪,૭૧૧ કર્મચારીઓ :** આ ગેમને બનાવનારી Rockstar Gamesની ૧૨ ઓફિસમાં કુલ ૪,૭૧૧ કર્મચારીઓ છે. Red Dead Redemption 2 ગેમ રિલીઝ થઈ ત્યારે કંપનીમાં ૨,૪૪૧ કર્મચારીઓ હતા. **ગેમમાં ઘણું બધું બદલાયું :** નવા વર્ઝનમાં બિલ્ડિંગ્સની અંદર જઈ શકાશે. પોલીસ હવે વધુ સમજદારીથી વર્તશે. રસ્તા પર ઝઘડો કરતા લોકોને શાંત પાડવાનો પ્રયાસ પણ કરી શકાશે. ગેમમાં દરિયાની અંદર ડૂબેલા ખજાનાને શોધવા જેવી એક્ટિવિટીઝ છે. ગેમમાં સ્ટ્રીટ રેસિંગ ઉપરાંત ડ્રોન રેસિંગ અને રેલી રેસિંગ જેવી એક્ટિવિટીઝ છે.

૧૩ વર્ષ બાદ Grand Theft Autoનું નવું વર્ઝન લોન્ચ : પહેલા દિવસે જ ૩.૭૯ અબજ ડોલરનું રિટેલ વેચાણ

GTA-6 ગેમને બનાવવા પાછળ ૯ વર્ષની મહેનતની સાથે ૧ અબજ ડોલરથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે

ત્રીજા અઠવાડિયામાં પણ ૫૧૦૦૦ ટિકિટોનું વેચાણ

રામાયણ ભાગ-૧ને બોક્સ ઓફિસ પર પખવાડિયામાં ૧૫૫૫ કરોડની કમાણી

મુંબઈ, તા. ૨૧

રણબીર કપૂરને ભગવાન રામ તરીકે રજૂ કરતી રામાયણ ભાગ વન ફિલ્મની સોળમા દિવસે પણ કુલ ૫૧૦૦૦ ટિકિટો વેચાઈ હોવાના અહેવાલો મળ્યા છે. પીવીઆરઆઈનોક્સમાં ૪૫,૦૦૦ અને સિનેપોલિશમાં ૬,૦૦૦ ટિકિટોનું વેચાણ થયું હતું.



રામાયણને પંદર દિવસમાં ભારતમાંથી કુલ ૮૯૫.૯૮ કરોડ રૂપિયાની કમાણી થઈ છે. જ્યારે વિદેશમાંથી ૫૫.૧૦ મિલિયન ડોલર એટલે કે અંદાજે ૫૧૬ કરોડ રૂપિયાની કમાણી થઈ હતી. આમ, દેશ-વિદેશમાં થઈ કુલ ૧૫૫૫ કરોડ રૂપિયાની કમાણી રામાયણ ફિલ્મના પહેલાં ભાગને થઈ છે.

ફિલ્મને બ્રેક ઈવન કરવા માટે ૨૦૦૦ કરોડ રૂપિયાની કમાણી કરવી પડશે તેવો પંડિતોનો અંદાજ હતો. રામાયણ ફિલ્મ ત્રીજા અઠવાડિયામાં પણ સારી ચાલશે તો તે એક મહિનામાં ૨૦૦૦ કરોડ રૂપિયાની કમાણીનો આંકડો પાર કરી જાય તેવી સંભાવના છે.

વિવાદ છતાં ભારતમાં રામાયણને ૯૦૦ કરોડની અને વિદેશમાં રૂ. ૫૧૬ કરોડની કમાણી

બંને પાંચ વર્ષથી સાથે છે ગયા વર્ષે સગાઈ કરી

પોપ સિંગર માઈલી સાયરસ વીકએન્ડમાં મેક્સ મોરાન્ડો સાથે પરણે તેવી ચર્ચા

મુંબઈ, તા. ૨૧

ત્રણવાર ગ્રેમીએવોર્ડ જીતનારી પોપ ગાયિકા માઈલી સાયરસ આ વીક એન્ડમાં કેલિફોર્નિયામાં બીજા લગ્ન કરવા જઈ રહી હોવાના અહેવાલો છે. ૩૪ વર્ષની માઈલી ના આ બીજા લગ્ન હશે જ્યારે ૨૮ વર્ષના મ્યુઝિશ્યન મેક્સ મોરાન્ડોના આ પહેલાં લગ્ન હશે.

૨૦૨૧માં બંને પહેલીવાર બ્લાઈન્ડ ડેટ પર મળ્યા એ પછી પાંચ વર્ષથી બંને સાથે છે. ડિસેમ્બર ૨૦૨૫માં માઈલીએ ડાયમંડ રિંગ પહેરી ત્યારે તે ચર્ચાનો વિષય બનેલી. પછી માઈલીએ ગુડ મોર્નિંગ અમેરિકા શોમાં જણાવ્યું હતું કે મેક્સે જાપાનની મુલાકાત દરમ્યાન પ્રપોઝ કર્યું હતું.



માઈલીએ અગાઉ ૨૦૧૮માં થોર ફિલ્મના હિરો ઓસ્ટ્રેલિયન એક્ટર લિયામ હેમ્સવર્થ સાથે પ્રથમ લગ્ન કર્યા હતા. પરંતુ બંને જણાં ઓગસ્ટ ૨૦૧૯માં તો નિવારી ન શકાય તેવા મતભેદોને પગલે છૂટાં પડી ગયા હતા. માઈલીએ તેના લગ્નની તૈયારી માટે છેલ્લા થોડા અઠવાડિયાથી કામની તમામ દરખાસ્તો નકારી કાઢી હોવાનું મનાય છે.

માઈલી અગાઉ થોર ફેમ એક્ટર લિયામ હેમ્સવર્થ સાથે ૨૦૧૮માં લગ્ન કરી ૨૦૧૯માં છૂટી પડી ગયેલી

ઈન્સ્ટા પર મેક્રોં સાથેની તસવીરો શેર કરી

અનિલ કપૂરે પેરિસમાં પ્રમુખ ઈમેન્યુએલ મેક્રોંની મુલાકાત લઈ સંભારણા વાગોળ્યાં

મુંબઈ, તા. ૨૧

સ બોલિવૂડના પીઢ અભિનેતા અનિલ કપૂરે પેરીસમાં ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુએલ મેક્રોંની મુલાકાત લઈ તેમની સાથે અલકમલકની વાતો કરી હતી. અનિલ કપૂરે તેના ભત્રીજા સાથે પેરિસમાં પ્રમુખની મહેમાનગતિ માણી હતી.



મેક્રોં ભારતમાં આવ્યા ત્યારે અનિલ કપૂર તેમને પહેલીવાર મળ્યો હતો.

અનિલ કપૂરે ઈન્સ્ટા પર તેમની મુલાકાતની તસવીરો મુકી જણાવ્યું હતું કે ફ્રાન્સના પ્રમુખ સાથે મારે કળા, સંસ્કૃતિ, સિનેમા, એઆઈ અને સ્થાપત્ય વિશે ઘણી વાતો થઈ હતી.

નોંધપાત્ર બાબત એ છે કે થોડા દિવસ અગાઉ અનિલ કપૂર ઈટાલીના ફ્લોરેન્સ શહેરમાં લા જિઓસ્ટ્રા ખાતે લલિત મોદી, સંજય કપૂર અને ચંકી પાંડે સાથે સમી સાંજે ગપસપ કરતાં દેખાયો હતો. લલિત મોદી હવે બ્રિટિશ નાગરિક બની ગયો હોઈ તેને ભારત પાછો લાવવાનું કામ મુશ્કેલ બની ગયું છે.


ઈટાલીના ફ્લોરેન્સ શહેરમાં લલિત મોદી, સંજય કપૂર અને ચંકી પાંડે સાથે મળી સમી સાંજે ગુફ્તેગુ કરી

૨૦૧૦-૧૨-૧૯ બાદ ફરી ચુલબુલ પાંડે દેખાશે

એક ઓર દબંગ બની રહી છે, બજરંગી ભાઈજાનની સિક્વલ નહીં બને: સલમાન

મુંબઈ, તા. ૨૧

સલમાન ખાને તેની કારકિર્દીની બે સૌથી લોકપ્રિય ફિલ્મો વિશે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ચુલબુલ પાંડેની ભૂમિકા ફરી ભજવવાનું શક્ય છે પણ બજરંગી ભાઈજાનની સિક્વલ પોસિબલ નથી.



દબંગના તમામ રાઈટ્સ ખાન પરિવાર પાસે હોઈ તેની એક ઓર ફ્રેન્ચાઈઝી બનાવવામાં કોઈ અંતરાય નથી. ૨૦૧૦માં ચુલબુલ પાંડે તરીકે સલમાનખાન એટલો ફેમસ થયેલો કે એ પછી તેની બીજી બે ફિલ્મ ૨૦૧૨ અને ૨૦૧૯માં આવી. સલમાને જણાવ્યું હતું કે દબંગ કા (સિક્વલ)તો આ હી જાયેગા. યે તો હમારે હાથ મેં હૈ. બાકી ફિલ્મ્સ ઉનકે હાથ મેં હૈ. બજરંગી કા ઐસા હૈ કી બજરંગી કે ઉપર કોઈ ફિલ્મ કા જાના મુઝે પોસિબલ નહીં લગતા હૈ. તો વો કરના હી નહીં જહાં પર સેકન્ડ ફિલ્મ ફર્સ્ટ ફિલ્મ સે કમ્પેર હુએ ઔર બોલે કી યાર ઈસ મેં મઝા નહીં આયા.

સલમાનખાને બોક્સ ઓફિસ પર ચોથી ડિસેમ્બરે તેની ફિલ્મ માતૃભૂમિ અને ઈઠાની ટક્કર બાબતે જણાવ્યું હતું કે મને ખબર નહોતી કે શ્રદ્ધાની ફિલ્મ પણ એ જ દિવસે રજૂ થવાની છે.

ઈઠા સાથે માતૃભૂમિની બોક્સ ઓફિસ ટક્કર બદલ સલમાને શ્રદ્ધાની માફી માંગી લીધી

ડિજિટલ ઈન્ડિયાની અંધાધૂંધ દોડ અને સાયબર અસુરક્ષાનું વિકરાળ વિઘ્ન છે જેને અવગણી શકાય નહીં

આપણે ડિજિટલ મહાશક્તિ બની રહ્યા છીએ કે સાયબર ગુલામ

ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થાઓમાં મોખરે ઊભું છે, તેમાં કોઈ શંકા નથી. છેલ્લા એક દાયકામાં ડિજિટલ ઈન્ડિયા અભિયાને દેશની વહીવટી અને આર્થિક સંરચનાનો નકશો જ બદલી નાખ્યો છે. યુપીઆઈ દ્વારા થતી અબજો રૂપિયાની લેવડદેવડ, આધાર આધારિત ઓળખ પ્રણાલી, જનધન ખાતાઓ, ડીબીટી અને ઓનલાઈન જાહેર સેવાઓએ ભારતને વિશ્વના સૌથી મોટા ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોડેલ તરીકે સ્થાપિત કર્યું છે. રોકડ વ્યવહારો હવે સારા દિવસોની નિશાની મટીને માત્ર કટોકટી કે ખરાબ સમય માટેની જરૂરિયાત બનીને રહી ગયા છે.

> **સંસદમાં રજૂ કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ૨૦૨૦ થી ૨૦૨૪ ના પાંચ વર્ષના ગાળામાં સાયબર છેતરપિંડીના નોંધાયેલા કેસોમાં લગભગ ત્રણ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૨૦માં ૧૦,૩૯૫ કેસ નોંધાયા હતા, જે વધીને ૨૦૨૧માં ૧૪,૦૦૭, ૨૦૨૨માં ૧૭,૪૭૦, ૨૦૨૩માં ૧૯,૪૬૬ અને ૨૦૨૪માં ૨૯,૭૫૮ સુધી પહોંચી ગયા હતા: ટેલિકોમ વિભાગ દ્વારા જાહેર કરાયેલા ચોંકાવનારા આંકડા અનુસાર, છેલ્લાં પાંચ વર્ષમાં સાયબર ગઠિયાઓએ ભારતીય નાગરિકોના રૂા. ૫૨,૦૦૦ કરોડથી વધુ રૂપિયા ઉડાવી લીધા છે. તેવી જ રીતે માત્ર ૨૦૨૪ ના પ્રથમ છ મહિનામાં જ ભારતીયોને રૂા. ૧૧,૨૬૯ કરોડનું નુકસાન થયું હતું. ડિજિટલ અરેસ્ટ, નકલી રોકાણ એપ્સ અને UPI છેતરપિંડી દ્વારા લૂંટ ચલાવવામાં આવી છે : આપણે ખરેખર ડિજિટલ મહાશક્તિ બનવા માંગતા હોઈએ, તો આપણે અભેદ્ય સુરક્ષા માળખું, અત્યંત સક્ષમ માનવ સંસાધન, સમય સાથે કદમ મિલાવતા આધુનિક કાયદા અને સતર્ક નાગરિકોનું નિર્માણ કરવું જ પડશે. જો આપણે અત્યારે નહીં જાગીએ, તો ડિજિટલ ક્રાંતિનું આ વરદાન દેશ માટે સૌથી મોટો અભિશાપ બની જશે**

જો કે, આ ચમકતી ડિજિટલ ક્રાંતિની પાછળ એક અત્યંત ભયાનક અને અંધકારમય વાસ્તવિકતા છુપાયેલી છે, જેની સામે આંખ આડા કાન કરવા હવે દેશ માટે આત્મઘાતી સાબિત થઈ શકે છે. જે ઝડપે આપણે ડિજિટલ વિસ્તરણ કર્યું છે, તેની સામે સુરક્ષા, વિશ્વસનીયતા અને સંસ્થાકીય તૈયારીઓ સાવ વામણી અને પાંગળી સાબિત થઈ રહી છે. આજે સાયબર સુરક્ષા એ માત્ર ટેકનોલોજીનો વિષય નથી રહ્યો, પરંતુ તે ભારતની આર્થિક સ્થિરતા અને રાષ્ટ્રીય સુરક્ષા સામે ઊભો થયેલો સૌથી મોટો પડકાર બની ગયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં સાયબર ગુનાઓની પ્રકૃતિ અનેકગુણા એટલી હદે બદલાઈ ગઈ છે કે સામાન્ય નાગરિક પોતાની જ પરસેવાની કમાણી અને અંગત ઓળખ ગુમાવવાના સતત ભય હેઠળ જીવી રહ્યો છે. 'ડિજિટલ અરેસ્ટ' જેવા માનસિક ત્રાસ આપતા નવા હથિયારો, નકલી રોકાણ યોજનાઓ, સિમ સ્વેપિંગ, ફિશિંગ, ઓળખની ચોરી અને ઓનલાઈન નાણાકીય છેતરપિંડીના બનાવોએ દેશમાં હાહાકાર મચાવ્યો છે. સાયબર ગઠિયાઓ હવે કોઈ સામાન્ય ચોર-લૂંટારા નથી રહ્યા, પરંતુ તેઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા અત્યાધુનિક હથિયારોથી સજ્જ થઈને આપણી પરંપરાગત સુરક્ષા પ્રણાલીઓના લીરેલીરા ઉડાવી રહ્યા છે.

એઆઈ આધારિત સાધનોની મદદથી આ ગુનેગારો એટલા વિશ્વસનીય નકલી સંદેશાઓ, અવાજો અને વીડિયો તૈયાર કરી રહ્યા છે કે ભલભલા શિક્ષિત અને સમજદાર લોકો પણ તેમની જાળમાં ફસાઈને જીવનભરની મૂડી ગુમાવી બેસે છે. ઓટોમેટિક માલવેર અને ડીપફેક ટેકનોલોજીએ સાયબર અપરાધીઓને એવી તાકાત આપી દીધી છે કે જેની સામે આપણી વર્તમાન સુરક્ષા વ્યવસ્થા સાવ લાચાર દેખાઈ રહી છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો અને ટેલિકોમ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ દર્શાવે છે કે છેલ્લાં પાંચ વર્ષમાં દેશમાં સાયબર છેતરપિંડીના કેસો અને નાગરિકોને થયેલા આર્થિક નુકસાનમાં જંગી ઉછાળો આવ્યો છે. સંસદમાં રજૂ કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ૨૦૨૦થી ૨૦૨૪ના પાંચ વર્ષના ગાળામાં સાયબર છેતરપિંડીના નોંધાયેલા કેસોમાં લગભગ ત્રણ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૨૦માં ૧૦,૩૯૫ કેસ નોંધાયા હતા, જે વધીને ૨૦૨૧માં ૧૪,૦૦૭, ૨૦૨૨માં ૧૭,૪૭૦, ૨૦૨૩માં ૧૯,૪૬૬ અને ૨૦૨૪માં ૨૯,૭૫૮ સુધી પહોંચી ગયા હતા. તેવી જ રીતે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ અને ટેલિકોમ વિભાગના અહેવાલો મુજબ, છેલ્લાં પાંચ વર્ષમાં દેશભરમાંથી સાયબર ફ્રોડની અંદાજે ૬૦ લાખથી વધુ ફરિયાદો નોંધાઈ છે. ઉપરાંત CERT-In ના અહેવાલ અનુસાર, સાયબર સુરક્ષાની ઘટનાઓ ૨૦૨૨માં ૧૦.૨૯ લાખથી વધીને ૨૦૨૪માં ૨૨.૬૮ લાખ સુધી પહોંચી હતી. ટેલિકોમ વિભાગ દ્વારા જાહેર કરાયેલા ચોંકાવનારા આંકડા અનુસાર, છેલ્લાં પાંચ વર્ષમાં સાયબર ગઠિયાઓએ ભારતીય નાગરિકોના ૫૨,૦૦૦ કરોડથી વધુ રૂપિયા ઉડાવી લીધા છે. તેવી જ રીતે માત્ર ૨૦૨૪ ના પ્રથમ છ મહિનામાં જ ભારતીયોને રૂા. ૧૧,૨૬૯ કરોડનું નુકસાન થયું હતું.

ડિજિટલ અરેસ્ટ, નકલી રોકાણ એપ્સ અને UPI છેતરપિંડી દ્વારા લૂંટ ચલાવવામાં આવી છે.

આ ભયાનક પરિસ્થિતિ પાછળનું સૌથી મોટું અને કડવું સત્ય એ છે કે ભારતમાં ડિજિટલ સેવાઓના વિસ્ફોટક વિસ્તારની તુલનામાં પ્રશિક્ષિત સાયબર સુરક્ષા નિષ્ણાતોની ભયંકર અછત છે. સરકારી વિભાગો હોય કે ખાનગી કોર્પોરેટ સંસ્થાઓ, સાયબર સુરક્ષા સાથે જોડાયેલી અત્યંત મહત્વપૂર્ણ જગ્યાઓ વર્ષોથી ખાલી પડી છે. જ્યારે ઘરના દરવાજા ખુલ્લા હોય અને ચોકીદાર જ ગાયબ હોય, ત્યારે ચોરી થવી સ્વાભાવિક છે. નિષ્ણાતોની આ અછતને કારણે આપણી સંસ્થાઓ આધુનિક સુરક્ષા કવચ વિકસાવવામાં જોજનો પાછળ રહી ગઈ છે, જેના પરિણામે સાયબર હુમલાઓનું જોખમ દિવસેને દિવસે અનેકગણું વધી રહ્યું છે. આ ઉપરાંત, થર્ડ પાર્ટી એટલે કે બાહ્ય સેવા પ્રદાતાઓ પરની આંધળી નિર્ભરતાએ આ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે. મોટાભાગની સરકારી અને ખાનગી સંસ્થાઓ પોતાના ટેકનિકલ સંચાલન માટે બહારની ખાનગી કંપનીઓ પર આધાર રાખે છે. ભલે મુખ્ય નેટવર્ક ગમે તેટલું સુરક્ષિત હોવાનો દાવો કરવામાં આવે, પરંતુ તેની સાથે જોડાયેલી કોઈ એક નબળી બાહ્ય સિસ્ટમ આખા માળખાને હેકર્સના હવાલે કરી શકે છે. દુનિયાભરમાં થયેલા મોટા ડેટા લીક અને સાયબર હુમલાઓએ એ સિદ્ધ કરી દીધું છે કે કોઈપણ સુરક્ષા શૃંખલા એટલી જ મજબૂત હોય છે, જેટલી તેની સૌથી નબળી કડી હોય છે. ભારતનું અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ માળખું આજે સીધું સાયબર આતંકવાદીઓ અને હેકર્સના નિશાના પર છે. આપણા દેશની વીજળી ગ્રીડ, રેલવે નેટવર્ક, બેંકિંગ પ્રણાલી, આરોગ્ય સેવાઓ અને ટેલિકોમ માળખું આજે સંપૂર્ણપણે ડિજિટલ ટેકનોલોજી પર નિર્ભર છે. જરા કલ્પના કરો કે જો દુશ્મન દેશના હેકર્સ અથવા કોઈ સંગઠિત સાયબર ગેંગ દ્વારા આપણી વીજળી ગ્રીડ કે બેંકિંગ સિસ્ટમ પર કોઈ મોટો હુમલો કરવામાં આવે, તો આખો દેશ ક્ષણભરમાં ઠપ્પ થઈ જશે. આર્થિક ગતિવિધિઓ થંભી જશે, હોસ્પિટલોમાં દર્દીઓના જીવ જોખમમાં મુકાશે અને જાહેર જીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ જશે.

ડિજિટલ અર્થવ્યવસ્થાના આંધળા વિસ્તારે નાગરિકોના અંગત ડેટાની સુરક્ષા સામે પણ ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કર્યું છે. આજે લગભગ તમામ સરકારી અને ખાનગી સેવાઓ ક્લાઉડ આધારિત માળખા તરફ વળી રહી છે. જો સર્વર કોન્ફિગરેશનમાં સહેજ પણ ચૂક રહી જાય અથવા ઓથેન્ટિકેશન સિસ્ટમ નબળી પડે, તો કરોડો નાગરિકોની અત્યંત સંવેદનશીલ માહિતી ડાર્ક વેબ પર કોડીના ભાવે વેચાવા લાગે છે. આથી જ, ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન કાયદાને માત્ર કાગળ પરના એક દસ્તાવેજ કે શોભાના ગાંઠિયા તરીકે સીમિત રાખી શકાય નહીં.

બીજી તરફ, ભારતના ગ્રામીણ અનેઅર્ધ-શહેરી વિસ્તારોમાં કરોડો લોકો એવા છે જેમના હાથમાં સ્માર્ટફોન અને બેંક ખાતા તો આવી ગયા છે, પરંતુ તેઓ સાયબર સુરક્ષાના પાયાના નિયમોથી સાવ અજાણ છે. આ અજ્ઞાનતાનો ભરપૂર ફાયદો સાયબર લૂંટારાઓ ઉઠાવી રહ્યા છે. નકલી લિંક્સ, બનાવટી એપ્સ, ઓનલાઈન લોટરીની લાલચ અને બેંકિંગ છેતરપિંડીના હજારો કિસ્સાઓ દરરોજ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના ઘર બરબાદ કરી રહ્યા છે. લોકોને ડિજિટલ પેમેન્ટ કરતા તો શીખવી દીધું, પરંતુ તેમને સાયબર ઠગોથી બચવાની તાલીમ આપવામાં તંત્ર સદંતર નિષ્ફળ ગયું છે.

ભારતે યુપીઆઈએ નાણાકીય વ્યવહારોને જેટલા સરળ અને સુલભ બનાવ્યા છે, તેવું દુનિયાના કોઈ વિકસિત દેશમાં પણ જોવા મળતું નથી. જનધન, આધાર અને મોબાઈલની ત્રિશક્તિએ કરોડો વંચિત લોકોને દેશની મુખ્ય અર્થવ્યવસ્થા સાથે જોડ્યા છે. ડિજીલોકર, ઓએનડીસી અને એકાઉન્ટ એગ્રીગેટર જેવી વ્યવસ્થાઓએ વહીવટી કાર્યક્ષમતા વધારી છે અને દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને નવી ઊર્જા આપી છે.



નક્કર પગલા નહીં લેવાય તો ડિજિટલ ક્રાંતિનું વરદાન દેશ માટે અભિશાપ બની જશે

રાષ્ટ્રીય સુરક્ષાના દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જ પડશે. વીજળી, બેંકિંગ, પરિવહન અને સંચાર જેવા અતિ-સંવેદનશીલ ક્ષેત્રો માટે અત્યંત કડક અને વિશેષ સાયબર સુરક્ષા માપદંડો વિકસાવવા જોઈએ. આપણે વિદેશી હાર્ડવેર અને સોફ્ટવેર પરની નિર્ભરતા ઘટાડીને ઘરેલુ સ્તરે જ હાર્ડવેર અને સોફ્ટવેરના સઘન પરીક્ષણની મજબૂત વ્યવસ્થા ઊભી કરવી પડશે, જેથી કોઈપણ સુરક્ષા છીંડા કે જાસૂસીના જોખમને સમયસર પકડી શકાય. જે ઝડપે સાયબર ગુનેગારો નવી ટેકનોલોજી અપનાવી રહ્યા છે, તેનાથી બે ડગલાં આગળ ચાલીને આપણી સુરક્ષા એજન્સીઓએ પણ ઓટોમેટિક ખતરાની ઓળખ કરતી પ્રણાલી, રિયલ-ટાઈમ મોનિટરિંગ અને નિયમિત સાયબર મોક ડ્રિલ જેવા આક્રમક ઉપાયોને વ્યાપક બનાવવા પડશે. દેશમાં સાયબર સુરક્ષા નિષ્ણાતો, ડિજિટલ ફોરેન્સિક નિષ્ણાતો અને ક્લાઉડ સિક્યુરિટી પ્રોફેશનલ્સની એક વિશાળ ફોજ તૈયાર કરવાની તાતી જરૂરિયાત છે. દેશની યુનિવર્સિટીઓ અને ટેકનિકલ સંસ્થાઓમાં સાયબર સુરક્ષાના વિશેષ અને વ્યવહારુ અભ્યાસક્રમો શરૂ કરીને નવી પેઢીને આ ડિજિટલ યુદ્ધ માટે તૈયાર કરવી પડશે. દરેક સરકારી વિભાગ અને નાણાકીય સંસ્થામાં સક્ષમ ચીફ ઈન્ફોકમેશન સિક્યુરિટી ઓફિસરની નિમણૂક ફરજિયાત અને તાત્કાલિક ધોરણે થવી જોઈએ. સાયબર ગુનાઓની કોઈ ભૌગોલિક સીમા હોતી નથી, તેથી વૈશ્વિક સ્તરે સહયોગ વધારવો, ગુનેગારો વિશેની માહિતીનું ત્વરિત આદાન-પ્રદાન કરવું અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંયુક્ત સુરક્ષા તંત્ર મજબૂત કરવું પણ એટલું જ જરૂરી છે.

ભારતને વિશ્વની ડિજિટલ મહાશક્તિ બનાવવાનું સપનું માત્ર આંકડાઓ વધારવાથી કે મોબાઈલ એપ્સ લોન્ચ કરવાથી પૂરું નહીં થાય. જો આપણે ખરેખર ડિજિટલ મહાશક્તિ બનવા માંગતા હોઈએ, તો આપણે અભેદ્ય સુરક્ષા માળખું, અત્યંત સક્ષમ માનવ સંસાધન, સમય સાથે કદમ મિલાવતા આધુનિક કાયદા અને સતર્ક નાગરિકોનું નિર્માણ કરવું જ પડશે. જો આપણે અત્યારે નહીં જાગીએ, તો ડિજિટલ ક્રાંતિનું આ વરદાન દેશ માટે સૌથી મોટો અભિશાપ બની જશે.

એઆઈ ટેકનોલોજીને બહાર જતી અટકાવવા અમેરિકાનો પ્રયત્ન

વિદેશમાં AI ડેટા સેન્ટર બનાવનાર પર ભારે ટેક્સ : ટ્રમ્પ

(પીટીઆઈ) વોશિંગ્ટન,તા.૨૧

વિદેશમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેટા સેન્ટરો બનાવનારી અમેરિકન કંપનીઓએ જબરદસ્ત ટેક્સનો સામનો કરવો પડશે, એમ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે જણાવ્યું હતું. ટ્રમ્પે તેની વિગતો આપી ન હતી, પરંતુ જણાવ્યું હતું કે તેમણે તેમના આ આયોજન અંગે તેમના અધિકારીઓને પણ જણાવ્યું નથી. ટ્રમ્પે અમેરિકનોને વિનંતી કરી હતી કે તેમની કમ્યુનિટીમાં બનતા ડેટા સેન્ટરો તે આવકારે અને તેના બદલ ડેવલપરો પાસેથી મહત્તમ રાહતો મેળવે. તેમણે મિડટર્મ ચૂંટણીમાં પણ આ જ વાત જણાવી હતી.

ટ્રમ્પે એઆઈ સેન્ટરો સ્થાપવા માટે વીજયોજનાઓને મંજૂરીની ગતિ ઝડપી બનાવી અને લોકોને સહયોગ કરવા અપીલ કરી

ટ્રમ્પે વ્હાઇટ હાઉસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે તમારે ડેટા સેન્ટરોનો ફાયદો લેવો જોઈએ. આ ડેટા સેન્ટરો પાસેથી તમારે નાણાકીય વળતર લેવુ જોઈએ, તમારી કમ્યુનિટીએ નાણાકીય વળતર લેવું જોઈએ, પરંતુ તેને બંધ ન કરવા જોઈએ. અમેરિકાની વિવિધ કમ્યુનિટીઝમાં ડેટા સેન્ટરો સામે આક્રોશ વધી રહ્યો છે ત્યારે તેને ઠંડો પાડવા માટે ટ્રમ્પે આ વાત જણાવી છે.

અમેરિકાની ટેકનોલોજી જાયન્ટ્સે આ માટે કેટલીક રકમની ચૂકવણીનું વચન આપ્યું છે, કેટલીકે સીક્રેટ રાખ્યું છે અથવા તો સર્વર વેરહાઉસીસ સ્થાપવાની મંજૂરી આપવા બદલ કમ્યુનિટીઝને વધુ નાણાકીય વળતર આપવાની તૈયારી દાખવી છે. રિપબ્લિકનની આગેવાની હેઠળની સેનેટે નવા વીજમથકો અને વીજલાઇનો સ્થાપવાની સાથે અન્ય એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવાની સમીક્ષાને મંજૂરી આપવાની પ્રક્રિયા વેગવંતી બનાવતી દરખાસ્ત પસાર કરી છે. તેના લીધે માંગમાં થયેલા વધારાની સાથે દેશમાં વીજ પુરવઠો વધે અને વીજ ભાવ નીચા રહે.

અમેરિકા-ચીન વચ્ચે એઆઈ જંગ વધુ તીવ્ર બન્યોઃ ૨૦૨૪માં પ્રતિબંધ છતાં પણ ૨,૪૦,૦૦૦ એઆઈ ચિપ્સ ચીનમાં ગઈ

આ ઠરાવમાં મહાકાય વીજ યોજનાઓ શરુ કરવા માટેના સમયગાળામાં નોંધપાત્ર ઘટાડો કરવા નિયમોમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. હાલમાં ડેટા સેન્ટરો સામે જબરદસ્ત આક્રોશ છે અને વીજળીના ઊંચા ભાવે ડેમોક્રેટ્સને મદદ કરી છે, જેમણે મહાકાય વીજ કંપનીઓ પર ત્રાટકવાનો વાયદો કર્યો હતો.

આના પગલે હવે આગામી દિવસોમાં એઆઈ જાયન્ટ્સ અને ડેટા સેન્ટર ડેવલપરો માટે આકરી નિયમનકારી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે. કદાચ એઆઈ અને ડેટા સેન્ટરના સૌથી મોટા પુરસ્કર્તા ટ્રમ્પ પોતે આ પ્રકારના ફેડરલ આક્રમણને અટકાવે તો જ તેમને અટકાવી શકાય છે. ટ્રમ્પના સમર્થન છતાં ડેટા સેન્ટરોની બાબત

(અનુસંધાન ૧ ૩મે પાને)

જર્મનીમાં જેન-ઝીના વિરોધ પ્રદર્શન



જર્મનીમાં જેન-ઝીએ મોરચો માંડ્યો છે. ૩૧ ઓક્ટોબરના રોજ હેલોવીનના દરમિયાન શરૂ થયેલા પ્રદર્શનો નવેમ્બર મહિનામાં દેશભરમાં ફેલાયા છે. પ્રદર્શનકારી વિદ્યાર્થીઓએ એક-બે નહીં અનેક મુદ્દે સરકારને ઘેરી છે. આર્મીમાં ફરજિયાત સેવા, શિક્ષણ બજેટમાં કાપ, મોંઘવારી, રોજગાર, સ્વાસ્થ્ય જેવા અનેક મુદ્દે જેન-ઝી વિરોધમાં ઉતર્યા છે.

ઈરાને નવા અંડરગ્રાઉન્ડ મિસાઈલ લોન્ચર બનાવ્યા

ઈરાન અમેરિકાની ધમકીઓને ઘોળીને પી ગયુઃ હોર્મુઝમાં ત્રણ ટેન્કરો પર હુમલા

દુબઈ, તા.૨૧

ઈરાને હોર્મુઝમાં અમેરિકાની ધમકીને જાણે ઘોળીને પી જતાં હોય તેમ ત્યાંથી પસાર થતાં ટેન્કર પર ધરાર હુમલા કર્યા હતા. તેણે શનિવારે આવા ત્રણ ટેન્કર પર હુમલા કર્યા હતા. આ ટેન્કરોને ભારે નુકસાન થયું છે, તે આગળ ચાલી શકે તેવા રહ્યા નથી, પરંતુ કોઈ જાનહાનિના સમાચાર નથી. બ્રિટિશ મેરીટાઇમ સિક્યોરિટીએ આ હુમલાની વાત જણાવી હતી. આ ત્રણ હુમલામાં એક હુમલો જબરદસ્ત હતો અને તેમા એન્જિન રૂમમાં આગ લાગી હતી. ઈરાને આ અંગે કોઈપણ પ્રકારની કોમેન્ટ કરી નથી.

ઈરાન પર નવા હુમલા અંગે ૨૦૨૭માં નિર્ણય, તેને પરમાણુ શસ્ત્રો ન બનાવવા દેવા અંગે કાયમી ડીલ કરવી છેઃ ટ્રમ્પ

ઈરાનીયન નૌકાદળે જણાવ્યું હતું કે બપોરે એક ટેન્કર તેમની માઈન્સને અથડાયું હતું અને આગમાં લપેટાઈ ગયું હતું. તેના સરકારી પ્રસારમાધ્યમોએ જણાવ્યું હતું કે ઈરાનના લશ્કરે જબરદસ્ત ઓપરેશન કરીને હોર્મુઝમાં જહાજોને ત્યાંથી જતાં અટકાવ્યા હતા. તેનું ધ્યેય અમેરિકન લશ્કરના ઓમાન બાજુના કાંઠેથી દરિયાયામાંથી પસાર થતાં જહાજોને અટકાવવાનું છે. ઈરાને નવા અંડરગ્રાઉન્ડ મિસાઈલ લોન્ચર બતાવ્યા હતા. આ મિસાઈલ લોન્ચર પહેલાં કરતાં વધુ આધુનિક છે અને આ સાથે ઈરાને અમેરિકા સાથે હજી પણ યુદ્ધ લંબાય તો તે કરવાની તેની લાંબા શસ્ત્રા સજ્જ ક્ષમતાનું પ્રદર્શન કર્યુ છે.

ઈરાનના લશ્કરી દળો હોર્મુઝની ખાડીમાંથી પસાર થતાં જહાજો પર એટલા માટે પણ હુમલા કરતા રહે છે કેમકે તેના લીધે ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા રહેતા તેમના અર્થતંત્રને મદદ મળે છે અને અમેરિકામાં બધુ મોંઘુ થતાં પ્રમુખ ટ્રમ્પ પર દબાણ આવે છે. અમેરિકાએ ઈરાનના બંદરો પર ઘેરો નાખેલો છે. ઈરાન કોઈપણ ભોગે આ ઘેરાબંધી તોડવા માંગે છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે તે

(અનુસંધાન ૧૫મે પાને)

ઉત્તર પ્રદેશ પોલીસનો છબરડો, તપાસના આદેશ

સુપ્રીમના જજના બદલે ઓવૈસીને ગાર્ડ ઓફ ઓનર આપી દેવાયું

સહારનપુર, તા. ૨૧

ઉત્તર પ્રદેશ પોલીસનો એક મોટો છબરડો સામે આવ્યો હતો, રાજ્યની પોલીસે સહારનપુરમાં સુપ્રીમ કોર્ટના



પૂર્વ ન્યાયાધીશના બદલે એઆઇએમઆઇએમના પ્રમુખ અને સાંસદ અસદુદીન ઓવૈસીને ગાર્ડ ઓફ ઓનર આપી દીધુ હતું. જેનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે પોતાની ભુલ સ્વીકારી હતી.

શનિવારે ઉત્તર પ્રદેશના સહારનપુરમાં સર્કિટ હાઉસમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશનું આગમન થવાનું હતું, જેમને ગાર્ડ ઓફ ઓનર આપવા માટે પોલીસકર્મીઓ તૈનાત કરાયા હતા. જોકે ન્યાયાધીશ પહેલા ઓવૈસી પોતાના કાફલા સાથે સર્કિટ હાઉસ પહોંચી ગયા હતા. ઓવૈસી પોતાની કારમાંથી નીચે ઉતર્યા કે તરત જ તૈનાત પોલીસકર્મીઓએ તેમને ગાર્ડ ઓફ ઓનર આપવાનું શરૂ કરી દીધુ હતું, પરિણામે થોડા સમય માટે ઓવૈસી પણ પોતાની જગ્યાએ ઉભા રહી ગયા

(અનુસંધાન ૧૩મે પાને)

સહારનપુર આવેલા ઓવૈસીએ પણ થોડો સમય ઉભા રહીને ગાર્ડ ઓફ ઓનર સ્વીકાર્યું

રોજિંદા ખોરાકમાં માત્રા જાળવી નથી શકતા

જેન-ઝી હેલ્ધી ફૂડ વિશે જાગૃત પણ પ્રોટીન અને ફાઈબર ઈન્ટેકમાં પાછળ

મુંબઈ, તા.૨૧

ભારતમાં જેન-ઝીમાં પોષણ અને હેલ્ધી ફૂડ પ્રત્યે જાગૃતિ વધી રહી છે. પરંતુ, આ જાગૃતિને રોજિંદા ખોરાકની આદતમાં ફેરવવામાં હજુ મુશ્કેલી પડી રહી છે. એક અભ્યાસ મુજબ, યુવાનો પ્રોટીન અને ફાઇબરનું મહત્વ સમજે છે છતાં રોજિંદા ભોજનમાં તેની પૂરતી માત્રા જાળવી શકતા નથી.

૫૮ ટકા જેન-ઝી અને મિલેનિયલ્સ ઓછું ફાયબર લે છે જ્યારે, જેન-એક્સમાં તેનું પ્રમાણ ૬૫ ટકા ઓછું

દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, કોલકાતા અને કોચીના ૧૮થી ૫૦ વર્ષની વયના ૧,૨૫૦ શહેરી લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૭૪ ટકા લોકોએ કહ્યું કે, તેઓ પોતાની દૈનિક પ્રોટીનની જરૂરિયાત વિશે જાણે છે. પરંતુ માત્ર ૪૪ ટકા લોકો જ તેની ચોક્કસ માત્રા જણાવી શક્યા હતા. ૯૦ ટકા જેન-ઝીએ ઇચ્છા વ્યક્ત કરી હતી કે રોજિંદા ભોજનમાં પ્રોટીન ઉમેરવું વધુ સરળ બને. જ્યારે ૮૯ ટકા યુવાનો પ્રોટીનયુક્ત ખોરાક રોજિંદા ઉપયોગમાં લેવાતી સામાન્ય વાનગીઓમાં મળે તેવું ઇચ્છે છે.

અભ્યાસનું બીજું મહત્ત્વનું તારણ એ છે કે આશરે ૬૧ ટકા લોકો ભલામણ કરેલી માત્રા કરતાં ઓછું ફાઇબર લે છે. જેન-ઝી અને મિલેનિયલ્સમાં આ પ્રમાણ ૫૮ ટકા છે. જ્યારે જેન-એક્સમાં ૬૫ ટકા છે.આ સ્થિતિ સુધારવા માટે નિષ્ણાતો ભોજનમાં દાળ, ચણા, પનીર, દહીં અને સોયાબીન જેવી પ્રોટીનયુક્ત વસ્તુઓ ઉમેરવાની સલાહ આપે છે. નાસ્તામાં શેકેલા ચણા, ફળો અને બદામ લઈ શકાય છે. ફાઇબર માટે શાકભાજી, ફળો, આખા અનાજ, ઓટ્સ અને બાજરીનો ઉપયોગ વધારી શકાય છે.

છ વર્ષમાં ઈક્વિટી બજારમાં સૌથી મોટી સાપ્તાહિક ખાનાખરાબી

અમેરિકન બજારોમાં એક જ સપ્તાહમાં છ લાખ કરોડ ડોલરના ધોવાણથી હાહાકાર

ન્યૂયોર્ક, તા.૨૧

એઆઈ શેરોની જંગી વેચવાલીના પગલે એશિયન અને યુરોપીયન બજારો પછી શુક્રવારે અમેરિકન બજારો નાસ્ડેક, ડાઉ જોન્સ અને એસએન્ડપી ૫૦૦માં પણ મોટો કડાકો બોલાયો હતો. એઆઈ શેરોમાં થઈ રહેલી વેચવાલી એટલી તિવ્ર હતી કે દુનિયાનો સૌથી મોટો આઈપીઓ બનવાની સિદ્ધિ મેળવનાર એન્થ્રોપિક પણ તેને અટકાવી શક્યો નહીં. એન્થ્રોપિકનો શેર લોન્ચિંગના બીજા જ દિવસે ૯.૧ ટકા તૂટ્યો હતો જ્યારે ચીની જાસૂસી વિવાદમાં સપડાયેલી એનવિડિયા સામે નિયમનકારોએ તપાસ શરૂ કરી હોવાના અહેવાલના પગલે તેનો શેર પણ ૧૪ ટકા તૂટ્યો હતો. એઆઈ શેરોની વેચવાલીના પગલે અમેરિકન શેર બજારોમાં એક જ સપ્તાહમાં છ લાખ કરોડ ડોલર તેમજ નાસ્ડેકમાં એક જ દિવસમાં એક લાખ કરોડ ડોલરનું ધોવાણ થયું હતું. એસએન્ડપી ૫૦૦ અને ડાઉ જોન્સ મંદીમાં પ્રવેશ્યા છે.

એઆઈ શેરોમાં જંગી વેચવાલીથી નાસ્ડેકે આખા વર્ષનો નફો એક જ દિવસમાં ગુમાવ્યો : એસએન્ડપી ૫૦૦, ડાઉ મંદીમાં

અમેરિકાના ઈક્વિટી બજારમાં શુક્રવારે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ સત્રમાં ભારે ખાનાખરાબી જોવા મળી હતી. છ વર્ષના ઈતિહાસમાં કોઈ એક સપ્તાહમાં જંગી ખાનાખરાબી થઈ હોય તેવું આ સપ્તાહમાં પહેલી જ વખત જોવા મળ્યુ હતું. વૈશ્વિક ફન્ડોનું ભારત તરફ વધી રહેલુ આકર્ષણ પણ આ ખાનાખરાબીનું એક કારણ મનાય છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) કંપનીઓના કામકાજ તથા એઆઈ ક્ષેત્રે રોકાણ ઘટી જવાની ચિંતાએ આ ખાનાખરાબી જોવા મળી છે.

આ સપ્તાહના અંતે અમેરિકન ટેક્નોલોજી કંપનીઓના મુખ્ય ઈન્ડેક્સ નાસ્ડેકની માર્કેટ કેપમાં ૬ લાખ કરોડ ડોલરનો કડાકો બોલાયો હતો. આ રકમને રૂપિયાના સંદર્ભમાં જઈએ તો તે રૂ. ૫૬૦ લાખ કરોડ જેટલી થવા જાય છે. શુક્રવારે એઆઈ શેરોની વેચવાલીના

(અનુસંધાન ૧૫મે પાને)

રેલવેના સફાઈ કર્મીએ લાખો રૂપિયા ભરેલી બેગ સિંગાપોરના પર્યટકને પરત કરી

વારાણસી,તા.૨૧

ભારતમાં કાશીભ્રમણ કરવા આવેલા સિંગાપોરના વિદેશી પર્યટકે ટ્રેનમાં ભૂલી જવાયેલી લાખોની રોકડ ભરેલી બેગ, યથાવત પાછી મળી આવતા રેલવે-કર્મચારીની પ્રામાણિકતાને બિરદાવી છે.

કાશીભ્રમણ માટે આવેલા વિદેશી પર્યટકે ગરીબ ભારતીયની ઈમાનદારીને બિરદાવી

આ પ્રવાસી વારાણસી વંદે ભારત એક્સપ્રેસમાં પ્રવાસ કર્યા પછી ટ્રેનમાંથી ઊતર્યા, પરંતુ ઉતાવળમાં બેગ લેવાનું ભૂલી ગયા. ટ્રેન યાર્ડમાં પહોંચી એ પછી એની સાફ-સફાઈ કરતા રેલવેકર્મીની નજર સીટ પર પડેલી બેગ પર પડી. એમણે બેગ ખોલીને જોયું તો એમાં ભારતીય ચલણી નોટો ઉપરાંત વિદેશી કરન્સી પણ હતી. પ્રવાસીએ બેગમાં લગભગ ૨.૧૧ લાખ રૂપિયાની સાથે હજારો ડોલર પણ મૂક્યા હતા. સફાઈ સેવકે પ્રામાણિકતા દાખવીને એ બેગ વિના વિલંબે રેલવે-અધિકારીઓને સોંપી દીધી.

પેલી બાજુ, પૈસા ભરેલી બેગ ખોવાઈ હોવાની માહિતી મળતા વિદેશી પર્યટક એમના ગાઈડની સાથે બેગ શોધતા કૈંટ રેલવે સ્ટેશને પહોંચ્યા. એમણે રેલવે-અધિકારીઓને બેગ અને એમાં મૂકાયેલી રોકડ વિષે વાત કરી. રેલવે સ્ટેશન ખાતે આ પરદેશી પ્રવાસીની જરૂરી પૂછપરછ અને ઓળખાણ વગેરે મેળવ્યા પછી એમની રકમ સહિત આખી બેગ સુરક્ષિતપણે એમને પાછી સોંપી દેવાઈ.

બેગમાં મૂકાયેલી સંપૂર્ણ રકમ સુરક્ષિત પાછી મળી આવતા વિદેશી પ્રવાસીએ ચેનનો શ્વાસ લીધો. એમણે રેલકર્મીઓની પ્રામાણિકતાને બિરદાવતા કહ્યું કે ભારતમાં એમને આવો સારો અનુભવ થતાં એમનો ભારતીયો પરનો ભરોસો વધુ મજબૂત થયો છે.

એમણે ભારતીય રેલવે અને એના કર્મચારીઓના વ્યવહારને બિરદાવ્યો.

દિલ્હી પોલીસના ચાર રાજ્યોમાં ૧૭ સ્થળે દરોડા

વોટ્સએપ પર એપીકે ફાઈલ મોકલીને ૨૨ હજાર લોકો સાથે છેતરપિંડી, ૨૨ ઝડપાયા

નવી દિલ્હી, તા. ૨૧

વોટ્સએપ પર એપીકે ફાઈલ મોકલીને ૨૨ હજારથી વધુ લોકો સાથે છેતરપિંડીનો પર્દાફાશ થયો છે, પોલીસે દેશવ્યાપી નેટવર્ક સાથે સંકળાયેલા ૧૭થી વધુ સ્થળે દરોડા પાડ્યા હતા અને ૨૨થી વધુ આરોપીઓની ધરપકડ કરી હતી. ૨૨ હજાર મોબાઈલમાં એપીકે ફાઈલો મોકલવામાં આવી હોવાનો તપાસમાં ખુલાસો થયો છે.

૨૨ હજારથી વધુ મોબાઈલમાં એપીકે ફાઈલ મોકલાઈ લાખોની છેતરપિંડી કરાઈ, દેશવ્યાપી ગેંગનો પર્દાફાશ

દિલ્હી પોલીસે ચાર રાજ્યોના આઠ જિલ્લામાં દરોડા પાડ્યા હતા, આ દરમિયાન ૬૮થી વધુ મોબાઈલ સાથે આરોપીની ગેંગને ઝડપી પાડી હતી. આ ગેંગ દેશભરમાં અત્યાર સુધીમાં ૨૨ હજારથી વધુ લોકો સાથે છેતરપિંડી કરી ચુકી છે. દિલ્હી પોલીસના વેસ્ટ જિલ્લાની સાઈબર ટીમને સાઈબર ઠગીની ફરિયાદો મળી હતી, આ મામલાઓની તપાસ દરમિયાન સામે આવ્યું કે લગભગ તમામ કેસમાં લોકો સાથે છેતરપિંડી કરવાની પદ્ધતી એક સરખી છે. લોકોને વોટ્સએપ દ્વારા એપીકે ફાઈલ મોકલવામાં આવે છે.

દિલ્હી પોલીસની આશરે ૬૨ ટીમો ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ વગેરે સ્થળે એક સાથે ત્રાટકી હતી. આ સમગ્ર ફ્રોડનું મુખ્ય કેન્દ્ર ઝારખંડનું જામતાડા માનવામાં આવે છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના ગોરખપુર સહિત અન્ય વિસ્તારોમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. કેટલાક આરોપીઓએ ખેતરોમાં ભાગવાનો પ્રયાસ કર્યો હતો જોકે અંતે તેઓ ઝડપાઇ ગયા હતા. આ ગેંગ દ્વારા આશરે ૨૨૦૦૦ મોબાઈલમાં વોટ્સએપ પર એપીકે ફાઈલો મોકલવામાં આવી હતી. એપીકે ફાઈલ એન્ડ્રોઈડ ફોનમાં એપ

(અનુસંધાન ૧૫મે પાને)

બે યુવા કોંગ્રેસ નેતાના એકાઉન્ટ બ્લોક થતાં ભડકો

હૈદરાબાદમાં મેટાની ઓફિસમાં કોંગ્રેસ કાર્યકરોએ તોડફોડ કરી

હૈદરાબાદ, તા.૨૧

તેલંગાણા યૂથ કોંગ્રેસના કાર્યકરોએ હૈદરાબાદમાં મેટાની ઓફિસમાં તોડફોડ કરી હતી. યુવા કોંગ્રેસ સંગઠનના બે પદાધિકારીઓના એકાઉન્ટ પર મૂકાયેલા પ્રતિબંધના વિરોધના ભાગરૂપે તેમણે આ તોડફોડ કરી હતી. તેમણે મેટા પર રાજકીય દખલનો આરોપ પણ મૂક્યો હતો અને કેટલીક પોસ્ટ પરનો પ્રતિબંધ હટાવવા માગ કરી હતી.

ભાજપ-આરએસએસની ટીકા કરતા અવાજો દબાવવા માટે એકાઉન્ટ સસ્પેન્ડ કરાયાનો દાવો

કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ જક્કીદી શિવચરણ રેડ્ડીના નેતૃત્વમાં કાર્યકરોએ મેટા અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. મેટાએ યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય ભાનુ ચિબ અને રાષ્ટ્રીય

(અનુસંધાન ૧૩મે પાને)

કોમેડી સિરીઝ અબોટ એલીમેન્ટ્રીનું સેલિબ્રેશન



પોપ્યુલર કોમેડી સિરીઝ અબોટ એલીમેન્ટ્રીના ૧૦૦ એપિસોડ થતા સ્પેશિયલ સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. ક્વિંટા બ્રૂનસને બનાવેલી સિરીઝ ફિલાડેલ્ફિયાની એક ગર્વમેન્ટ સ્કૂલની આસપાસ ફરે છે. અબોટ એલીમેન્ટ્રી કદાચ દર્શકોને એટલે વધારે પસંદ આવી રહી છે કારણ કે, તે ક્વિટા બ્રૂનસની માતાના જીવનથી પ્રેરિત છે. ક્વિટાની માતાએ ૪૦ વર્ષ સુધી એલીમેન્ટ્રી સ્કૂલમાં સેવા આપી હતી. આ સિરીઝને દર્શકો દ્વારા ૧૦માંથી ૮.૨ની શાનદાર રેટિંગ આપવામાં આવી છે.

એઆઈ કુશળ કારીગરોની નોકરી નહીં લઈ શકે : પીએમ

સોનું નહીં ખરીદવાની મારી સલાહ માની એટલે પ્રજાના પૈસા બચ્યા : મોદી

લખનઉ, તા.૨૧

આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદીમાં જંગી કડાકો બોલાયો છે તેવા સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને એક વર્ષ પહલાં સોનું નહીં ખરીદવાની સલાહની યાદ અપાવી હતી. લખનઉના ઈન્દિરા ગાંધી પ્રતિષ્ઠાનમાં આઈટીઆઈ યુવાનોને સંબોધન કરતા પીએમ મોદીએ કહ્યું, મેં ગયા વર્ષે દેશવાસીઓને એક વર્ષ સુધી સોનું-ચાંદી નહીં ખરીદવા સલાહ આપી હતી. આ સલાહ માનતા પ્રજાના પૈસા બચી ગયા.

ભારતે છેલ્લા ૧૨ વર્ષમાં બતાવી દીધું તે હદો તોડી શકે છે, નવી સંભાવનાઓના દરવાજા ખોલી શકે છે

લખનઉમાં પાંચમા રાષ્ટ્રીય કૌશલ વિકાસ કાર્યક્રમમાં પહોંચેલા વડાપ્રધાન મોદીએ યુવાનોને કહ્યું, મેં ગયા વર્ષે લોકોને એક વર્ષ માટે સોનું નહીં ખરીદવા સલાહ આપી હતી. લોકોએ મારી સલાહ માની અને સોનું-ચાંદી ખરીદવાનું ટાળ્યું. આજે તેની અસર જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી સોના અને ચાંદીના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. મારી સલાહ માનતા પ્રજાના પૈસા બચી ગયા.

તેમણે ઉમેર્યું કે, આજના સમયમાં એઆઈ લોકોની નોકરીઓ છીનવી લેશે જેવી અનેક વાતો થઈ રહી છે, પરંતુ મારું કહ્યું માનો કુશળ કારીગરની આજીવિકા કોઈ ઝુંટવી શકશે નહીં. આક્રમણખોરોએ ભારતના પરંપરાગત સ્કિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ભારે નુકસાન પહોંચાડ્યું અને પરંપરાગત કારીગીરીને નિશાન બનાવી હતી. પાછળથી બ્રિટિશરોએ ક્લર્કો બનાવવા માટે તેમની શૈક્ષણિક વ્યવસ્થા રજૂ કરી હતી. પરંતુ હવે સમય બદલાયો છે અને ભારત વિશ્વની કુશળ કારીગરોની રાજધાની બની રહ્યું છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, સમય બદલાઈ રહ્યો છે. કાગળના સર્ટિફિકેટ લઈને ફરતા લોકો કરતા તેમના કરતાં વધુ કુશળ કારીગરી હોય તેવા લોકોની

(અનુસંધાન ૧૩મે પાને)



અમરેલીમાં ૧૧.૪ ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડી

ગુજરાતમાં આખરે ઠંડીની જમાવટ, ૭ શહેરમાં ૧૫ ડિગ્રીથી નીચું તાપમાન

અમદાવાદ, શનિવાર

ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. અનેક શહેરમાં લઘુતમ તાપમાનનો પારો ગગડતાં વહેલી સવારે અને મોડી રાત્રિના ઠંડી અનુભવાય છે. અમરેલીમાં ૧૧.૪ ડિગ્રી સાથે રાજ્યમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ચાર દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં તબક્કાવાર ચાર ડિગ્રી સુધીનો વધારો થતાં ઠંડીમાં આંશિક ઘટાડો અનુભવાઈ શકે છે.

હવામાન નિષ્ણાતોના મતે ગુજરાતમાં અચાનક ઠંડીનો ચમકારો અનુભાવવા પાછળ મુખ્યત્વે ઉત્તર ભારત તરફથી ફૂંકાતા ઠંડા પવનો અને વાતાવરણમાં આવેલા ફેરફારો જવાબદાર છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ઉત્તર ભારતના ઠંડા વિસ્તારમાંથી આવતા પવનો ગુજરાતનું તાપમાન ઘટાડે છે. નવેમ્બરના પ્રારંભે ઠંડીની અસર ઓછી હતી પણ પવનની દિશા બદલાતા રાજ્યના અનેક વિસ્તારમાં લઘુતમ તાપમાનમાં ૨ થી ૫ ડિગ્રીનો ઘટાડો થયો છે.

અલબત્ત, ૨૨થી ૨૪ નવેમ્બર દરમિયાન વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સની અસરથી તાપમાનમાં ચાર ડિગ્રી સુધીનો ઘટાડો થતાં ઠંડીમાં થોડો સમય રાહત મળી શકે છે.

ગત રાત્રિના રાજ્યમાંથી જ્યાં ૧૫ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું તેમાં અમરેલી ઉપરાંત નલિયા, ગાંધીનગર, રાજકોટ, વડોદરા, જુનાગઢ, પોરબંદરનો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં ૧૨ અને અમદાવાદમાં ૧૬ ડિગ્રી સાથે સિઝનનું સૌથી નીચું તાપમાન નોંધાયું હતું.

અમદાવાદમાં આજે ૩૦.૨ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૪ ડિગ્રીનો ઘટાડો થયો હતો. આગામી એક સપ્તાહ અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૭થી ૨૦ ડિગ્રીની આસપાસ રહેશે.

ક્યાં સૌથી નીચું તાપમાન?

શહેર	તાપમાન	શહેર	તાપમાન
અમરેલી	૧૧.૪	હિંમતનગર	૧૬.૦
નલિયા	૧૧.૮	સુરેન્દ્રનગર	૧૬.૪
ગાંધીનગર	૧૨.૦	સુરત	૧૬.૬
રાજકોટ	૧૩.૨	ભાવનગર	૧૬.૮
વડોદરા	૧૩.૪	દાહોદ	૧૭.૦
જુનાગઢ	૧૪.૦	વલસાડ	૧૭.૦
પોરબંદર	૧૪.૦	કંડલા	૧૭.૨
અમદાવાદ	૧૬.૦	ભુજ	૧૭.૩
ડીસા	૧૬.૦	દ્વારકા	૧૯.૧

આગામી પાંચ દિવસ માટે અમદાવાદનું સંભવિત તાપમાન?

તારીખ	તાપમાન
૨૨	૧૯.૦
૨૩	૧૮.૦
૨૪	૧૮.૦
૨૫	૧૭.૦
૨૬	૧૭.૦

અમદાવાદમાં ૧૬ ડિગ્રી સાથે સિઝનનું સૌથી નીચું તાપમાન, પાંચ દિવસમાં લઘુતમ તાપમાનમાં પાંચ ડિગ્રીનો ઘટાડો

અમદાવાદ-દિલ્હીની સ્પાઇસ જેટ ફ્લાઇટ ફરી કેન્સલ, મુસાફરો રઝળ્યા


અમદાવાદ,શનિવાર

સ્પાઇસ જેટની ફ્લાઇટમાં સમસ્યા યથાવત્ રહેતાં હવે અમદાવાદ-દિલ્હીની ફ્લાઇટ કેન્સલ થઈ છે અને જેના પગલે ૧૦૦ જેટલા મુસાફરો અટવાઈ પડ્યા હતા. સ્પાઇસ જેટની ફ્લાઇટ રાત્રે ૧૦:૧૫ના રવાના થતી હોય છે. જેના માટે મુસાફરો એરપોર્ટમાં આવી પણ પહોંચ્યા હતા. થોડો સમય વિલંબ થશે તેવી એરલાઇન્સ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી અને આખરે રાત્રે ૧:૨૦ના કેન્સલેશનની જાહેરાત કરાતાં મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. આ ફ્લાઇટ છેલ્લા પાંચ દિવસમાં બીજી વાર કેન્સલ થઈ છે. દરમિયાન આજે અમદાવાદ-દુબઈની એમિરેટ્સની ફ્લાઇટ ૧ કલાક માટે મોડી પડી હતી.

રાત્રે ૧૦:૧૫ની ફ્લાઇટ કેન્સલ થયાની જાહેરાત રાત્રે ૧:૨૦ના કરાતાં મુસાફરોનો હોબાળો



બેસણું



અમારા સુપુત્ર અ.નિ. જેકી મુકેશભાઈ ઠક્કરનું દુઃખદ અવસાન થયેલ છે. જેમનું બેસણું તારીખ ૨૨-૧૧-૨૦૨૬, રવિવારના રોજ રાખેલ છે.

સમયઃ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક

સ્થળઃ દેશીલોહાણા વિદ્યાર્થીભવન વાડી નંબર- ૨, ફૂટબોલ ગ્રાઉન્ડ સામે, કાંકરીયા, અમદાવાદ.

યોગેશભાઈ બાબુલાલ ઠક્કર લિ. લતાબેન યોગેશભાઈ ઠક્કર
મુકેશભાઈ બાબુલાલ ઠક્કર રીટાબેન મુકેશભાઈ ઠક્કર
મોબાઈલ : ૯૮૨૫૫ ૧૨૬૨૬





બેસણું





